અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08

જાણીતી સિંગર ટેલર સ્વિફ્ટને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાશે, ઈન્ટરનેશનલ...

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	32.00	17.00
વડોદરા	32.00	17.00
સુરત	32.00	17.00

પેજ 5



સોના ચાંદીના ETFએ તેમની ચમક ગુમાવી, ૯ ટકા તૂટી વર્ષના તળિયે

22 NOVEMBER-2026 SUNDAY

અમેરિકાએ 5 દેશોમાં AI ચિપની નિકાસ પર લગાવ્યાં નિયંત્રણો



પેજ 10

.....સુવિચાર.....

કુંવારા લોકો ખુશીથી જીવી શકે છે પરંતુ પરિવાર સાથે રહેતા લોકો જ આ તહેવાર ઉજવી શકે છે.

પેજ-09

ન્યૂઝીલેન્ડની ધરતી પર KL રાહુલનો જલવો,એક સદી અને છ મોટા રેકોર્ડ



વર્ષ-16 । અંક-008 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

PM મોદીએ કહ્યું- 'AI તમારી રોજગારી નહીં છીનવી શકે, જેની પાસે કૌશલ્ય છે તેની જરૂરિયાત હંમેશાં રહેશે'

લખનૌમાં પમો રાષ્ટ્રીય કૌશલ્ય દીક્ષાંત સમારોહ

'મેં સોનું ઓછું ખરીદવા કહ્યું હતું, લોકોએ વાત માની અને પૈસા બચી ગયા': વડાપ્રધાન મોદીએ લાલ બહાદુર શાસ્ત્રીની અપીલને યાદ કરી વ્યક્ત કર્યો આભાર



IIT ખડગપુરના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર વડાપ્રધાને બહાર પાડ્યો સ્મારક સિક્કો: સેમિકન્ડક્ટર મિશન અને વિશ્વભરમાં ભારતીય કારીગરોની માંગ પર પ્રકાશ પાડ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.21

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઉત્તર પ્રદેશના લખનૌ ખાતે આયોજિત પમા રાષ્ટ્રીય કૌશલ્ય દીક્ષાંત સમારોહ માં ઉપસ્થિત રહીને દેશભરમાંથી આવેલા નેશનલ ટોપર્સનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે યુવાનોને સંબોધતા તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં રોજગારી છીનવાઈ જવાની આશંકાઓને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું હતું કે, 'જેની પાસે કૌશલ્ય (Skill) છે, તેની પાસેથી રોજગાર કોઈ છીનવી શકતું નથી. ITIમાં શીખેલું તમારું કૌશલ્ય આજે ભારતની સાચી ઊર્જા છે અને તમે જ વિકસિત ભારતનું નિર્માણ કરશો.'

સમારોહ પૂર્વે વડાપ્રધાન મોદીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી હતી. ઉલ્લેખનીય છે કે સીએમ યોગી શનિવારે જ હરિદ્વારમાં પોતાની માતા સાવિત્રી દેવીના અંતિમ સંસ્કાર પૂર્ણ કરીને બપોરે લખનૌ પહોંચ્યા હતા.

'સોનાના ભાવ ઘટ્યા અને લોકોના પૈસા બચી ગયા' :

PM મોદી પમો રાષ્ટ્રીય કૌશલ્ય દીક્ષાંત સમારોહ ૨૦૨૬ માં દેશવાસીઓના વિશ્વાસનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલાં તેમણે બિનજરૂરી રીતે સોનું ન ખરીદવા માટે દેશવાસીઓને અપીલ કરી હતી. ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની એક સમયનું ભોજન છોડવાની અપીલને યાદ કરતા મોદીએ કહ્યું કે, 'આ દેશનું ચરિત્ર એવું છે કે મારા જેવા સામાન્ય વ્યક્તિની વાત માનીને દેશવાસીઓએ સોનું ઓછું ખરીદ્યું, જેનાથી સોનાના ભાવ તૂટી ગયા અને આજે લોકો કહી રહ્યા છે કે અમારા પૈસા બચી ગયા.

IIT ખડગપુરની પ્લેટિનમ જ્યુબિલી:

IIT ખડગપુર પ્લેટિનમ જ્યુબિલી સિક્કો સેમિકન્ડક્ટર કાર્યક્રમ અંતર્ગત, શનિવારે સવારે વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળની પ્રતિષ્ઠિત સંસ્થા IIT ખડગપુર ની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વિશેષ સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો. વિદ્યાર્થીઓ સાથેના સંવાદ દરમિયાન વિદ્યાર્થીઓએ તેમને સ્મૃતિચિહ્નો અર્પણ કર્યા હતા.પોતાના ૨૩ મિનિટના સંબોધનમાં તેમણે ઇનોવેશન અને ડેવલપમેન્ટ પર ભાર મૂકતા જણાવ્યું કે, ૫૦ વર્ષ પહેલાં ભારતમાં સેમિકન્ડક્ટર બનાવવા આવેલી કંપનીને લાલ ઝંડો બતાવી રોકી દેવામાં આવી હતી.

News Brief

૧૪ યુવતીઓને લગ્નના નામે છેતરી ફરાર થયેલો ચીટર યુએઈથી પકડાયો

મુંબઈ: મહારાષ્ટ્રમાં લગ્નના બહાને ૧૪ મહિલાઓ સાથે છેતરપિંડી કેસમાં આરોપી મોહમ્મદ માઝીનનું યુએઈથી ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યુંછે.લગ્નના છેતરપિંડીના કેસમાં વોન્ટેડ આ આરોપીએ કથિત રીતે ૧૪ મહિલાઓનું જાતીય શોષણ કર્યું હતું. જેમાં એક મહિલા સાથે ૧૮ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. બાદમાં તે ભારત છોડીને ભાગી ગયો હતો. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને મહારાષ્ટ્ર પોલીસ સાથે સંકલનમાં રહીને રેડ કોર્નર નોટિસ બાદ મોહમ્મદ માઝીનને યુએઈથી દેશનિકાલ માટે મહત્વપૂર્ણ ઓપરેશન હાથધર્યું હતું. મહારાષ્ટ્ર પોલીસ દ્વારા નોંધાયેલા કેસમાં માઝીન વોન્ટેડ હતો. આરોપીએ એક પીડિતાને લગ્નના ખોટા વચન આપીને લલચાવી તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. તેનું શારીરિક, માનસિક શોષણ કર્યું કર્યું હતું.તેની પાસેથી ૧૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા.આ મામલામાં ચાર્જશીટ કોર્ટ સમક્ષ દાખલ થઈ ચૂકી છે. પોલીસ તપાસમાં આગળ જાણવા મળ્યું કે મોહમ્મદ માઝીને લગ્નના બહાને આવી જ રીતે અન્ય ૧૩ મહિલાઓનું શોષણ કર્યું હતું.

NEET પેપર લીક કેસમાં 14 આરોપીઓ સામે આરોપો નક્કી

(એજન્સી) નવી દિલ્હી | તા.21

દિલ્હીની ફાસ્ટ ટ્રેક કોર્ટે શનિવારે NEET-UG 2026 પેપર લીક કેસમાં તમામ 14 આરોપીઓ સામે ઔપચારિક રીતે આરોપો નક્કી કર્યા. તેમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સાથે સંકળાયેલા ત્રણ વિષય નિષ્ણાતો પણ સામેલ છે.તમામ આરોપીઓને રાઉઝ એવન્યુ કોર્ટમાં વિશેષ ન્યાયાધીશ અજય ગુપ્તા સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તેમણે પોતાને નિર્દોષ ગણાવ્યા અને કેસનો સામનો કરવાની વાત કહી. કોર્ટે આરોપીઓ સામે કાવતરું, છેતરપિંડી, ગુનાહિત વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર સહિતના અનેક આરોપો નક્કી કર્યા છે.આ કેસની દૈનિક સુનાવણી 25 નવેમ્બરથી થશે. NEET-UG 2026ની પરીક્ષા 3 મેના રોજ યોજાઈ હતી, જેમાં આશરે 22 લાખ



ઉમેદવારો જોડાયા હતા. પેપર લીકના આરોપો સામે આવ્યા બાદ NTAએ 12 મેના રોજ પરીક્ષા રદ કરી દીધી હતી. ત્યારબાદ 21 જૂને ફરીથી પરીક્ષા યોજાઈ હતી.દિલ્હીની અદાલતે 18 નવેમ્બરે 206 પાનાના આદેશમાં તમામ 14 આરોપીઓ વિરુદ્ધ આરોપ નક્કી કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ આરોપીઓ વિરુદ્ધ ગુનાહિત કાવતરું, છેતરપિંડી, ગુનાહિત વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર સહિતના અનેક ગુનાઓના પૂરતા પુરાવા છે.અદાલતના જણાવ્યા અનુસાર, આરોપીઓએ NTAની ગુપ્ત પરીક્ષા સામગ્રી ગેરકાયદેસર રીતે મેળવી, તેને એકબીજા સુધી પહોંચાડી અને તેનો ઉપયોગ કર્યો. કોર્ટે તેને સંગઠિત કાવતરાનો ભાગ ગણાવ્યો.કોર્ટ મુજબ, મનીષા ગુરુનાથ મંધારે, પીવી કુલકર્ણી અને મનીષા સંજય હવાલદાર NTA માટે કામ કરી રહ્યાં હતાં. તેથી તેમને લોક સેવક માનવામાં આવ્યા છે. આરોપ છે કે ત્રણેયે અન્ય આરોપીઓ સાથે મળીને પરીક્ષાના ગુપ્ત પ્રશ્નો ગેરકાયદેસર રીતે મેળવ્યા હતા.મંધારે બાયોલોજી, પીવી કુલકર્ણી કેમિસ્ટ્રી અને હવાલદાર ફિઝિક્સની નિષ્ણાત હતાં.

મૃતદેહ લઈને જતી એમ્બ્યુલન્સનો ગમખ્વાર અકસ્માત સર્જાતા વધુ 5ના મોત, પૂર્વાંચલ એક્સપ્રેસ વે લોહિલુહાણ

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.21

ઉત્તર પ્રદેશના બારાબંકીમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર શનિવારે વહેલી સવારે એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં 5 લોકોના કરૂણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટના થાણા સુબેહા વિસ્તારના ઘેરાવન ગામ નજીક પૂર્વાંચલ એક્સપ્રેસ-વેના 53.3 કિલોમીટર પોઈન્ટ પાસે સવારે અંદાજે 6:30 વાગ્યે બની હતી. રાજસ્થાનના જયપુરથી એક મૃતદેહ લઈને ગાઝીપુર જઈ રહેલી પૂરપાટ ઝડપે આવતી એમ્બ્યુલન્સ આગળ ઉભેલા પિકઅપ વાહનમાં પાછળથી ધડાકાભેર ઘૂસી ગઈ હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે એમ્બ્યુલન્સમાં સવાર તમામ 5 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મૃતકોમાં એમ્બ્યુલન્સના બે ડ્રાઈવર અને અન્ય ત્રણ લોકોનો સમાવેશ થાય છે.અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ પાંચેય લોકોને મૃત જાહેર કર્યા હતા. પોલીસે તમામ મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને અકસ્માત અંગે જરૂરી વિગતો એકત્ર કરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

છેડતી બાદ ચંપલ-દંડા વડે માર્યા... મુંબઈમાં કપલ સાથે સગીરોની ગુંડાગર્દીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ



(એજન્સી) મુંબઈ | તા.21

મુંબઈના કુર્લા વિસ્તારમાં એક યુવક-યુવતી સાથે બદસલૂકી અને મારામારીની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. ફીનિક્સ મોલ નજીક આવેલા મહાનગરપાલિકાના ઉદ્યાનમાં બંને ફોટો પડાવી રહ્યા હતા ત્યારે 8 થી 10 સગીર છોકરાઓએ તેમની સાથે અભદ્રતા શરૂ કરી હતી અને વિરોધ કરતા મારામારી કરી હતી. વાઈરલ થયેલા વીડિયોમાં કપલ ગાર્ડનમાં ફોટો ખેંચતું જોવા મળે છે, ત્યારે ત્યાં હાજર 7-8 છોકરાઓ બંને પર અશ્લીલ ટિપ્પણીઓ કરવા લાગે છે. કપલ વિરોધ કરે છે ત્યારે છોકરાઓ છેડતી અને મારામારી શરૂ કરી દે છે.વીડિયોમાં એક સગીર ચપ્પલ જેવી વસ્તુ વડે યુવકને મારતો અને બીજો છોકરો યુવતીના માથા પર દંડાથી પ્રહાર કરતો દેખાય છે. ત્યારબાદ બંને પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થાય છે, જેનો વીડિયો ત્યાં હાજર લોકોએ ઉતારીને વાઈરલ કર્યો હતો.પીડિતોની ફરિયાદના આધારે ઘાટકોપર પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને 8 સગીરોને કસ્ટડીમાં લીધા છે. પોલીસ ઉપાયુક્ત ગણેશ શિંદેના જણાવ્યા મુજબ, આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 189(2), 189(4), 118(1), 352 અને 351(2) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.તમામ આરોપીઓને કિશોર ન્યાય બોર્ડ (Juvenile Justice Board) સમક્ષ રજૂ કરવામાં આવશે અને પોલીસ આ મામલે આગળની કાયદેસરની તપાસ કરી રહી છે. અગાઉ બિહારના જમુઈમાં પણ કોચિંગ સેન્ટરના સગીર વિદ્યાર્થી-વિદ્યાર્થીની સાથે મારામારી અને છેડતીનો વીડિયો વાઈરલ થયો હતો.આ વાઈરલ વીડિયો અને ઘટના બાદ રાજકીય પ્રતિક્રિયાઓ પણ સામે આવી છે. ભાજપ નેતા કિરીટ સોમૈયાએ કડક કાર્યવાહીની માંગ કરી છે અને જણાવ્યું છે કે ૫ બાળકોના માતા-પિતાને નોટિસ પાઠવવામાં આવી છે. બીજી તરફ શિવસેના (UBT) એ પણ આ ઘટનાની સખત નિંદા કરી છે.

રાજસ્થાનમાં સત્તાના સેમિફાઈનલમાં ભાજપને કેમ ઝટકો લાગ્યો, કોંગ્રેસની જીતના આ છે 3 કારણો

(એજન્સી) નવી દિલ્હી | તા.21

વિધાનસભા ચૂંટણી પહેલા સત્તાનો સેમીફાઈનલ ગણાતા પંચાયતીરાજ ચૂંટણીના પરિણામોએ રાજસ્થાનના ગ્રામીણ રાજકારણમાં મોટો ઉલટફેર સર્જ્યો છે. 37 જિલ્લાઓમાં જાહેર થયેલા જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિના સભ્યોના પરિણામોમાં વિપક્ષને નવી સંજીવની મળી છે. કોંગ્રેસે ન માત્ર પોતાનો જનાધાર વધાર્યો છે, પરંતુ પંચાયત સમિતિઓમાં પણ ભાજપ કરતા ઘણી આગળ નીકળી ગઈ છે.રાજકીય પક્ષોના દાવા મુજબ, 24 જિલ્લામાં કોંગ્રેસને બહુમતી મળી છે, જ્યારે ભાજપ માત્ર 5 જિલ્લામાં જ બહુમતી મેળવી શક્યું છે. 1 જિલ્લામાં રાલોપા (RLP)ને બહુમતી મળી છે અને 7 જિલ્લામાં જોડતોડ વગર સત્તા મળવી મુશ્કેલ છે. પંચાયત સમિતિઓમાં પણ



કોંગ્રેસ અંદાજે 269 જગ્યાએ પ્રધાન બનાવવાની સ્થિતિમાં છે, જ્યારે ભાજપનો આંકડો 73ની આસપાસ સમેટાતો દેખાઈ રહ્યો છે.રાજ્ય ચૂંટણી પંચે 37 જિલ્લા પરિષદોના 1,275 અને 419 પંચાયત સમિતિઓના 7,543 વોર્ડના પરિણામો જાહેર કર્યા છે, જેમાં કુલ 29,177 ઉમેદવારો મેદાનમાં હતા અને 2,48,63,783 મતદાન થયું હતું. હવે 25 નવેમ્બરે જિલ્લા પ્રમુખ, 26 નવેમ્બરે ઉપ જિલ્લા પ્રમુખ, 27 નવેમ્બરે પ્રધાન અને 28 નવેમ્બરે ઉપ પ્રધાનની ચૂંટણી યોજાશે.આ ચૂંટણીમાં હનુમાન બેનીવાલની રાલોપા (RLP) અને સાંસદ રાજકુમાર રોતની ભારત આદિવાસી પાર્ટી (BAP) એ ત્રીજી તાકાત તરીકે મજબૂત હાજરી નોંધાવી છે. હનુમાન બેનીવાલની પાર્ટીએ નાગૌર અને આસપાસના વિસ્તારોથી આગળ વધીને જયપુરની સાંગાનેર પંચાયત સમિતિ અને જયપુર જિલ્લા પરિષદમાં પણ ખાતું ખોલાવ્યું છે; પાર્ટીએ જિલ્લા પરિષદમાં 37 અને પંચાયત સમિતિમાં 496 વોર્ડ જીત્યા છે.બીજી તરફ, આદિવાસી બહુમતી ધરાવતા વિસ્તારોમાં રાજકુમાર રોતની BAPએ જિલ્લા પરિષદમાં 22 અને પંચાયત સમિતિમાં 276 વોર્ડમાં જીત મેળવી છે, જોકે પ્રાથમિક આંકડાઓમાં પંચાયત સમિતિની જીત 297 આસપાસ બતાવાઈ હતી.

નવી મુંબઈ એરપોર્ટ પર એક જ દિવસમાં ૨૭ હજાર પ્રવાસી નોંધાયા

મુંબઈ : નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૯ નવેમ્બરે વિમાનમથક પર એક જ દિવસમાં સૌથી વધુ ૨૧૨ વિમાનોની અવરજવર નોંધાઈ હતી, જ્યારે ૨૭ હજારથી વધુ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી.૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ કમર્શિઅલ વિમાની સેવા શરૂ થયા બાદ એક જ દિવસમાં નોંધાયેલી આ અત્યાર સુધીની સૌથી મોટી પ્રવાસી સંખ્યા છે. વિમાનમથકના સંચાલક દ્વારા શુક્રવારે જાહેર કરાયેલી વિગતો મુજબ, કુલ ૨૧૨ વિમાની અવરજવરમાં ૧૭૩ નિયમિત પેસેન્જર ફ્લાઇટ, ૨૦ કાર્ગો ફ્લાઇટ અને ૧૯ અન્ય વિમાની સેવાઓનો સમાવેશ થાય છે.નિયમિત પેસેન્જર ફ્લાઇટમાં ૮૭ વિમાનોનું આગમન અને ૮૬ વિમાનોનું ઉડ્ડયન નોંધાયું



હતું. કાર્ગો સેવાઓમાં ૧૦ વિમાનોનું આગમન અને ૧૦નું પ્રસ્થાન થયું હતું, જ્યારે અન્ય વિમાની સેવાઓમાં આઠ આગમન અને ૧૧ પ્રસ્થાન નોંધાયાં હતાં.હાલ આ એરપોર્ટ વર્ષે બે કરોડ પ્રવાસીને હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે. સંપૂર્ણ વિકસિત થયા બાદ તેની ક્ષમતા વર્ષે નવ કરોડ પ્રવાસીને હેન્ડલ કરવાની થશે.

નવી મુંબઈના કળંબોલીમાં એક જ કૂતરું ૨૧ લોકોને કરડયું

મુંબઈ : નવી મુંબઈમાં વધતા જતા રખડતા કૂતરાના ત્રાસ વચ્ચે કળંબોલીમાં એક જ દિવસમાં એક કૂતરૂ ૨૧ જણને કરડતા દહેશત વ્યાપી હતી. તરત જ આ બધા હડકવા વિરોધી રસીના ઈન્જેક્શન લેવા માટે સાર્વજનિક હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. કળંબોલીમાં રાતના સમયે જાણે હડકવા ઉપડયો હોય એમ રઝળતા કૂતરાએ એક પછી એક ૨૧ જણને બચકાં ભરી લીધા હતા. આને કારણે ઉહાપોહ મચી ગયો હતો. તરત જ જખમીઓને સારવાર આપવામાં આવી હતી અને ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા.આ ઘટનાની જાણ થતાં પાલિકાની ટીમ દોડી આવી હતી અને કરડકણા કૂતરાને પકડીને લઇ ગઇ



હતી એ પછી થોડા સમયમાં શ્વાનનું મૃત્યુ થયું હતું. એટલે તેને હડકવા ઉપડયો હોવાની શંકા છે. કળંબોલી ઉપરાંત પનવેલમાં પણ કૂતરાના વધતા ત્રાસ સામે લોકોએ પાલિકામાં ફરિયાદો કરી છે.

પાણીનો બગાડ ટાળવા આકરાં પગલાં

વિરારમાં ઘરની પાણીની ટાંકી ઓવરફ્લો થાય તો એક હજાર દંડ

મુંબઈ : વસઈ-વિરારમાં પાણીની અછતને પગલે ટૂંક સમયમાં દસ ટકા પાણી કાપ લાગુ કરવામાં આવનાર છે. પાણીનો બગાડ અટકાવવા માટે વસઈ-વિરાર મહાનગરપાલિકાએ કડક નિયંત્રણો લાદ્યા છે. પાણીની ટાંકી ઓવરફ્લો થવા સહિતના નિયમભંગ બદલ દંડ વસૂલવા ઉપરાંત અનધિકૃત પાણીનાં જોડાણો સામે ફોજદારી કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.મહાનગરપાલિકાના નિયમ મુજબ, ઘરની પાણીની ટાંકી ઓવરફ્લો થાય તો એક હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે, જ્યારે ઈમારતની ભૂગર્ભ પાણીની ટાંકી ઓવરફ્લો થાય તો બે હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. પીવાના પાણીનો બિનજરૂરી ઉપયોગ અટકાવવા માટે મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા તમામ જાહેર વાહન ધોવાનાં કેન્દ્રો તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જો કે, ખાનગી બોરવેલ અથવા કૂવાના પાણીનો ઉપયોગ કરતાં ખાનગી વાહન ધોવાનાં કેન્દ્રોને અઠવાડિયામાં માત્ર ત્રણ દિવસ એટલે કે રવિવાર,



મંગળવાર અને ગુરુવારે જ ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે.આ ઉપરાંત, ખાનગી અને જાહેર સ્વિમિંગ પુલ તેમજ ઉદ્યાનોમાં પીવાના પાણીનો ઉપયોગ સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. શહેરમાં ક્યાંય પણ અનધિકૃત અથવા મોટા કદનાં પાણીનાં પાઇપ કનેક્શન મળી આવશે તો તેને તાત્કાલિક કાપી નાખવામાં આવશે. આવા કિસ્સામાં પાંચ હજાર રૂપિયાનો દંડ વસૂલવાની સાથે ફોજદારી કેસ પણ નોંધવામાં આવશે.બીજી તરફ, પાણીનાં ટેન્કરમાંથી પાણી લીક થતું જણાશે તો ટેન્કરના માલિક પાસેથી દસ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. પાણીની અછતને ધ્યાનમાં રાખીને નાગરિકો પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરે અને મહાનગરપાલિકાના નિયમોનું પાલન કરે એવી અપીલ મ્યુનિસિપલ કમિશનર પૃથ્વીરાજ બી.પી.એ કરી છે.

સીમાંકન બિલ પર સસ્પેન્સ: ચોમાસુ સત્રને 100 દિવસ પૂરા થયા છતાં સત્રાવસાન નહીં, 2008નો રેકોર્ડ તૂટ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.21

મહિલા અનામત લાગુ કરવા માટે મતવિસ્તારોના પુનર્ગઠનને જોડતા બંધારણ સુધારા બિલને પસાર કરવા કેન્દ્ર સરકાર વિશેષ બેઠક અંગે વિચારણા કરી રહી છે, ત્યારે શનિવારે સંસદનું ચોમાસુ સત્ર રેકોર્ડ 100 દિવસ સુધી સત્રાવસાન કર્યા વિના જ ચાલુ રહ્યું હતું.કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે લોકસભામાં આ બિલ પસાર કરવા માટે જરૂરી બે-તૃતીયાંશ બહુમતી મેળવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હજુ પણ પ્રયાસ કરી રહ્યા છે. 13 ઓગસ્ટના રોજ બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા હતા, પરંતુ શનિવાર સવાર સુધી સત્રાવસાનની ઔપચારિક જાહેરાત થઈ ન હતી.

અગાઉ વર્ષ 2008માં 87 દિવસનો રેકોર્ડ નોંધાયો હતો. જયરામ રમેશે 'X' પર લખ્યું હતું કે ચોમાસુ સત્ર સ્થગિત થયાને આજે 100મો દિવસ છે અને 'PM-HM જોડી' હજુ પણ મતવિસ્તાર પુનર્ગઠન અંગેનું બંધારણ સુધારા બિલ પસાર કરવા માટે બે-તૃતીયાંશ બહુમતી શોધી રહી છે.કેન્દ્ર સરકાર વિશેષ અથવા લંબાવેલી બેઠક અંગે વિચારણા કરી રહી છે અને અગાઉ સરકારી સૂત્રોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ બિલ 15થી 18 મતોથી લોકસભામાં પસાર થઈ જશે. જોકે, સરકારે હજુ સુધી તારીખો કે બેઠક કેટલા દિવસ ચાલશે તે જાહેર કર્યું નથી, જેના કારણે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ થનારા શિયાળુ સત્રના સમયને લઈને પણ અટકળો શરૂ થઈ છે.નિયમ મુજબ ચાલુ સત્રની લંબાવેલી બેઠક માટે ઓછામાં ઓછી 2 દિવસની અને નવા સત્ર માટે 14 દિવસની નોટિસ જરૂરી છે, જ્યારે બંધારણમાં સત્રાવસાન માટે કોઈ સમયમર્યાદા નક્કી નથી. ચર્ચા હેઠળના આ સુધારાથી લોકસભાની બેઠકો 543થી વધીને મહત્તમ 850 થઈ શકે છે, જેનાથી 2029ની લોકસભા ચૂંટણી પહેલા સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામતનો માર્ગ મોકળો થશે.

દક્ષિણના રાજ્યોની ચિંતા દૂર કરવા દરેક રાજ્યમાં 50 ટકા બેઠકો વધારવા અથવા 1971ની વસ્તીગણતરી મુજબ રાજ્યો વચ્ચેનો વર્તમાન હિસ્સો જાળવી રાખવા જેવા વિકલ્પો વિચારણા હેઠળ છે, પરંતુ અંતિમ નિર્ણય બાકી છે.જયરામ રમેશે સવાલ ઉઠાવ્યો હતો કે 17 એપ્રિલ, 2026ના રોજ જૂનું બિલ મોટા અંતરથી પરાજિત થયા બાદ નવા બિલમાં શું હશે તેની કોઈને જાણ નથી અને કોઈ પણ રાજકીય પક્ષ સાથે ગંભીર ચર્ચા થઈ નથી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને 4 પત્રો લખ્યા હોવા છતાં સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી નથી.અગાઉ જયરામ રમેશે લોકસભાની બેઠકો 543 રાખીને, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ યથાવત રાખીને, મહિલાઓને એક-તૃતીયાંશ અનામત આપીને 25 વર્ષ સુધી વ્યવસ્થા સ્થિર રાખવાની ફોર્મ્યુલા આપી હતી, પરંતુ શનિવારની પોસ્ટમાં તેમણે કહ્યું કે આ સ્થિરતા 'વિકસિત ભારત'નું લક્ષ્ય સિદ્ધ થાય ત્યાં સુધી રહેવી જોઈએ.

ભાજપના રાજમાં ગુજરાતના ખેડૂતો આત્મનિર્ભર નહીં, દેવાના બોજા હેઠળ દબાયા: પ્રવીણ રામ

ખેડૂતોની કથળતી સ્થિતિને લઈને આમ આદમી પાર્ટી ખેડૂતોના હિતમાં અવાજ ઉઠાવશે

(એજન્સી) અમદાવાદ | તા. 21

આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપની સરકાર ખેડૂતોના મત લેવા માટે મોટી મોટી વાતો કરે છે. અગાઉ આ સરકારે અનેકવાર જાહેરાતો કરી છે કે ભાજપ સરકાર ખેડૂતોને આત્મનિર્ભર બનાવશે, ખેડૂતોની આવક બમણી કરશે. આવા અનેક સપનાઓ ખેડૂતોને ભાજપ દ્વારા બતાવવામાં આવ્યા છે પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા પાંચ વર્ષમાં કૃષિ ધિરાણમાં 70% થી વધૂનો ઉછાળો નોંધાયો છે. આજનો ખેડૂત આત્માનિર્ભર બનવાની જગ્યાએ બેંક અને આ રીતના અલગ અલગ ધિરાણો પર નિર્ભર થઈ ગયો છે અને ખેડૂતો દેવાના બોજાઓમાં દબાઈ ગયા છે અને ખેડૂતોની આ સ્થિતિ અત્યંત ભયંકર છે કારણ કે આ વખતે તો ચોમાસુ પણ નબળું ગયું છે, દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, જો આવીને આવી પરિસ્થિતિ રહી તો ગુજરાતના ખેડૂતો માટે આવનારા સમયમાં સ્થિતિ વધારે ગંભીર બનશે અને જો સરકાર આ બાબતે ગંભીરતાથી પગલાં નહીં લે અને જે ખેડૂતોની કૃષિ ધિરાણ અને જે લોનો છે એ માફ નહીં કરે તો ખેડૂતો માટે ભયંકર પરિસ્થિતિનું નિર્માણ થશે માટે અમારી માંગણી છે કે ખેડૂતોના ધિરાણ માફ કરવા જોઈએ. અમારી માંગ છે કે સરકાર ઝડપથી આ પગલું ભરે, જરૂર પડી તો આવનાર સમયમાં આ મુદ્દાને લઈને ખેડૂતોના હિતમાં આમ આદમી પાર્ટી દ્વારા અવાજ પણ ઉઠાવવામાં આવશે.

> છેલ્લા પાંચ વર્ષમાં કૃષિ ધિરાણમાં 70%થી વધુનો ઉછાળો, ખેડૂતોની સ્થિતિ ગંભીર....
> ખેડૂતોની આવક બમણી કરવાના વાયદા કરનાર ભાજપે ખેડૂતોને દેવામાં ડુબાડ્યા....



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો આદિવાસી વિસ્તારનો પ્રવાસ આદિવાસી લોકો માટે નિરાશાજનક રહ્યો: રાજુભાઈ વલવાઈ, પ્રદેશ ઉપપ્રમુખ AAP

(એજન્સી) અમદાવાદ | તા. 21



આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ રાજુભાઈ વલવાઈએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આદિવાસી વિસ્તારના દાહોદ જિલ્લાના ગરબાડા વિધાનસભામાં ત્રણ દિવસનો પ્રવાસ કરીને ગયા. એમનો આ ચૂંટણીલક્ષી પ્રવાસ આદિવાસીઓ માટે ખૂબ જ નિરાશાજનક રહ્યો અને એમની સરકાર પર કેટલાય પ્રશ્નો છોડીને ગયો. છેલ્લા 30 વર્ષથી ગુજરાતની અંદર ભાજપની સરકાર છે અને એ દરમિયાન એણે આદિવાસીઓ માટે જે જે યોજનાઓની જાહેરાત કરી, જે કરોડો અને અબજો રૂપિયા આદિવાસીઓ માટે ફાળવ્યા એ યોજના જમીન પર કેટલી લાગુ છે એ પણ મુખ્યમંત્રી બતાવીને ગયા. ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ 100% ઘરોમાં વીજળી પૂરી પાડવામાં આવે છે અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દરેક ગરીબને આદિવાસી વિસ્તારમાં પાકા ઘર મળી ગયા છે" એવી જે જાહેરાત મુખ્યમંત્રી કરે છે એની પોલ એક દીવાલ અને છાપરા વગરના ઝૂંપડામાં મોબાઈલ ટોર્ચની રોશનીએ મુલાકાત લઈ અને એમણે પોતાની સરકારની પોલ ખોલી. નલ સે જલ યોજનાના આધારે 2022 ની ચૂંટણી ભાજપ જીતી એના સાડા ચાર વર્ષ પછી આજે પણ દાહોદ જિલ્લાના એક પણ ગામના એક પણ ઘરની અંદર નળમાં પાણી નથી આવતું એ પણ એ જોઈને ગયા. એમની જન સુનાવણી દરમિયાન જે 144 પ્રશ્નો પૂછવામાં આવ્યા, એ તમામ પ્રશ્નોએ 30 વર્ષથી ગુજરાતમાં શાસન કરતી ભાજપ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત ત્યાંના ધારાસભ્ય, સંસદ સભ્ય એ દરેકની પોલ મુખ્યમંત્રી ખોલીને ગયા. ત્યાં પોલ ખોલી એ તો ઠીક છે પણ જે જે આ સરકારની નાકામી હતી એ નાકામીઓ સુધારવાની અને આ યોજનાઓ જમીન પર લાગુ પાડવાની અને આદિવાસીઓને ફાયદો થાય કે આદિવાસીઓ માટે હવે પછી ભ્રષ્ટાચાર નહીં થાય, નલ સે જલનું પાણી મળશે, આદિવાસીઓને સ્થાનિક રોજગારી મળશે, આદિવાસીઓના જે અધિકાર છે પાંચમી અનુસૂચિ અને પેસા એક્ટ જમીન પર લાગુ થશે, આદિવાસી વિદ્યાર્થીઓની કેટલીક કોલેજો જે ફ્રીશીપ કાર્ડ સ્વીકારી નથી રહી એ કોલેજોનું લાયસન્સ રદ કરવામાં આવશે, અથવા ફ્રીશીપ કાર્ડ સ્વીકારવા મજબૂર કરવામાં આવશે, એવી કોઈ વાત કરી નહિ.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રાજુભાઈ વલવાઈએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસમાં આદિવાસીના ઘરે રોકાયા, આદિવાસીના ઘરે ત્રણ દિવસમાં છ ટાઈમ જમ્યા એક જનસંવાદના નામે આદિવાસીઓ સાથે પ્રશ્નોત્તરી કરવાની, ચર્ચા કરવાની, એના પ્રશ્નો વિશે જાણવાનું નાટક કર્યું અને ચારથી પાંચ દિવસ સુધી સતત દાહોદ જિલ્લાના વહીવટીતંત્રને ઠપ કર્યું અને ગઈકાલે પરત ફરી પાછા ગાંધીનગર જતા રહ્યા.

વર્ષોથી આદિવાસીઓ જે પોતાના પાયાના પ્રશ્નો બાબતે સરકારને રજૂઆત કરતા આવ્યા છે, પાંચમી અનુસૂચિ અને પેસા એક્ટને લાગુ કરવા માટે એના વિશેની કોઈ વાત નહીં કરી. બોગસ આદિવાસી પ્રમાણપત્ર લઈને હજારોની સંખ્યામાં આદિવાસી અનામત સીટો પર નોકરી કરનાર કે બીજા લાભ લેનાર કે ચૂંટણી જીતનારને એના હોદ્દા પરથી દૂર કરી એના લાભ પરત લઈ અને સજા કરવાની કોઈ વાત નહીં કરી. નલ સે જલ યોજનાનું પાણી અઠવાડિયાની અંદર દરેકના ઘરે મળતું થઈ જશે એવી કોઈ જાહેરાત નહીં કરી અને આદિવાસીઓના જમીન લેવાની જીઆઈડીસીમાં મોટા મોટા ઉદ્યોગ સ્થાપવાની વાત કરીને ગયા. જો એમને સ્થાનિક રોજગારી માટે નાના ઉદ્યોગોની વાત કરી હોત, આદિવાસીઓને સ્વરોજગાર તરફ લઈ જવાની યોજનાની વાત કરી હોત, ખેતીલક્ષી જે ઉત્પાદન થાય છે એના પ્રોસેસિંગના પ્લાન્ટની નાના નાના પ્લાન્ટ નાખવાની એવી કોઈ યોજનાની વાત કરી હોત તો કદાચ આદિવાસીઓ થોડા ઘણા ખુશ થતા. એમણે એક બીજી વાત કરી સિંચાઈનું પાણી આપવાની.

જે નલ સે જલ યોજનાનું પાણી સાડા ચાર વર્ષ દરમિયાન એક પણ ગામની અંદર એક પણ ટીપું આવ્યું નથી, ત્યાં સિંચાઈના પાણીને આપવાની વાત કરીને આદિવાસીઓને ફરી પાછા છેતરવાની વાત કરી. આદિવાસીઓ એમના ત્રણ દિવસના પ્રવાસથી ખૂબ જ નારાજ છે. આદિવાસીઓ જે અપેક્ષા રાખતા હતા એ એક પણ અપેક્ષા પૂરી કર્યા વગર આદિવાસીઓના ઘરે ખાઈ, ફરી, ઝૂપડા દેખી અને વહીવટીતંત્ર જોડે નાની મોટી મસલત કરી અને પરત જતા રહ્યા. જો એમને આ જિલ્લાના ભ્રષ્ટાચારી માજી મંત્રીને સજા કરવાની વાત કરી હોત.

આગના વીમાની રકમ આવતા જ ભાગીદારની દાનત બગડી, ₹.5.60 કરોડ બારોબાર ટ્રાન્સફર કર્યા

(એજન્સી) અમદાવાદ | તા. 21

અમદાવાદના મોટેરા વિસ્તારમાં રહેતા અને 'યુનાઈટિડ-18 ક્લોથીંગ કંપની'ના ભાગીદાર વિશાલ શાહ સાથે તેમના જ ભાગીદાર સાગર શાહે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. 1 ઓક્ટોબર 2024ના રોજ ગોડાઉનમાં આગ લાગ્યા બાદ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની તરફથી મંજૂર થયેલી રૂ. 8 કરોડની વીમાની રકમ 2 સપ્ટેમ્બર 2025ના રોજ બેંક ખાતામાં જમા થઈ હતી. આ રકમ જમા થતાં જ સાગર શાહે પોતાના મોબાઈલ પર આવતા ઓટીપી (OTP)નો દુરુપયોગ કરી ફરિયાદીની જાણ બહાર રૂ. 5.60 કરોડ પોતાના તથા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ ઉપરાંત રૂ. 2.94 કરોડનો માલ બારોબાર વેચી ફરિયાદીને જબરજસ્તી નોટરી ઓફિસે લઈ જઈ કેન્સલેશન ડીડ પર સહી કરાવી લેતાં વેપારીએ ભાગીદાર સાગર શાહ અને તેમના કાકા જીતેશ શાહ સહિતના શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.અમદાવાદ સમાચાર

મોટેરામાં રહેતા વિશાલ શાહે 7 ફેબ્રુઆરી 2017ના રોજ સાગર શાહ સાથે મળીને 50-50 ટકાની ભાગીદારીમાં રેડીમેઈડ કપડાંનો હોલસેલ વેપાર શરૂ કર્યો હતો. ધંધો સારો ચાલતા બંનેએ મોટેરામાં 5 માળનું બિલ્ડીંગ અને ગોડાઉન ખરીદ્યું હતું. 2017થી 2020 દરમિયાન દેશભરમાં આશરે 250 ફ્રેન્ચાઈઝી આપી સ્ટોરની સાઈઝ મુજબ રૂ. 5 લાખથી રૂ. 15 લાખ લેખે કુલ રૂ. 15.63 કરોડની ડિપોઝિટ મેળવી હતી. કંપનીમાં વિશાલ શાહે રૂ. 19.72 કરોડ અને સાગર શાહે રૂ. 3.41 કરોડનું રોકાણ કર્યું હતું. ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી પાસે 700 વારનો પ્લોટ ખરીદવા અને બાંધકામ માટે બેંક ઓફ ઈન્ડિયામાંથી રૂ. 7.30 કરોડની લોન લીધી હતી. કોવિડ-19 લોકડાઉનમાં આશરે 70 સ્ટોર બંધ થતા હાલ 180 સ્ટોર કાર્યરત રહ્યા હતા.નકશા જુઓ

કંપનીના બે બેંકમાં કરંટ તથા સીસી એકાઉન્ટ હતા. જે બન્ને ભાગીદારોની સહીથી ઓપરેટ થતા હતા. પરંતુ ત્રણેય ખાતામાં સાગર શાહનો મોબાઈલ નંબર રજિસ્ટર હોવાથી ઓટીપી તેના પર આવતા હતા. વર્ષ 2024માં દિવાળી પહેલા ગોડાઉનમાં રાખેલો આશરે રૂ. 16 કરોડનો માલ 1 ઓક્ટોબર 2024ના રોજ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. તેનો વીમો પાસ થતાં 2 સપ્ટેમ્બર 2025ના રોજ રૂ. 8.01 કરોડ જમા થયા હતા. સાગરે ઓનલાઈન બેંકિંગના અધિકારનો દુરુપયોગ કરી બલ્ક એક્સેલ શીટ બનાવી હતી. તેણે પોતાના તથા 'ધનજી ઈન્ડસ્ટ્રીયલ સોલ્યુશન'ના ખાતામાં રૂ. 11.43 લાખ અને કાકા જીતેશ શાહ તથા 'રાકેશ પ્રોવિઝન સ્ટોર્સ'ના ખાતામાં રૂ. 4.70 કરોડ સહિત કુલ રૂ. 5.60 કરોડ બારોબાર ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે જાણ થતા જ વિશાલ શાહે ઈ-મેઈલ કરી ખાતુ બ્લોક કરાવ્યું હતું. આ મામલે પૂછપરછ કરતા સાગરે રૂપિયા પરત આપવાની ના પાડી દીધી હતી.

3થી 8 સપ્ટેમ્બર 2025 સુધી સાગર અને તેના પિતા રાકેશ શાહે ઓફિસે આવી ભાગીદારીમાંથી છૂટા થવાનું લખાણ આપવા દબાણ કર્યું હતું. 9 સપ્ટેમ્બરે 8થી 10 લોકો અને 3થી 4 ફ્રેન્ચાઈઝીધારકોને લાવી દબાણ વધાર્યું હતું. ત્યારબાદ 10 સપ્ટેમ્બર 2025ના રોજ સવારે સાગર, તેના પિતા, સાળા અને અન્ય 5 શખ્સોએ ફરિયાદીને જબરજસ્તી ત્રાગડ ખાતેની નોટરી ઓફિસે લઈ જઈ ઓફિસના કર્મચારી મહેન્દ્રસિંગ રાજપુતને 5 ટકાના ભાગીદાર બનાવ્યા હતા.

મોંઘવારી બાબતે હવે રાજ્ય સરકારે બોલવું જ પડશે : મનોજ સોરઠીયા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અને સમગ્ર દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે અને લગભગ આટલી મોંઘવારી ક્યારેય નહોતી તેવી પરિસ્થિતિ આજે આપણને જોવા મળી રહી છે. હમણાં જ વીતેલા તહેવારોમાં લોકો માટે તહેવારો કરવો અને ઉજવવો પણ એક બહુ મોટો પ્રશ્ન સાબિત થયો હતો, અને આવા સમયમાં જે ભારતીય જનતા પાર્ટી એક સમયે મોંઘવારીને 'ડાયન' કહેતી હતી, તે જ ભારતીય જનતા પાર્ટી માટે આજે મોંઘવારી 'ડાર્લિંગ' બની ગઈ છે.

'આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ ગતરોજ સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં મોંઘવારીના વિરોધમાં પ્રદર્શન કરીને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આગામી ૨૫ નવેમ્બરે આમ આદમી પાર્ટી ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારોમાં પ્રદર્શન કરશે અને રજૂઆત કરશે; આ મોંઘવારી બાબતે સરકારે હવે બોલવું પડશે અને મોંઘવારીને કાબૂમાં લેવા માટે સરકારે નક્કર પગલાં લેવા પડશે તેમ મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું.

આ કૃત્ય કરનાર ગુનેગારોને પોલીસે તાત્કાલિક જેલ હવાલે કરવા જોઈએ : રાજુભાઈ બોરખતરિયા AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ અને ૮૫ માણાવદર વિધાનસભા પ્રભારી રાજુ બોરખતરિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે-ત્રણ દિવસથી ભાજપના બેફામ બનેલા નેતાઓ અને ધારાસભ્યોના વિડિયો સામે આવ્યા છે, જેમાં ક્યાંક બેઝબોલનો ધોકો અને બંદૂક લઈને તો ક્યાંક આમ જનતાની ગાડી અને રસ્તો રોકીને બેફામ ગાળો બોલતા અને વાણીવિલાસ કરતા દ્રશ્યો જોવા મળ્યા છે, જેનાથી નેતાઓની માનસિકતા અને વ્યક્તિત્વ જનતા સામે ખુલ્લું પડી ગયું છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે ચૈતરભાઈ વસાવાને કોઈ નક્કર હકીકત કે પુરાવા વગર સાત વર્ષની સજા જેવી કાર્યવાહીનો સામનો કરવો પડે છે, ત્યારે ખુલ્લેઆમ વિડિયો અને પુરાવા હોવા છતાં માણાવદરના ધારાસભ્ય સામે પોલીસ તંત્ર, સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા શું અને ક્યારે કાર્યવાહી થશે? આવી દાદાગીરી અને આ જ રીતે જનતાને હેરાન કરી અસભ્ય વર્તન કરવું એ ધારાસભ્યોને છાજે તેવી વાત નથી, તેથી પોલીસ તંત્ર આ જ રીતે વર્તશે કે કેમ તેવો સવાલ તેમણે ઉઠાવ્યો હતો.

વધુમાં રાજુભાઈ બોરખતરિયાએ માંગણી કરી હતી કે, પોલીસ તંત્ર ભાજપની ખુલ્લેઆમ થતી દાદાગીરી સામે વહેલી તકે કાર્યવાહી કરે અને કડક તેમજ શિક્ષાત્મક પગલાં ભરે. લાતો મારવી, માર મારવાનો હુમલો કરવો, જાનથી મારી નાખવાની ધમકી આપવી અને ગામ છોડીને ભાગી જવા માટે કહેવું જેવી તમામ ધમકીઓ અને કૃત્યોના આધારે પોલીસે ફરિયાદ નોંધી ગુનો દાખલ કરવો જોઈએ તથા જે કોઈ ગુનેગાર આ કૃત્યમાં સંડોવાયેલ હોય તેને જેલ હવાલે કરવો જોઈએ.

ડિસમિસ પોલીસકર્મીએ છરીની અણીએ ₹50 લાખની ખંડણી વસૂલી

સેવાભાવીના સ્વાંગમાં આકાશ પટેલે ગાંધીનગરથી વેપારીનું કારમાં અપહરણ કર્યું, આંગડિયા પેઢીમાંથી પૈસા લઈ ફરાર

(એજન્સી) ગાંધીનગર | તા. 21

ગાંધીનગરના સેક્ટર-21 સ્થિત એમએલએ ક્વાર્ટસ નજીક સેવાભાવીના સ્વાંગમાં આવેલા શખ્સે છરીની અણીએ વેપારીનું ક્રેટા કારમાં અપહરણ કરી અમદાવાદની આંગડિયા પેઢીમાંથી 50 લાખની ખંડણી વસૂલી હોવાની ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સસ્પેન્ડેડ પોલીસકર્મી આકાશ લલીતભાઈ પટેલ ઉર્ફે સંજય તરીકે ઓળખ આપનાર અને તેના સાગરીત સંજીવ નામના શખસ વિરુદ્ધ સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

મૂળ ઊંઝાના રહેવાસી અને હાલ અમદાવાદના સાયન્સ સિટી વિસ્તારમાં રહેતા 35 વર્ષીય વેપારી ચિંતન પટેલ અને તેના પિતા દિનેશભાઈ ધંધાની સાથે સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય હોવાથી જરૂરિયાત મુજબ વિવિધ સામાજિક ટ્રસ્ટ અને સેવાકાર્યોમાં આર્થિક સહયોગ આપતા રહે છે. ગત બીજી નવેમ્બરના રોજ ચિંતનને તેના પિતાએ ફોન પર જણાવ્યું કે, સમાજના સંજયભાઈ નામના સેવાભાવી વ્યક્તિ સમાજના ઉત્થાન અર્થે કામ કરે છે અને ટ્રસ્ટના સેવાકાર્ય માટે તેમની પાસેથી રૂ.5 લાખ લઈ ગયા છે, તો જરૂર પડ્યે સંપર્ક કરજે.

બીજા દીવસે પિતાએ મોકલેલા મોબાઈલ નંબર પર ચિંતને વાતચીત કરી હતી અને સેવાકીય કામગીરી અંગે રૂબરૂ ચર્ચા કરવાના બહાને સંજય નામના શખસને ચિંતનને સેક્ટર-21 સ્થિત એમએલએ ક્વાર્ટર્સ નજીક મળવા બોલાવ્યો હતો. જ્યાં તે કાળા રંગની નંબર પ્લેટ વગરની ક્રેટા કાર લઈને પહોંચ્યો હતો અને પોતાની ઓળખ સંજય તરીકે આપી ચિંતનને કારમાં બેસાડ્યો હતો. એ વખતે ચિંતને કયા ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે અને નાણાંની પહોંચ મળે છે કે કેમ? તેવો સવાલ કરતા શખસ ઉશ્કેરાઈ ગયો હતો.

બાદમાં આરોપીએ છરી બતાવીને કહ્યું કે, એક કલાકમાં 50 લાખ રૂપિયા આપી દે નહીં તો અપહરણ કરીને હત્યા કર્યા બાદ લાશ ફેંકી દઈશ. તારા પિતાએ પણ આગલા દિવસે 5 લાખ આપ્યા છે. કોઈને જાણ કરશે તો પોતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો ડિસમિસ પોલીસ હોવાનું કહી પોલીસનું આઈકાર્ડ પણ બતાવ્યું હતું.આ ધાક ધમકીથી ડરીને ચિંતને સાયન્સ સિટી સ્થિત વી. પટેલ આંગડિયા પેઢી મારફતે નાણાં ચૂકવવાની વાત કરી હતી. આ સાંભળી આરોપીએ ક્રેટા કારમાં અપહરણ કરી ચિંતનને અમદાવાદ અને સાયન્સ સિટી આસપાસ ફેરવ્યો હતો. રસ્તામાં સંજીવ નામના શખસને ફોન કરી વી. પટેલ આંગડિયા પેઢી સાયન્સ સિટી ખાતે બોલાવ્યો હતો. આંગડિયા પેઢી પાસે કાર થોભાવી આરોપીએ કહ્યા મુજબ સંજીવ નામના શખસને પેઢીમાંથી 50 લાખ રોકડા ઉપાડી ચિંતને આપી દીધા હતા. જેણે પેઢીમાં જ અન્ય સ્થળે આંગડિયું કરાવ્યું હતું અને ત્યારબાદ બંને શખસો ક્રેટા કારમાં ભાગી ગયા હતા.

જોકે, દિવાળીનો તહેવાર આવતો હોવાથી તેમજ બદનામી થવાના ડરથી ચિંતને તે સમયે ફરિયાદ કરી ન હતી. જોકે, બે દિવસ અગાઉ પિતા સાથે પણ આવો જ બનાવ બનતા તેઓએ ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોવાની વાત કરી હતી. આ અંગે ચિંતને ગાંધીનગરમાં મિત્રો સાથેની વાતચીત કરી હતી. આ દરમિયાન મિત્રએ મોબાઈલમાં બતાવેલા ફોટા પરથી ખુલાસો થયો હતો કે 'સંજયભાઈ' તરીકે ઓળખ આપનાર શખસનું અસલી નામ આકાશ લલીતભાઈ પટેલ (રહે. રાધે ઉપવન સોસાયટી, સાણંદ, અમદાવાદ) છે અને તે અમદાવાદનો ડિસમિસ પોલીસકર્મી છે, જેની સામે અગાઉ પણ અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે.

સુરતના ડુમસમાં પાર્કિંગ ચાર્જનો આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને પત્ર લખી રચના હિરપરાએ નોંધાવ્યો વિરોધ

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં. 17 ના આમ આદમી પાર્ટીના કોર્પોરેટર રચના હીરપરાએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે વર્ષોથી સુરત શહેરના ડુમસ ખાતે લોકો પોતાના પરિવાર સાથે ફરવા ફરવા જાય છે પરંતુ આજ દિન સુધી ત્યાં કોઈએ પાર્કિંગ ચાર્જ ચૂકવ્યો નથી, પરંતુ હવે આ ભ્રષ્ટાચારમાં ડૂબેલા શાસકો જે જનતા પાસેથી પૈસા ઉઘરાવવાનો એક પણ મોકો ચૂકતા નથી, એ લોકોએ આજની સ્થાયી સમિતિની મિટિંગમાં એવો નિર્ણય લેવા જઈ રહ્યા છે કે જો લોકો ડુમસ ફરવા જતા હોય તો ત્યાં પાર્કિંગ ટિકિટ ચાર્જ આપવો પડશે. ત્યારે આમ આદમી પાર્ટી આનો સખત વિરોધ કરે છે.વધુમાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટર રચના હિરપરાએ જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાનું 11,000 કરોડનું મસમોટું બજેટ છે અને મહાનગરપાલિકા સક્ષમ છે અને એ કોઈપણ પ્રકારનો વધારાનો ચાર્જ નાખ્યા વગર મેન્ટેનન્સનો અને બીજો ખર્ચો ઉપાડી શકે એમ છે. છતાં પણ પોતાના મળતીયાઓને ફાયદો થાય એ માટે ભાજપ શાસકો સ્થાયી સમિતિમાં આજે એવો નિર્ણય લેવા જઈ રહ્યા છે હવે પછી જો લોકોએ ડુમસ ફરવા જવું હોય તો લોકોએ ત્યાં પાર્કિંગ ચાર્જ ચૂકવવો પડશે. આ મુદ્દે અમે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને બીજા તમામ સભ્યોને કહેવા માંગીએ છીએ કે તેઓ આ કામને મુલતવી રાખે.



અમદાવાદમાં જેન ઝી જ્યોતિષના સહારે, જીવનસાથી નહીં પણ કારકિર્દી કે કંપની સાથે કુંડળી મેચિંગ કરે છે!

(એજન્સી) અમદાવાદ | તા. 19

આવતીકાલે શું થશે તે જાણવાની જિજ્ઞાસા દરેકને હોય છે, પરંતુ હવે આ કુતૂહલ પર ભવિષ્યની ચિંતા હાવી થઈ રહી છે. અત્યાર સુધી ગ્રહ-નક્ષત્ર, પંચાગ, કુંડળી અને રાશિફળ પર માત્ર વડીલો જ વિશ્વાસ રાખતા હતા અને વાલીઓ છુપાઈને બાળકોના ભવિષ્યની સલાહ લેવા જતા હતા. જ્યારે આજની ટેકનો-સેવી, સ્વતંત્ર મિજાજી અને તર્કના આધારે ચાલતી 'જેન ઝી' (Gen Z) પેઢીનું એક અલગ જ પાસું સામે આવ્યું છે. જીવનની અનિશ્ચિતતાઓના ત્વરિત જવાબ શોધવા હવે યુવાનો સામે ચાલીને જ્યોતિષશાસ્ત્રનો સહારો લઈ રહ્યા છે. અમદાવાદના જ્યોતિષો પાસે આવતા લોકોમાંથી 35થી 40 ટકા યુવાનો 18થી 30 વર્ષની વયના હોય છે.



હાલમાં યુવાનો સોશિયલ મીડિયા પર ગ્રહોની ચાલ, રાશિભવિષ્ય, ટેરોટ કાર્ડ રીડિંગ, ન્યુમરોલોજી, વાસ્તુ શાસ્ત્ર, તેમજ લકી રંગ અને નંબરની રીલ્સ જોતા થયા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં માનનારી આ પેઢી હવે ઓનલાઈન એસ્ટ્રોલોજી એપ્લિકેશન પર નાની-નાની બાબતોમાં સલાહ લેવા માંડી છે. અમદાવાદના એક વરિષ્ઠ જ્યોતિષના જણાવ્યા અનુસાર, છેલ્લા 5 વર્ષથી યુવાનો એકલા સામે ચાલીને કારકિર્દી અને રિલેશનશિપના પ્રશ્નો પૂછવા આવે છે. હવે માત્ર જીવનસાથી જ નહીં, પરંતુ જ્યાં નોકરી કરવી હોય તે કંપની સાથે પણ કુંડળી મેચ કરાય છે. અન્ય એક અનુભવી જ્યોતિષીના મતે, વૈશ્વિક સ્તરે વધતી અનિશ્ચિતતા, બજારોની ઉથલપાથલ અને તીવ્ર સ્પર્ધાને કારણે યુવાનોમાં ભવિષ્યનો ડર બેસી ગયો છે, જેના સમાધાન માટે અને પોતાને વધુ સારી રીતે જાણવા 'પર્સનાલિટી ટેસ્ટ' તરીકે તેઓ એસ્ટ્રોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે.

પાસબુકમાં એન્ટ્રી કરાવતા 10 લાખ ઉપડી ગયાની જાણ થઈ : પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

(એજન્સી) ગાંધીનગર | તા. 21



માણસા તાલુકાના ઈટાદરા ગામના ખેડૂતનો મોબાઈલ ફોન હેક કરીને સાયબર ઠગોએ બેંક ખાતામાંથી જુદા-જુદા UPI ટ્રાન્જેક્શન મારફતે 10 લાખ 61 હજાર ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

માણસાના ઈટાદરા ગામના વડવાળુ ફળીયામાં રહેતા અને ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવતા ફરિયાદી અલ્પેશભાઈ સોમાભાઈ પટેલ ઈટાદરા સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં બચત ખાતું ધરાવે છે. 18 નવેમ્બરના રોજ સવારે તેઓ પોતાના ખાતાનું KYC કરાવવા બેંકમાં ગયા હતા. ત્યાં તેમણે ખાતામાં 500 જમા કરાવી પાસબુકમાં એન્ટ્રી કરાવતા પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. કેમકે 1 ઓક્ટોબરથી 12 ઓક્ટોબર દરમિયાન તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા 10,61,000 કપાઈ ગયા હતા. આ અંગે તેમણે તરત જ બેંક મેનેજર સાથે વાત કરતા બેંકમાંથી માહિતી મળી હતી કે તેમના ખાતામાંથી નાણા ટ્રાન્સફર થયા છે.

ખેડૂતે જણાવ્યું હતું કે, આ પ્રકારના કોઈ ટ્રાન્જેક્શન કર્યા નથી અને નાણા ડેબિટ થયા અંગે તેમના રજીસ્ટર મોબાઈલ નંબર પર કોઈ મેસેજ પણ આવ્યા ન હતા. આ મામલે બેંક મેનેજરે મોબાઈલ હેક થયો હોવાની શક્યતા દર્શાવી સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરવા સલાહ આપી હતી. જેના પગલે ખેડૂતની ફરિયાદના આધારે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ડુમસ સી ફેસની મુલાકાત માટે હવે પૈસા ચૂકવવા પડશે:એન્ટ્રી ફી રૂ. 20 અને ફોર વ્હીલર પાર્કિંગના રૂ. 30 વસૂલવાનો નિર્ણય



સુરત | સુરતીઓના માનીતા ફરવાના સ્થળ એવા ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ખાતે અત્યાર સુધી સહેલાણીઓ માટે પ્રવેશ અને પાર્કિંગ તદ્દન નિઃશુલ્ક હતું, પરંતુ હવે આ સુવિધા માટે ખિસ્સું હળવું કરવું પડશે. સુરત મહાનગરપાલિકાની આજે 21 નવેમ્બર, 2026ના રોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં ડુમસ સી ફેસ પ્રોજેક્ટના ઝોન-1 ખાતે પ્રવેશ ફી અને પાર્કિંગ ફીના દર નક્કી કરવા માટેની મહત્વપૂર્ણ દરખાસ્તને મંજૂરી આપી દેવામાં આવી છે. વોટર રીસોર્સીર્સ એન્ડ રીક્રીએશન સેલ દ્વારા તૈયાર કરાયેલી આ દરખાસ્ત પર સ્થાયી સમિતિએ મંજૂરીની મહોર મારી છે. ગોપી તળાવની જેમ અહીં પણ ટિકિટ દર લાગુ કરવાનો નિર્ણય લેવાયો મહાનગરપાલિકા દ્વારા 8 માર્ચ, 2026ના રોજ લોકાર્પણ કરાયેલા આ પ્રોજેક્ટમાં દૈનિક ક્ષમતા કરતાં વધુ સહેલાણીઓ ઉમટી રહ્યા હોવાથી પ્રોજેક્ટની જાળવણી અને સહેલાણીઓની સુરક્ષા જાળવવી જરૂરી બની છે. આ ઉપરાંત, વીજળી બિલ, લેન્ડસ્કેપિંગ માટે પાણી અને અન્ય નિભાવ ખર્ચને પહોંચી વળવા તથા પ્રોજેક્ટને સેલ્ફ સસ્ટેનેબલ બનાવવા માટે સુરત કિલ્લો, સરથાણા નેચર પાર્ક અને ગોપી તળાવની જેમ અહીં પણ ટિકિટ દર લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. જ્યાં સુધી આર.એફ.પી. દ્વારા નવી એજન્સીની નિમણૂક ન થાય ત્યાં સુધી આ દર અમલમાં રાખવા મંજૂરી અપાઈ છે. મંજૂર કરાયેલી દરખાસ્ત મુજબ પ્રવેશ ફી અંતર્ગત 12 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ દીઠ પ્રતિ દિન રૂ. 20 વસૂલવામાં આવશે. નાના બાળકો એટલે કે 3થી 12 વર્ષના બાળકો તેમજ 65 વર્ષ અને તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો માટે પ્રતિ દિન રૂ. 10 ફી નક્કી કરાઈ છે, જ્યારે 3 વર્ષ સુધીના નાના બાળકો માટે પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. ઈલેક્ટ્રીક વાહન માટે પાર્કિંગ નિઃશુલ્ક રાખવામાં આવ્યુંપાર્કિંગ ફીની વાત કરીએ તો વાહન દીઠ પ્રતિ દિનના ધોરણે ફોર વ્હીલર વાહન માટે રૂ. 30, થ્રી વ્હીલર વાહન માટે રૂ. 25, ટુ વ્હીલર વાહન માટે રૂ. 10 અને બસ તેમજ હેવી કોમર્શિયલ વ્હીકલ માટે રૂ. 90 ચાર્જ રાખવામાં આવ્યો છે, જ્યારે ઈલેક્ટ્રીક વાહન માટે પાર્કિંગ નિઃશુલ્ક રાખવામાં આવ્યું છે. સ્થાયી સમિતિની મંજૂરી બાદ હવે આ દરખાસ્ત સામાન્ય સભા સમક્ષ અંતિમ નિર્ણય માટે રજૂ કરવામાં આવશે.

સુરત RTO રજાના દિવસે પણ ચાલુ રહેશે:22 અને 24 નવેમ્બરે ડ્રાઇવિંગ ટેસ્ટ આપી શકાશે



સુરત | ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા માટે લાંબા સમયથી વેઇટિંગમાં રહેલા સુરતીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સુરત આરટીઓ કચેરી દ્વારા અરજદારોની સુવિધા માટે રજાના દિવસે પણ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક ચાલુ રાખવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી 22 અને 24 નવેમ્બરે જાહેર રજા હોવા છતાં સુરત આરટીઓ ખાતે ટ્રેક કાર્યરત રહેશે. જે અરજદારોએ અગાઉથી એપોઇન્ટમેન્ટ લીધી હોય, તેઓ પોતાની જૂની એપોઇન્ટમેન્ટ કેન્સલ કે રિશેડ્યૂલ કરીને આ બંને દિવસો માટે નવી એપોઇન્ટમેન્ટ મેળવી ટેસ્ટ આપી શકશે. જોકે, તંત્ર દ્વારા એપોઇન્ટમેન્ટ લીધા વિના ટ્રેક પર નહીં આવવા ખાસ અપીલ કરવામાં આવી છે. 40-50 દિવસનું વેઇટિંગ ઘટાડવા તંત્રની કવાયત હાલમાં સુરત આરટીઓમાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર બંને કેટેગરીના ડ્રાઇવિંગ ટેસ્ટ માટે અંદાજે 40થી 50 દિવસનું લાંબુ વેઇટિંગ ચાલી રહ્યું છે. નોકરિયાત વર્ગ અને વિદ્યાર્થીઓને કામકાજના દિવસોમાં રજા પાડવી ન પડે અને વેઇટિંગ પિરિયડમાં નોંધપાત્ર ઘટાડો થાય તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત, ટૂંક સમયમાં માસમા ખાતે પણ નવો ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક શરૂ થવાની તૈયારીમાં છે, જેનાથી આગામી દિવસોમાં વેઇટિંગની સમસ્યા સંપૂર્ણપણે હલ થઈ જશે. રજાના દિવસે ટેસ્ટ આપવાથી લોકોના અન્ય કામ નહીં અટવાય: એચ. એમ. પટેલ આ અંગે સુરત આરટીઓ અધિકારી એચ. એમ. પટેલે જણાવ્યું હતું કે, અરજદારોની સુવિધા માટે અમે આ વખતે રવિવાર અને એક જાહેર રજાના દિવસે પણ ટ્રેક ચાલુ રાખવાનું આયોજન કર્યું છે. રજાના દિવસે ટ્રેક ખુલ્લો રહેવાથી લોકો પોતાના અન્ય રોજિંદા કાર્યક્રમો ડિસ્ટર્બ કર્યા વિના સરળતાથી આવીને ટેસ્ટ આપી શકશે. આ નિર્ણયથી વેઇટિંગમાં નોંધપાત્ર ઘટાડો થશે અને જો હજુ પણ વેઇટિંગ રહેશે, તો આગામી રવિવારોમાં પણ ટ્રેક ચાલુ રાખવાનું અમારું પ્લાનિંગ છે.

પેટમાં દુખાવો થતા હોસ્પિટલ લઈ ગયા 4 માસનો ગર્ભ નીકળ્યો:શારીરિક શોષણ કરી ગર્ભવતી બનાવનાર એમ્બ્રોડરી કારીગરને 20 વર્ષની સખત કેદ

સુરત | સુરતના પુણાગામ વિસ્તારમાં રહેતી 16 વર્ષથી પણ નાની વયની સગીરા સાથે ઈન્સ્ટાગ્રામ પર પરિચય કેળવી, અવારનવાર શારીરિક સંબંધ બાંધીને ગર્ભવતી બનાવવાના ચકચારી કેસમાં સુરતની વિશેષ પોક્સો કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ચોથા અધિક સત્ર ન્યાયાધીશની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટે 25 વર્ષીય આરોપી પંકજકુમાર બચ્ચનલાલ સરોજને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા અને 10,000નો દંડ ફટકાર્યો છે.આ ગંભીર કેસમાં ભોગ બનનાર સગીરાની નાની વય અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સુરતની કોર્ટમાંથી કાયદેસરની પરવાનગી મેળવીને તેનું ગર્ભપાત કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વિશાલ ફળદુ દ્વારા આરોપી વિરુદ્ધ દલીલો રજૂ કરવામાં આવી હતી. સરકારી વકીલની આ દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખીને નામદાર કોર્ટે આરોપીને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે.આ ઘટનાની વિગત મુજબ ગત 2 જૂન, 2025ના રોજ રાત્રિના સમયે ભોગ બનનાર સગીરાએ પરિવાર સાથે તરબૂચ ખાધા બાદ અચાનક છીંક આવતા શ્વાસ લેવામાં તકલીફ અને પેટમાં અસહ્ય દુખાવો શરૂ થયો હતો. જેથી માતા-પિતા તેને સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ દુખાવો બંધ થતા ઘરે પરત ફર્યા હતા. જોકે, બીજા જ દિવસે એટલે કે 3 જૂન, 2025ના રોજ ફરી તબિયત લથડતા હોસ્પિટલ લઈ જવાતા તબીબોએ તપાસ કરી સગીરાને આશરે 4 માસનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું.



તબિયત ગંભીર હોવાથી તેને તાત્કાલિક ICUમાં દાખલ કરવામાં આવી હતી. ICUમાં સારવાર દરમિયાન માતાએ પૂછપરછ કરતા સગીરાએ ચોંકાવનારી હકીકત જણાવી હતી. આઠેક મહિના અગાઉ તેના જ મહોલ્લામાં રહેતા આરોપી પંકજકુમાર સરોજ સાથે ઈન્સ્ટાગ્રામ પર ઓળખાણ થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મેસેજ અને વાતચીત શરૂ થઈ હતી. આરોપી સગીરાની સોસાયટીની બાજુમાં આવેલા ખાડીવાળા રસ્તે સાંજના સમયે તેને મળવા બોલાવતો હતો અને તેની ઉંમર 16 વર્ષથી નાની હોવાનું જાણવા છતાં અવારનવાર શારીરિક સંબંધ બાંધી ગર્ભવતી બનાવી હતી.આ મામલે સગીરાની માતાએ પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી આરોપી પંકજકુમાર સરોજ (રહે. રાજીનગર ઝૂંપડપટ્ટી, ઉમરવાડા, પુણાગામ)ની ધરપકડ કરી હતી. સુરતની ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટમાં કેસ ચાલી જતા પુરાવાઓને ધ્યાને રાખી ન્યાયાધીશે આરોપીને 20 વર્ષની સખત કેદ ફટકારી છે. આ ઉપરાંત 10,000નો દંડ ભરવાનો અને જો દંડ ન ભરે તો વધુ 1 વર્ષની સાદી કેદ ભોગવવાનો હુકમ કર્યો છે.

લિફ્ટ અધવચ્ચે બંધ પડતા ગર્ભવતી મહિલા અને 108નો સ્ટાફ ફસાયો:વેસુ હેલ્થ સેન્ટરમાં અફરાતફરી મચી

સુરત | સુરત શહેરના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં આવેલા હેલ્થ સેન્ટરમાં આજે ટેકનિકલ ખામીના કારણે અચાનક લિફ્ટ ખોટકાઈ ગઈ હતી. જેથી લિફ્ટની અંદર એક ગર્ભવતી મહિલા સહિત 108નો સ્ટાફ ફસાઈ ગયો હતો. જેને પગલે હેલ્થ સેન્ટરના પરિસરમાં થોડા સમય માટે ભારે અફરાતફરી અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. જોકે, સુરત ફાયર બ્રિગેડની ટીમે સમયસૂચકતા દાખવીને તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરતા તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો.વેસુ હેલ્થ સેન્ટર ખાતે 108 ઈમરજન્સીનો સ્ટાફ એક ગર્ભવતી મહિલાને લઈને લિફ્ટમાં આવી રહ્યો હતો, તે દરમિયાન લિફ્ટ અધવચ્ચે જ અચાનક બંધ થઈ ગઈ હતી. લિફ્ટના દરવાજા ન ખૂલતા અને અંદર હવાની અવરજવર ઓછી થવા લાગતા અંદર ફસાયેલાના જીવ તાળવે ચોંટી ગયા હતા. બહાર હાજર સ્ટાફ અને અન્ય લોકોએ લિફ્ટ ખોલવાના પ્રયાસો કર્યા હતા.

ગિરનારની લીલી પરિક્રમામાં સુરતની ખડેપગે સેવા:ભાવિકોના ભોજન માટે અન્નક્ષેત્ર ધમધમતું કરાયું

જુનાગઢ | ગિરનારની પવિત્ર ગોદમાં ભક્તિ, શ્રદ્ધા અને સેવાના મહાપર્વ સમાન લીલી પરિક્રમામાં પ્રકૃતિના સાનિધ્ય સાથે સેવાની સરવાણી વહી રહી છે. આ વર્ષે પરિક્રમામાં વહીવટી તંત્ર દ્વારા કુલ 69 અન્નક્ષેત્રોને મંજૂરી આપવામાં આવી છે, જે પરિક્રમાના સમગ્ર રૂટ પર આવતા લાખો ભાવિકોને હર્ષોલ્લાસ અને ઉમંગ સાથે નિ:શુલ્ક ભોજન પીરસી રહ્યા છે. 'જ્યાં ટુકડો ત્યાં હરિ ઢૂંકડો'ની ઉક્તિને સાર્થક કરતા આ અન્નક્ષેત્રો અને ઉતારા મંડળોમાં કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર અઢારે વરણ એક જ પંગતમાં બેસીને પ્રસાદી ગ્રહણ કરે છે. તેમાં પણ બોરદેવી ખાતે સુરતના પ્રિન્સેસ ગ્રુપ દ્વારા છેલ્લા 27 વર્ષથી ચલાવવામાં આવતું કર્મનાથ મહાદેવ અન્નક્ષેત્ર આકર્ષણ અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે, જ્યાં રોજના હજારો ભાવિકો ભોજન પ્રસાદી લે છે અને 24 કલાક 'હરિહર'ની હાકલ પડે છે.સુરતથી આવેલા મનસુખભાઈ ભાલાળા અને તેમની ટીમ દ્વારા છેલ્લા 27 વર્ષથી અવિરતપણે આ સેવાયજ્ઞ ચલાવવામાં આવી રહ્યો છે. આ વિશાળ ભંડારામાં 500 જેટલા સેવકોનો સ્ટાફ દિવસ-રાત ખડેપગે રહીને યાત્રાળુઓની સેવા કરે છે. અહીં એક મિનિટ પણ બંધ રહ્યા વિના 24 કલાક અવિરતપણે ગરમાગરમ અને શુદ્ધ સાત્વિક ભોજન પીરસવામાં આવે છે.આ મહાભંડારામાં વપરાતી ખાદ્ય સામગ્રીનો જથ્થો પણ અત્યંત વિશાળ છે. સંચાલક દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, સમગ્ર પરિક્રમા દરમિયાન અહીં આશરે 300 ડબ્બા જેટલું શુદ્ધ તેલ, 125 મણ ચોખા, 125 મણ ઘઉંનો લોટ, 100 મણ બેસન અને 100 મણ ઢોકળાનો લોટ વાપરવામાં આવે છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં શાકભાજી, મસાલા અને ઘી-ગોળનો ઉપયોગ કરીને યાત્રાળુઓને ઘર જેવું પૌષ્ટિક અને તાજું ભોજન પીરસવામાં આવે છે, જેથી પહાડી રસ્તાઓ પર ચાલીને થાકેલા પરિક્રમાર્થીઓને નવી ઊર્જા મળે.કર્મનાથ મહાદેવ અન્નક્ષેત્રના સંચાલક મનસુખભાઈ ભાલાળાએ 'જય ગિરનારી, જય બોરદેવી માં, જય કરમનાથ મહાદેવ'ના નાદ સાથે જણાવ્યું હતું કે જંગલની અંદર પર્યાવરણને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થાય તે રીતે સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વર્ષે વરસાદની ઘટ હોવાથી યાત્રાળુઓને પાણીનો બગાડ ન કરવા ખાસ અપીલ કરવામાં આવી છે, તેમજ જંગલ સૂકું હોવાથી આગનું કોઈ જોખમ ન સર્જાય તેની પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા પાણીના બે બોર ફાળવીને સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો છે અને કડક શિસ્ત તથા સેવાના સંકલ્પ સાથે શરૂઆતથી અંત સુધી યાત્રાળુઓને ગરમાગરમ ભોજન જમાડવામાં આવે છે. અન્નક્ષેત્રના મહિલા સંચાલક મનીષાબેન ધડુકે જણાવ્યું હતું કે છેલ્લા 27 વર્ષથી કર્મનાથ મંદિર તરફથી અહીં સેવા અને અન્નક્ષેત્ર ચાલે છે, જેમાં સુરતથી આવેલા સ્ત્રી ભક્તો પણ પૂરા ઉત્સાહથી જોડાઈને યાત્રાળુઓને પ્રેમપૂર્વક જમાડે છે. પરિક્રમાની તારીખ જાહેર થાય તેના ઘણા સમય પહેલાંથી જ સેવકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે અને દિવાળી પછીથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે.

ઈ-કોમર્સ કંપનીનો ડિલિવરી બોય 120 પાર્સલ લઈ ફરાર



(એજન્સી) અમદાવાદ | તા. 21

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં ઈ-કોમર્સ કંપનીના ડિલિવરી બોયે ગ્રાહકોને પહોંચાડવાના 120 પાર્સલ લઈ ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પાર્સલમાં 18 મોબાઈલ ફોન, ચાર ટેબલેટ સહિત કપડાં, પરફ્યુમ, બેગ, કોસ્મેટિક્સ અને ઘડિયાળો જેવી કિંમતી વસ્તુઓ હતી.

જુહાપુરામાં રહેતા અતીક અહેમદ સૈયદ અહેમદ બેંગ્લોરની ઈન્સ્ટાકાર્ટ સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડમાં એન્ફોર્સમેન્ટ અધિકારી છે. કંપનીનો સ્ટોર કોમર્સ સ્ટેડિયમ રોડ પર કામેક્ષ હાઉસમાં આવેલો છે મૂળ રાજસ્થાનના જાલોરનો પોપટલાલ પારસારામ 18 ઓગસ્ટે ડિલિવરી બોયની નોકરીમાં જોડાયો હતો.

19 ઓક્ટોબરે સવારે 10 વાગ્યે તે ગ્રાહકોને પહોંચાડવા માટે 120 પાર્સલ લઈને નીકળ્યો હતો, પરંતુ સાંજે પરત ફર્યો નહોતો. સ્ટાફે ફોન કરતાં મોબાઇલ સ્વીચ ઓફ આવતાં તેની શોધખોળ શરૂ કરી હતી. પાર્સલમાં 18 મોબાઈલ, ચાર ટેબલેટ અને અન્ય 98 પાર્સલમાં વિવિધ ચીજવસ્તુઓ હતી.

આરોપી કેશ ઓન ડિલિવરીની રકમ પણ જમા કરાવ્યા વગર ફરાર થયો હોવાની ફરિયાદ છે. નવરંગપુરા પોલીસે 20 નવેમ્બરે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

એનાલોગ પનીરની જેમ ફ્રોઝન ડેઝર્ટ આઈસક્રીમ પર પ્રતિબંધ મૂકવા માગ

'છૂટક આઈસક્રીમ 'ફ્રોઝન ડેઝર્ટ' છે કે નહીં કેમ ખબર પડશે?':ભાજપના ધારાસભ્યએ સરકારને પત્ર લખ્યો



સુરત | સુરતમાં આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરાયેલા 'ઓપરેશન હેલ્થ' અભિયાન વચ્ચે વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ ફ્રોઝન ડેઝર્ટ આઈસ્ક્રીમ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ ઉઠાવી છે. આ સાથે જ તેમણે આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલો ઉઠાવતા જણાવ્યું છે કે, હાલમાં જે કામગીરી આરોગ્ય વિભાગે કરવી જોઈએ તે સુરત પોલીસની SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) કરી રહી છે. નકલી અને આરોગ્ય માટે હાનિકારક એવા ફ્રોઝન ડેઝર્ટ પર પ્રતિબંધ મૂકવા માટે કુમાર કાનાણીએ આરોગ્ય વિભાગને પત્ર લખીને નક્કર પગલાં ભરવા રજૂઆત કરી છે.

કુમાર કાનાણીએ પત્રમાં જણાવ્યું છે કે, 'ઓપરેશન હેલ્થ' અંતર્ગત રિયલ દૂધમાંથી બનતા આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો તફાવત લોકોને સમજાવવા જનજાગૃતિ અભિયાન શરૂ કરાયું છે, જે આવકારદાયક છે. પરંતુ, જે રીતે પામ તેલ જેવા હાનિકારક પદાર્થોમાંથી બનતા નકલી 'એનાલોગ પનીર' પર સરકારે પ્રતિબંધ મૂક્યો છે, તેવી જ બનાવટ ફ્રોઝન ડેઝર્ટ આઈસ્ક્રીમની પણ હોય છે. આ નકલી આઈસ્ક્રીમ લોકોના સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી હોવાથી તેના પર પણ તાત્કાલિક પ્રતિબંધ મૂકવો જોઈએ.

પેકિંગમાં વેચાતા આઈસ્ક્રીમ પર કંપનીઓ 'ફ્રોઝન ડેઝર્ટ' લખતી હોય છે, પરંતુ કંપનીઓ કરતાં પણ અનેક ગણું વેચાણ છૂટક એટલે કે લૂઝમાં થાય છે. ધારાસભ્યએ વેધક સવાલ ઉઠાવ્યો છે કે, દુકાનો અને લગ્ન-પ્રસંગોમાં મોટા પાયે લૂઝ ફ્રોઝન ડેઝર્ટ પીરસવામાં આવે છે, જેનું કોઈ પેકિંગ હોતું નથી. આવા સંજોગોમાં સામાન્ય નાગરિકોને કેવી રીતે ખબર પડશે કે તેઓ રિયલ આઈસ્ક્રીમ ખાઈ રહ્યા છે કે નકલી ફ્રોઝન ડેઝર્ટ? શું લૂઝ આઈસ્ક્રીમ વેચતી દુકાનો પર આ અંગેના બોર્ડ લગાવવામાં આવશે?

સુરતમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ મામલે આરોગ્ય વિભાગ કરતાં સુરત પોલીસની SOG વધુ સક્રિય હોવાના મુદ્દે કુમાર કાનાણીએ આરોગ્ય તંત્રને આડે હાથ લીધું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગની જવાબદારી SOG કરતાં પણ વિશેષ છે. આરોગ્ય વિભાગે પોતે જ સક્રિયતા અને પ્રામાણિકતાથી મોટા પાયે અભિયાન ચલાવીને ભેળસેળિયા તત્વો સામે કાર્યવાહી કરવી જોઈએ.

આ સમગ્ર મુદ્દે ધારાસભ્ય કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, 'હું ચોક્કસપણે માનું છું કે SOG જે કામ આરોગ્ય વિભાગનું કરી રહી છે, તે કામ આરોગ્ય વિભાગે જ કરવું જોઈએ. સુરત પોલીસ પોતાની વિશેષ જવાબદારી નિભાવી રહી છે, પરંતુ SOG પાસે ડ્રગ્સ અને નશાના વધતા દૂષણને ડામવા સહિતના અન્ય મહત્ત્વના ઓપરેશન કરવાની કામગીરી હોય છે. તેથી SOGએ તે દિશામાં કામ કરવું જોઈએ અને આરોગ્ય વિભાગે પોતાની મૂળ જવાબદારી નિભાવીને ફ્રોઝન ડેઝર્ટ પર પ્રતિબંધ મૂકવા વિચારવું જોઈએ.'

ભાજપના નેતાના પુત્ર સહિત 3 સામે ઠગાઈની ફરિયાદ

આવાસ યોજનાના અધિકારી-કર્મચારીની ખોટી ઓળખ આપી દુકાન અપાવવાના બહાને શિક્ષિકા પાસેથી 12 લાખ પડાવ્યા

વડોદરા | વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સરકારી દુકાન અપાવવાની લાલચ આપી શિક્ષિકા સાથે 12 લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે. ટુકડે-ટુકડે ઓનલાઇન અને રોકડ રકમ મેળવી રૂપિયા પડાવી લીધા હતા જોકે, દસ્તાવેજ કરી આપ્યો નહોતો. ભાજપના નેતા રાકેશ જોષીના પુત્ર કશ્યપ જોષી સહિત 3 આરોપી સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.વડોદરા શહેરના ગોત્રી રોડ પર પંચામૃત સોસાયટી સામે શૈલી એપાર્ટમેન્ટમાં રહેતાં 56 વર્ષીય સંધ્યાબેન જાધવ ખાનગી સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. આશરે બે વર્ષ પહેલાં હરિનગર ચાર રસ્તા પાસે ગેરેજ ચલાવતા જીમી લુકાસના સંપર્કમાં તેઓ આવ્યાં હતાં. જીમીના ગેરેજ પર આવતા જીલ બારોટની ઓળખાણ જીમીએ સંધ્યાબેન સાથે કરાવી હતી. જીલ બારોટે પોતે અને તેના મિત્રો સરકારી આવાસ યોજનામાં મકાન-દુકાન અપાવવાનું કામ કરતા હોવાનું જણાવી સુભાનપુરા હાઇટેન્શન રોડ પર ઝાંસી રેસિડેન્સી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાની દુકાન નંબર-4 બતાવી હતી.દુકાનની કિંમત 12 લાખ રૂપિયા નક્કી થતાં સંધ્યાબેને બુકિંગ પેટે 2 લાખ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ જીલ બારોટ અને તેના સાથી કશ્યપ જોષીએ નોટરી સમક્ષ બાનાખત કરાવી આપ્યું હતું. દુકાનના વેચાણ દસ્તાવેજ માટે સંધ્યાબેને સમયાંતરે ઓનલાઇન અને રોકડ રકમ ચૂકવી હતી. જીલ બારોટ, કશ્યપ જોષી અને રણવીરસિંહ સિંધાના ખાતામાં અલગ-અલગ તબક્કે નાણાં જમા કરાવ્યાં હતાં. આ ઉપરાંત દસ્તાવેજના નામે રોકડ રકમ પણ આપી હતી. આમ, કુલ રૂ.12 લાખ ચૂકવ્યા હોવા છતાં દુકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો નહોતો કે કબજો સોંપવામાં આવ્યો નહોતો.

સગીરાને 7 દિવસ સુધી ગોંધી રાખીને દુષ્કર્મ આચર્યું:રામોલથી રાજસ્થાન પહોંચી

આશરો આપવાના બહાને મહિલા ઘરે લઈ ગઈ'ને શખ્સે બળજબરી કરી

(એજન્સી) અમદાવાદ । તા. 21

અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતી 15 વર્ષની સગીરા ઘરેથી નીકળી ગયા બાદ રાજસ્થાનના બિકાનેર જિલ્લાના નોખા ગામે પહોંચી ગઈ હતી. ત્યાં એક પરિવારના સભ્યો તેને ઘરે લઈ જઈ આશ્રય આપવાના બહાને ગોંધી રાખી અને પરિવારના શખ્સે સગીરા સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. આ અંગે સગીરાના પિતાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે.

રામોલ વિસ્તારમાં રહેતી 15 વર્ષીય પુત્રી ગત 2 નવેમ્બરે ઘરેથી નીકળી ગયા બાદ પરત આવી ન હતી. પરિવારજનોએ શોધખોળ કરતાં કોઈ પત્તો મળ્યો ન હતો. આ દરમિયાન 13 નવેમ્બરે બિકાનેર બાળ કલ્યાણ સમિતિમાંથી કિશોરીના પિતાને ફોન આવ્યો હતો કે તેની પુત્રી નોખા પોલીસને મળી આવી છે અને તેને બાળ કલ્યાણ સમિતિમાં રાખવામાં આવી છે. ત્યારબાદ પિતા બિકાનેર જઈ કિશોરીને અમદાવાદ પરત લાવ્યા હતા. બાદમાં તેને શાંતિથી પૂછતાં જણાવ્યું કે, ઘરકામ અને અભ્યાસ બાબતે ઠપકો મળવાના ડરથી તે મોબાઈલ, ચાર્જર અને કપડાં લઈને નીકળી હતી. તે રિક્ષા મારફતે ન્યૂ કોટન મિલ મેટ્રો સ્ટેશન, ત્યાંથી થલતેજ, ઓલ્ડ હાઈકોર્ટ થઈ સાબરમતી રેલવે સ્ટેશન પહોંચી હતી. સાબરમતી રેલવે સ્ટેશન ખાતેથી એક અજાણી વ્યક્તિએ જમવા માટે રૂ. 100 આપ્યા હતા અને ત્યારબાદ તે ટ્રેનમાં બેસી ગઈ હતી.

બીજા દિવસે સવારે ટ્રેન ઊભી રહેતા તે બિકાનેર રેલવે સ્ટેશન પર ઊતરી ગઈ હતી અને ત્યાં મળેલી એક વૃદ્ધ મહિલાને પોતાની પરિસ્થિતિ જણાવી હતી. આ વૃદ્ધ મહિલાએ પોતાની બે પુત્રવધૂઓ રેખા અને મંજુ સાથે કિશોરીને નોખા ગામે લઈ જવાનું કહી બીજી ટ્રેનમાં બેસાડી હતી. નોખા ખાતે રેખાબેનના ઘરે લઈ ગયા બાદ કિશોરીને બહાર જવા દેવામાં આવતી ન હતી.

ત્યાં 3 નવેમ્બરથી 9 નવેમ્બર સુધી સગીરાને ગોંધી રાખવામાં આવી હતી. આ દરમ્યાન રેખા, મંજુ અને પરિવારના અન્ય સભ્યોની મદદથી રાકેશ નામના શખ્સે અલગ-અલગ સમયે અને રૂમમાં સગીરા સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનું ફરિયાદમાં નોંધાયું છે.

બાદમાં ગત 10 નવેમ્બરે રાત્રે પોલીસને જાણ થતાં સગીરાને નોખા પોલીસ સ્ટેશન લઈ જવાઈ હતી અને ત્યારબાદ બિકાનેરના મહિલા આશ્રમમાં સારવાર અને રહેવાની વ્યવસ્થા કરાઈ હતી.



આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે.

વૃષભ : બ. વ. ઉ.

તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે.

મિથુન : ક. છ. ઘ.

શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરામ તથા પોષ્ય આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

કર્ક : ડ. હ.

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારામાંના કેટલાક દાગીના અથવા હોમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે.

સિંહ : મ. ટ.

તમારૂં અવિચારી વર્તન પત્ની સાથેના સંબંધો બગાડી શકે છે. કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. કમિશન,ડિવિડન્ડ અથવા રોયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.

કન્યા : પ. ઠ. ણ.

તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો.

તુલા : ર. ત.

તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુ:ખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

વૃશ્ચિક : ન. ય.

મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે.

ધન : ભ. ધ. ફ. ઢ.

તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

મકર : ખ. જ.

માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

કુંભ : ગ. સ. શ. ષ.

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમે જો ઓફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

મીન : દ.ચ. ઝ. થ.

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

ગંભીર ખતરો

ગિરનારની પવિત્ર યાત્રા દરમિયાન બેદરકારી, પ્રતિબંધ છતાં અનેક યાત્રિકોના બેગમાંથી નીકળ્યા પ્લાસ્ટિકના ઢગલા



(એજન્સી) જૂનાગઢ | તા.21

ગિરનારની પવિત્ર પરિક્રમા દરમિયાન કેટલાક યાત્રિકોની બેદરકારીભરી પ્રકૃતિ અને વન્યજીવો માટે મોટું સંકટ ઊભું કરી રહી છે. જંગલને પ્રદૂષણમુક્ત રાખવા વનવિભાગ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવા છતાં, પ્રવેશદ્વાર પર જપ્ત થયેલા પ્લાસ્ટિકના વિશાળ ઢગલા જોઈને પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પરિક્રમાના પ્રથમ પ્રવેશદ્વાર ગણાતા ઈટવા ઘોડી ખાતે વનવિભાગના કર્મચારીઓ દ્વારા દરેક યાત્રિકના સામાન અને બેગનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તપાસ દરમિયાન યાત્રિકોની બેગમાંથી પાણીની ખાલી બોટલો, ઠંડા પીણાની બોટલો, નાસ્તાના પેકેટ અને પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. વનતંત્રએ આ તમામ પ્લાસ્ટિક જપ્ત કરી જંગલ વિસ્તારમાં જતું અટકાવ્યું છે, જેના કારણે ચેકપોસ્ટ પાસે જ પ્લાસ્ટિકના મોટા ઢગલા ખડકાયા છે. આમ છતાં, અમુક લોકો તંત્રની નજર ચૂકવીને છુપાવીને પ્લાસ્ટિક જંગલમાં લઈ જતા હોવાની રાવ ઊઠી છે.જંગલની અંદર પરિક્રમા રૂટ પર પ્લાસ્ટિક ફેલાતું રોકવા માટે વનતંત્ર દ્વારા 13 જેટલી ખાસ એન્ટી પ્લાસ્ટિક સ્કવોડ તૈનાત કરવામાં આવી છે. રૂટ પર તપાસ દરમિયાન જે વ્યક્તિ પાસેથી પ્લાસ્ટિક મળી આવે તેમની પાસેથી સ્થળ પર જ દંડ વસૂલવામાં આવી રહ્યો છે. બીજી તરફ, પ્રકૃતિ પ્રેમી સંસ્થાઓ અને વનવિભાગ દ્વારા 'પ્લાસ્ટિક મુક્ત ગિરનાર'ના સંદેશા સાથે યાત્રિકો પાસેથી પ્લાસ્ટિક લઈને તેના બદલે વિનામૂલ્યે કાપડની ઈકો-ફ્રેન્ડલી થેલીઓનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

દિવાળી પર્વે શ્રદ્ધાળુઓના દાનની સરવાણીથી અંબાજી મંદિરની દાનપેટી છલકાઈ

12 લાખથી વધુ માઈ ભક્તોએ મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવ્યું

(એજન્સી) અંબાજી | તા.21

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં દિવાળી સિઝનમાં ભક્તોએ માનો ભંડારો છલકાવ્યો હતો. એકમથી પાંચમ સુધીના 5 દિવસમાં 1 કરોડથી વધુની રોકડ આવક નોંધાઈ છે, જે ભક્તોની અતૂટ શ્રદ્ધા દર્શાવે છે. આ 5 દિવસમાં અંદાજે 12 લાખથી વધુ ભક્તોએ માં અંબાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે સુંદર વ્યવસ્થા કરાઈ હતી.સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરની દિવાળી સિઝન એકમથી પાંચમ સુધી પાંચ દિવસમાં એક કરોડથી વધુની આવકથી ભક્તોએ માનો ભંડારો છલકાવ્યો હતો. દર વર્ષે માતાજીના ભંડારાની આવકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.જેમ સોનું-ચાંદી અલગ તથા પ્રસાદીની આવક પણ અલગ માત્ર ભંડારાની આવક જ એક કરોડથી વધુ થવા પામી છે. જેમાં માના ભક્તોની અતૂટ શ્રદ્ધા જોવા મળી રહી છે. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં દર વર્ષે લાખોની સંખ્યામાં



માઈ ભક્તો નવા વર્ષના દિવસે જગતજનની માં અંબાના દર્શન કરવા અચૂક આવે છે.માં અંબાના ના દર્શનાર્થે આવતા ભક્તોની સંખ્યા દિવસે ને દિવસે સતત વધતી રહે છે. આ વખતે પણ દિવાળી સિઝનમાં એકમથી પાંચમ સુધી અંદાજિત 12 લાખથી પણ વધુ માઈ ભક્તોએ માં અંબાના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. જેના લીધે માત્ર ભંડારાની રોકડ રકમ જ એક કરોડથી વધુ થવા જાય છે. દર વર્ષે માતાજીના ભંડારાની આવકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા એકમથી પાંચમ સુધી માઈ ભક્તોના [illegible]ને પહોંચી વળવા [illegible]ય વ્યવસ્થા કરવામાં આવી હતી. યાત્રિકો સરળતાથી દર્શન કરી શકે, તથા માતાજીનો પ્રસાદ મેળવી શકે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પાંચ દિવસ દરમિયાન ખૂબ મોટા પ્રમાણમાં પગપાળા સંઘો પણ આવ્યા હતા. તેમણે માના શિખર એ ધજાઓ પણ ચડાવી હતી. ઉપરાંત અનેક લોકો પગપાળા માં અંબાના દર્શને પણ આવ્યા હતા.આ પાંચ દિવસ દરમિયાન માં અંબાનો ચાચર ચોક માઈ ભક્તોના પ્રવાહથી છલકાઈ ગયો હતો. સતત બોલમાડી અંબે જય જય અંબેના નાદોથી ચાચર ચોકને પણ ગજવી દીધો હતો. સાથે માઈ ભક્તોએ માં અંબાના ચરણોમાં શીશ ઝુકાવી સૌ પોતાની યથાશક્તિ પ્રમાણે દાનની સરવાણી વહેવડાવી હતી. જે જોતા માતાજીનો ભંડારો છલકાઈ જવા પામ્યો હતો. જેથી મંદિર ટ્રસ્ટ દ્વારા આ રકમથી વધુ વિકાસના કાર્યો હાથ ધરવામાં આવશે તેવું મંદિરના વહીવટદારે જણાવ્યું હતું.

જૂનાગઢના રબારીકાની સીમમાં માનવ-વન્યજીવ સંઘર્ષની કંપાવનારી ઘટના, સિંહણના હુમલામાં ખેત મજૂરનું મોત

(એજન્સી) જૂનાગઢ | તા.21

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રબારીકા ગામની સીમમાં માનવ અને વન્યજીવ વચ્ચેના સંઘર્ષની એક અત્યંત હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. ગામની સીમમાં આવેલી હકુભાઈની વાડીમાં ભાગીયું રાખી મહેનત-મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા 50 વર્ષીય પ્રૌઢ વેલજીદાફડા પર અચાનક એક સિંહણે હુમલો કરી તેમને ફાડી ખાધા હતા. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે શોક અને ભયનો માહોલ છવાઈ ગયો છે.આ વિશે વનવિભાગના જણાવ્યા પ્રમાણે, વેલજીભાઈ ખેતરમાં ઊભેલા તુવેરના પાકમાં પાણી વાળવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ધસી આવેલી એક સિંહણે તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા બાદ સિંહણ તેમના મૃતદેહને 50 થી 100 મીટર દૂર ઢસડી ગઈ હતી અને શરીરનો અમુક ભાગ ફાડી ખાધો હતો.ખેતરની કામગીરી પૂર્ણ થવાનો સમય થઈ ગયો હોવા છતાં વેલજીભાઈ ઘરે પરત ન ફરતા અને તેમનો ફોન પર સંપર્ક ન થતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. પરિવારજનોએ વાડીએ પહોંચીને શોધખોળ હાથ ધરી ત્યારે ખેતરમાંથી તેમનો એક પગ મળી આવ્યો હતો. આ દ્રશ્ય જોઈને પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું અને સમગ્ર વાડી વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો.

ભરણપોષણના કેસની દાઝમાં બનેવી સહિત ત્રણનો સાળા પર જીવલેણ હુમલો

ભાવનગર : ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સિદસર ચોકડી પાસે ભરણપોષણના કેસની દાઝ રાખીને એક યુવક પર પાઈપ અને લાકડી વડે હુમલો કર્યાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકને ડાબા પગમાં બે અને ડાબા હાથમાં એક ફ્રેક્ચર થયું છે તથા માથામાં છ ટાંકા લેવા પડ્યા છે. ઘટના અંગે વરતેજ પોલીસે ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ગઢડા તાલુકાના રહેવાસી પ્રતાપભાઈ દેવાભાઈ વાઘેલા (ઉ.વ. ૪૦) ભાવનગર કોર્ટનું વોરંટ કેન્સલ કરાવવા માટે બનેવી ધારશીભાઈ સાથે મોટરસાયકલ પર નીકળ્યા હતા. સવારે આશરે ૧૦ વાગ્યે તેઓ વરતેજ ગામની સિદસર ચોકડી નજીક આર.કે. રેસ્ટોરન્ટ સામે પહોંચ્યા ત્યારે પ્રતાપભાઈના બનેવી ગણેશ દુલાભાઈ ચારોલીયા હાથમાં લોખંડની પાઈપ લઈને ધસી આવ્યા હતા અને આગળ વધતા અટકાવ્યા હતા.પ્રતાપભાઈ ડરી જઈને બાઈક પરથી ઉતરી રસ્તાની સામેની બાજુએ ગયા હતા. તે દરમિયાન સંજય દુલાભાઈ ચારોલીયાએ ફાયબરની જાડી લાકડીથી ડાબા પગમાં ત્રણ-ચાર ઘા મારતા તેઓ નીચે પડી ગયા હતા. ત્યારબાદ દુલા લાખાભાઈ ચારોલીયાએ ડાબા હાથમાં લોખંડના પાઈપથી અને ગણેશએ માથામાં લોખંડના પાઈપથી ઘા મારતા પ્રતાપભાઈ લોહીલુહાણ થઈ બેભાન બન્યા હતા. હુમલાખોરોએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઘાયલને ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં માથામાં છ ટાંકા લેવાયા અને ફ્રેક્ચર માટે ઓપરેશનની જરૂર જણાવાઈ હતી.

ધ્રોલના લતીપર ગામે તસ્કરો ત્રાટક્યા : વાડીના ગોડાઉનમાંથી ૩.72 હજારનો 40 મણ કપાસ ચોરાયો



જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં તસ્કરોએ ખેડૂતની વાડીમાં આવેલા ગોડાઉનને નિશાન બનાવી અંદર રાખેલો આશરે 40 મણ કપાસ, જેની કિંમત રૂ.72 હજાર થાય છે, તેની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.લતીપર ગામની રામાણી શેરીમાં રહેતા અને ખેતીકામ કરતા હિતેશભાઈ અરજણભાઈ રામાણી પટેલ (ઉ.વ.41)ની વાડી લતીપરથી પીઠળ ગામ તરફ જવાના રસ્તા પર આવેલી છે. ગત તા.19 નવેમ્બરના સાંજના સાત વાગ્યાથી તા.20 નવેમ્બરના સવારે છ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ વાડીમાં આવેલા બંધ ગોડાઉનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ગોડાઉનમાં રાખેલો આશરે 40 મણ કપાસ, જેની કિંમત રૂ.72,000 થાય છે, તેની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે હિતેશભાઈ રામાણીએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 331(4) અને 305(એ) હેઠળ ગુનો નોંધી અજાણ્યા તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

ગાયન, વાદન અને નૃત્યના સંગમથી શ્રોતાઓ મંત્રમુગ્ધ

વડનગરમાં બે દિવસીય તાના-રીરી મહોત્સવનું ભવ્ય સમાપન



(એજન્સી) વડનગર | તા.21

વડનગરમાં આયોજિત બે દિવસીય તાના-રીરી મહોત્સવ-2026નું શુક્રવારે (20 નવેમ્બર) સમાપન થયું હતું. ભક્ત કવિ નરસિંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠાની બે દીકરીઓ તાના અને રીરીની કલા તથા બલિદાનના સંસ્મરણને લઈને પ્રતિવર્ષ સમાધિ સ્થળે શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ યોજાય છે.

શાસ્ત્રીય સંગીતના મૂર્ધન્ય કલાકારોની કર્ણપ્રિય પ્રસ્તુતિએ શ્રોતાઓને ડોલાવ્યા. વડનગરમાં તાના-રીરી સમાધિસ્થળે રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને મહેસાણા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત બે દિવસના સંગીત મહોત્સવના પ્રથમ દિવસે કુમારી સૂર્યા ગાયત્રીએ પોતાના શાસ્ત્રીય ગાયનથી વાતાવરણમાં ભક્તિભાવ રેલાવ્યો હતો. પદ્મ શ્રી પંડિત તેજેન્દ્ર નારાયણ અને વિદ્વાન કુમારેશ રાજગોપાલને શાસ્ત્રીય યુગલવાદન દ્વારા સંગીતની ભવ્યતાના દર્શન કરાવ્યા હતા. જ્યારે હાર્દિક દવેએ લોકગીતોની સુમધુર રજૂઆતથી વડનગરને સંગીતમય બનાવી દીધું હતું.

તેમજ બીજા દિવસે પંડિત જયતીર્થ મેવુન્ડી શાસ્ત્રીય ગાયન, પંડિત પૂર્વાંયન ચેટજી અને તેમના વૃંદ દ્વારા શાસ્ત્રીય વાદન અને ભૌમિક શાહ લોકકલા ક્ષેત્રે પોતાની પ્રસ્તુતિ રજૂ કરી હતી. બે દિવસ સુધી ગાયન, વાદન અને નૃત્યના રચાયેલા ત્રિવેણી સંગમથી શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા હતા.જ્યારે દેશમાં સંગીત ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓનું તાના-રીરી એવોર્ડ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દ્વારા સંગીત જગતના કલાકારોને પ્રોત્સાહન આપવાની સાથે-સાથે વડનગરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળી રહી છે.

જામનગરમાં પાણીની સ્થિતિ સંતોષકારક

જુલાઈ સુધીની ચિંતા ટળી, 31 ડિસેમ્બર સુધી નર્મદાનું પાણી મળતું રહેશે તો પૂરતો જથ્થો ઉપલબ્ધ થશે

(એજન્સી) જામનગર | તા.21

જામનગર શહેરના નગરજનોને નિયમિત અને પૂરતું પાણી મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા પાણીનું વ્યવસ્થાપન કરવામાં આવી રહ્યું છે. હાલ શહેરની પાણીની જરૂરિયાતનો મુખ્ય આધાર નર્મદાના નીર પર છે. શહેરને પાણી પૂરું પાડતા રણજીતસાગર, ઉંડ-1, ઉંડ-2 સહિતના જળાશયો અને સસોઈ ડેમમાં વરસાદી પાણીની આવક થઈ હતી. જોકે હવે આગામી સમયની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નર્મદાના પાણી પર આધાર રાખવામાં આવી રહ્યો છે.રાજ્ય સરકાર દ્વારા હાલ પ્રતિદિન 10 એમસીએફટી નર્મદાનું પાણી જામનગર માટે ફાળવવામાં આવી રહ્યું છે. દિવાળીના તહેવારો દરમિયાન નર્મદાના પાણીનો પ્રવાહ બંધ રહ્યો હતો, પરંતુ ત્યારબાદ ગત 15મી તારીખથી ફરી પ્રતિદિન 10 એમસીએફટી પાણી ઠાલવવાનું શરૂ કરવામાં આવ્યું છે.હાલની સ્થિતિએ જામનગર શહેરને એકાંતરા પાણી વિતરણ કરવા માટે 31 ડિસેમ્બર સુધી ચાલી શકે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જાણવા મળે છે. જો 31 ડિસેમ્બર સુધી પ્રતિદિન 10 એમસીએફટી નર્મદાનું પાણી સતત મળતું રહે તો શહેરને એકાંતરા પાણી વિતરણ કરવા માટે આગામી જુલાઈ મહિના સુધીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ થઈ શકે છે. પરિણામે હાલની સ્થિતિએ શહેરમાં પાણીની કોઈ મોટી સમસ્યા સર્જાવાની શક્યતા નથી. જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડીયા તેમજ ડી.એમ.સી.,એ.એમ.સી. અને વોટર વર્કર વિભાગની સમગ્ર ટીમ દ્વારા પાણી વિતરણ સંબંધે ચિંતા કરવામાં આવી રહી છે, અને મહાનગરપાલિકાના મેયર, ડે.મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન તથા અન્ય પદાધિકારીઓ પણ પાણી બાબતે અંગત રસ દાખવી રહ્યા છે.

જામનગર મહાનગરપાલિકાના વોટરવર્ક્સ શાખાના મુખ્ય અધિકારી નરેશ પટેલના જણાવ્યા અનુસાર, શહેરમાં હાલ પ્રતિદિન 150થી 155 એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવે છે. નગરજનોને એકાંતરા પાણી આપવામાં આવે છે અને દરેક વખતે આશરે 45 મિનિટ સુધી પાણી પૂરું પાડવામાં આવે છે. હાલ પાણીની અછત કે વિતરણ અંગે કોઈ મોટી ફરિયાદ નથી.

ધ્રોળના વાંકીયા ગામની સીમમાં વાડી પાસેથી વિદેશી દારૂ સાથે મધ્યપ્રદેશનો શખ્સ ઝડપાયો : 17 નંગ વિદેશી દારૂની બોટલ કબજે

ધ્રોલ: ધ્રોલ તાલુકાના વાંકીયા ગામની સીમમાં આવેલી એક વાડી પાસે વિદેશી દારૂ સાથે ઊભેલા મધ્યપ્રદેશના 35 વર્ષના શ્રમિકને પોલીસ પોલીસે ઝડપી લીધો હતો.પ્રાપ્ત વિગતો મુજબ, ધ્રોળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ વાંકીયા ગામ નજીક પેટ્રોલિંગમાં હતો, ત્યારે ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે વાંકીયા ગામની સીમમાં પરષોત્તમભાઈ નરશીભાઈ કણઝારિયાની વાડીમાં રહેતો નહેરુભાઈ પાંગલાભાઈ ગણાવા વિદેશી દારૂ સાથે ઊભો છે. જેના આધારે પોલીસે પંચોને સાથે રાખી સાંજે દરોડો પાડ્યો હતો. દરમિયાન વાડીના શેઢા પાસે પ્લાસ્ટિકના થેલા સાથે ઊભેલા નહેરુભાઈ પાંગલાભાઈ ગણાવા (ઉ.વ.35, મૂળ રહે. આમખૂટ ગામ, મધ્યપ્રદેશ)ની તપાસ કરતાં તેની પાસેથી વિદેશી દારૂની 180 મિલીની શીલબંધ બોટલો મળી આવી હતી. પોલીસે કુલ 17 નંગ બોટલ, જેની કિંમત રૂ.1,700 થાય છે, તે કબજે કરી હતી.

અકસ્માત સર્જી ટેમ્પોચાલક વાહન સાથે ફરાર

લાલપુર પાસે છોટા હાથીની ટક્કરે બાઇકચાલક યુવકને ગંભીર ઈજા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર નજીક 66 કેવી સબસ્ટેશન પાસે છોટા હાથી ટેમ્પોના ચાલકે બેફિકરાઈ અને પૂરઝડપે વાહન હંકારતાં મોટરસાઇકલને સામેથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં મોટરસાઇકલચાલક યુવકને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થવા ઉપરાંત ડાબા ખભા અને શરીરે છોલછાલની ઈજાઓ થઈ હતી. એટલું જ નહીં, યુવકનાં ફેફસાંને પણ નુકસાન પહોંચ્યું હોવાનું તબીબોએ જણાવ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ ટેમ્પોચાલક વાહન સાથે નાસી છૂટ્યો હતો.આ બનાવ અંગે લાલપુર પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના વિજયપુર વાડી વિસ્તારમાં રહેતા સલીમભાઈ મુસાભાઈ સમા (ઉ.વ. 45)નો પુત્ર શબીર તેના મિત્રો સાથે મોટરસાઇકલ લઈને જામનગરમાં કપડાંની ખરીદી કરવા આવ્યો હતો. ગત દિવસે બપોરે આશરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેઓ ખરીદી કરીને પરત ઘરે જઈ રહ્યા હતા ત્યારે લાલપુર 66 કેવી સબસ્ટેશન નજીક પહોંચતાં જીજે-06-એક્સએક્સ-8846 નંબરના છોટા હાથી ટેમ્પોના ચાલકે શબીરની મોટરસાઇકલને સામેથી જોરદાર ટક્કર મારી હતી.ટક્કરના કારણે શબીર રસ્તા પર પટકાતાં તેને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ઉપરાંત ડાબા ખભા અને શરીરે પણ ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ ટેમ્પોચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત શબીરને પ્રથમ લાલપુરની હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાંથી વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પૂ.મોરારીબાપુ દ્વારા ચિત્રકૂટધામમા દર વર્ષે યોજાતો સમારોહ ગુરુવારે

તલગાજરડામા પુ પ્રભુદાસબાપુની સ્મૃતિમાં સંતવાણી એવોર્ડ તથા સમુહલગ્ન

| તલગાજરડા (તખુભાઈ સાંડસુર દ્વારા)



મહુવા નજીકના પુ બાપુના વતન તલગાજરડાના ચિત્રકુટધામ ખાતે પ્રતિવર્ષની જેમ પૂ.મોરારિબાપુ દ્વારા સંતવાણી એવોર્ડઝ એનાયત કરવામાં આવશે.તથા તલગાજરડા ગામની દિકરીઓના સમુહલગ્ન આગામી તા.26/11/2026ને ગુરુવારે યોજાશે. રાત્રિના 7 કલાકે પ્રયોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ ભજનીકો, સંતવાણી વાદકો તેમજ સંતવાણી પ્રેમીઓની બહોળી ઉપસ્થિતિમાં પૂ.મોરારિબાપુના હસ્તે સંતવાણીના આદિ સર્જકની વંદના અંતર્ગત સંત શ્રી પૂ. સુખરામજી બાપુ,મોટા ભમોદરાની વંદના થશે. જ્યારે સુપ્રસિદ્ધ ભજનીક દેવરાજ ગઢવી, નાનો ડેરો, (બાડા-કચ્છ),તબલા વાદક પ્રતાપભાઈ બારોટ,જુનાગઢ, તથા હિતેશગીરી ગણપતગીરી ગોસાઈ (બાબરા રાજકોટ) તથા મંજીરાવાદક સંજયભાઈ (જમનાદાસ)કાપડી જામનગર ને વર્ષ ૨૦૨૬ નો સંતવાણી એવોર્ડ આપીને વંદના કરવામાં આવશે.

એવોર્ડ અર્પણ વિધિ બાદ પૂ. બાપુનું પ્રાસંગિક ઉદબોધન થશે અને ત્યારબાદ રાજ્યના સુપ્રસિદ્ધ ભજનીકો દ્વારા સંતવાણીની પ્રસ્તુતિ થશે.

પૂ. પ્રભુદાસબાપુની પુણ્યતિથિ (કારતક વદ બીજ) નિમિતે પૂ. મોરારીબાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં દર વર્ષે આ તિથિએ સંતવાણી એવોર્ડઝ અર્પણ કરીને સંતવાણીના રચયિતા, સંતવાણી-ભજનના ગાયક તેમજ સંતવાણીના વાદ્ય સંગીતકારોની વંદના કરવાનો ઉપક્રમ રચાય છે.આ દિવસે સવારના સમયે તલગાજરડા ગામની દિકરીનાં સમુહલગ્ન પણ યોજાશે.

ખીજડીયાની સીમમાંથી બનાવટી ઘીની ફેક્ટરી ઝડપાઈ

જામનગરવાસીઓ શું તમે નકલી ઘી તો નથી ખાઈ રહ્યા ને ?

(એજન્સી) જામનગર | તા.21

જામનગરવાસીઓના આરોગ્ય સાથે ખિલવાડ કરનારાઓ બેફામ બન્યા છે. જાણે કોઈનો ડર ન હોય તેમ છાશવારે બનાવટી વસ્તુઓની ફેક્ટરીઓ ઝડપાય છે. જિલ્લાના રવાણી ખીજડીયા ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી બનાવટી ઘી બનાવવાનું કારખાનું ઝડપાયું છે. પંચકોષી A ડિવિઝન પોલીસે દરોડા પાડી કુલ રૂ. 5.77 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારી દ્વારા ઘીના નમૂના લઈ તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે.મળતી માહિતી પ્રમાણે, પંચકોષી A ડિવિઝનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે સમયે બાતમી મળી હતી કે રવાણી ખીજડીયા ગામની સીમમાં આવેલી વાડીમાં ભરત ખીમસુરીયા અને મનસુખ ખીમસુરીયા બનાવટી ઘી બનાવવાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.મળેલી બાતમીના આધારે પોલીસે દરોડા પાડતાં મનસુખ ખીમસુરીયા સ્થળ પર હાજર મળી આવ્યા હતા અને ત્યાં મશીનરી દ્વારા બનાવટી ઘી બનાવવાની કામગીરી પણ ચાલુ હતી. આ મામલે ફૂડ વિભાગને જાણ કરાતા અધિકારી

6 વર્ષના ઈતિહાસમાં અમેરિકાના શેરમાર્કેટમાં સૌથી ભયાનક કડાકો, 2026ની કમાણી માત્ર 1 જ દિવસમાં ગાયબ!

(એજન્સી) નવી દિલ્હી | તા.21

અમેરિકન શેરબજારમાં છેલ્લા 6 વર્ષના ઈતિહાસનો સૌથી ભયાનક કડાકો બોલાઈ ગયો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સેક્ટરની કંપનીઓ પરના ભારે ખર્ચ અને વળતર અંગે વધી રહેલી ચિંતા વચ્ચે 2026 માં રોકાણકારોએ મેળવેલો તમામ નફો માત્ર 1 જ દિવસના ઘટાડામાં ધોવાઈ ગયો છે.છેલ્લા એક સપ્તાહ દરમિયાન અમેરિકન માર્કેટમાંથી આશરે $6 Trillion નું જંગી નુકસાન થયું છે, જ્યારે માત્ર શુક્રવારે જ $1 Trillion ગાયબ થઈ ગયા હતા. S&P 500 ઈન્ડેક્સ સતત 7 સેશનથી ઘટી રહ્યો છે, જે 2020 ના કોરોનાકાળ પછીનો સૌથી લાંબો ઘટાડો છે. શુક્રવારે AI સ્ટાર્ટઅપ Anthropic નો રેકોર્ડબ્રેક IPO લિસ્ટ થયા બાદ બજારમાં રિકવરીની આશા હતી. જોકે, લિસ્ટિંગના બીજા જ દિવસે તેનો શેર 9% ગગડીને $88.30 પર આવી ગયો હતો. આ સાથે જ માર્કેટમાં AI સંબંધિત ટેક શેરોમાં ભારે વેચવાલી શરૂ થઈ ગઈ હતી.

પ્રમુખ ઈન્ડેક્સના આંકડા (Friday Close)



Nasdaq Composite: 5.28% તૂટીને 22,617.73 પર બંધ રહ્યો (સાલ 2026 ના તમામ ગેઈન્સ ધોવાઈ ગયા).S&P 500: 3.7% ના ઘટાડા સાથે 6,910.39 પર બંધ.Dow Jones Industrial: 949.73 પોઈન્ટ (1.93%) ગગડીને 48,147.33 પર બંધ.Nvidia & SanDisk: Nvidia માં 14% અને SanDisk માં 14% નો જંગી કડાકો જોવા મળ્યો.

રોકાણકારો હવે AI સેક્ટરમાં ડેટા સેન્ટર્સના નિર્માણની ધીમી રફ્તાર, અતિશય વેલ્યુએશન અને ફંડિંગની અછતને કારણે કંપનીઓની કમાણી પર સવાલ ઉઠાવી રહ્યા છે. વધુમાં, US Federal Reserve દ્વારા વ્યાજદરો વધારવાની આશંકાથી પણ સેન્ટિમેન્ટ ખરાબ થયું છે.

એશિયા અને યુરોપના બજારોમાં પણ ભયાનક અસર

અમેરિકન શેરબજારના કડાકાની અસર વૈશ્વિક સ્તરે જોવા મળી છે. તાઈવાન માર્કેટ 6.7%, જાપાનનો Nikkei 5% અને દક્ષિણ કોરિયાનો Kospi ઈન્ડેક્સ 5.5% સુધી તૂટ્યો છે. જ્યારે બિટકોઈન પણ $60,000 ની નીચે ગગડી ગયો છે. રોકાણકારો હવે રિસ્કી AI શેરોમાંથી નાણાં પાછા ખેંચી સેફ એસેટ્સ અને ભારતીય બજાર જેવા ઈમર્જિંગ માર્કેટ્સ તરફ વળી રહ્યા છે.

હજુ ઘટશે ગોલ્ડના ભાવ? 'રિચ ડેડ પુઅર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ કરી મોટી 'ભવિષ્યવાણી'

(એજન્સી) નવી દિલ્હી | તા.21



આંતરરાષ્ટ્રીય અને ભારતીય બજારમાં સોના અને ચાંદીના ભાવમાં અત્યારે ભારે ભૂકંપ આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું આ સપ્તાહે આશરે 9 ટકા જેટલું ગગડીને 14 મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયું છે. જો તમે પણ સોનામાં રોકાણ કરવા કે ખરીદી કરવા જઈ રહ્યા હોવ તો પ્રખ્યાત પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ' (Rich Dad Poor Dad) ના લેખક રોબર્ટ કિયોસાકીનો આ મહત્ત્વપૂર્ણ મેસેજ જાણવો ખૂબ જરૂરી છે. કિયોસાકીના મતે, આ ગભરાટના સમયમાં બજારના મોટા અને મજબૂત ખેલાડીઓ ખરીદી કરવા માટે હજુ યોગ્ય તકની તાકમાં બેઠા છે, એટલે કે સોનાના ભાવ હજુ વધુ ઘટી શકે છે.રોબર્ટ કિયોસાકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વિટર) પર લખ્યું હતું કે, "ક્રેશ: સારો કે ખરાબ? સોનું, ચાંદી અને બિટકોઈન ઘટી રહ્યા છે. નબળી માનસિકતા ધરાવતા રોકાણકારો વેચી રહ્યા છે, જ્યારે મજબૂત રોકાણકારો ખરીદી માટે રાહ જોઈ રહ્યા છે." કિયોસાકીએ પોતે સ્પષ્ટ કર્યું કે તેઓ આ ભાવઘટાડાનો લાભ લઈને બિટકોઈન અને અન્ય મિલકતોમાં પોતાનું રોકાણ વધારવાની તક શોધી રહ્યા છે.

સિંગાપોર સ્પોટ બજારમાં સોનું 2.3 ટકા ઘટીને 3543.19 ડોલર પ્રતિ ઔંસ પર આવી ગયું છે, જે સપ્ટેમ્બર 2025 પછીનું સૌથી નીચલું સ્તર છે. ભારતીય વાયદા બજાર (MCX) પર પણ સોનું 3.94 ટકા ઘટીને 122430 રૂપિયા પ્રતિ 10 ગ્રામ અને ચાંદી 5.73 ટકા ઘટીને 148466 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ છે.અમેરિકા-ઈરાન યુદ્ધ બાદ તેલ અને ગેસના વધતા ભાવથી મોંઘવારી વધી છે, જેના કારણે યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજદરોમાં કડક વલણ અપનાવ્યું છે. ટેક અને એઆઈ (AI) શેરોમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા રોકાણકારો સોનું વેચીને રોકડ એકઠી કરી રહ્યા છે.કિયોસાકીના સંકેત મુજબ, બજારમાં સોનાના ભાવ હજુ વધુ તળિયે જઈ શકે છે. તેમણે યુએસ ફેડરલ રિઝર્વ અને બેંકોની નીતિઓ સામે સવાલો ઉઠાવતા કહ્યું કે સરકારી ચલણ સમય જતાં સામાન્ય માણસની બચતની તાકાત ઘટાડી દે છે. આથી જ તેઓ નીચા ભાવે સોનું અને અન્ય એસેટ્સ ખરીદવાની સલાહ આપે છે.

News Brief

ધિરાણદારો સાથેની બેઠકમાં રિઝર્વ બેન્ક સાઈબર હુમલા અને સોનાના ભાવમાં કડાકા પર ચર્ચા કરશે

મુંબઈ : નાણાં સંસ્થાઓ પર થઈ રહેલા સાઈબર હુમલા તથા સોનાના ભાવમાં થયેલા મોટા કડાકા બાદ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ નાણાં સંસ્થાઓને સચેત રહેવા સૂચના આપવા ઉપરાંત આવતા સપ્તાહના પ્રારંભમાં નોન બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઓ (એનબીએફસીસ)ના ચીફ એક્ઝિકયૂટિવ ઓફિસર્સ (સીઈઓ)ની ખાસ બેઠક બોલાવાઈ હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યુ હતું.સાઈબર હુમલાને કારણે નાણાં સંસ્થાઓ સામે વધેલા જોખમ, ગોલ્ડ લોન્સમાં વધુ પડતી ઉદારતા તથા નબળા ચોમાસાને કારણે કૃષિ ક્ષેત્રની નબળી સ્થિતિને ધ્યાનમાં રાખી કૃષિ લોનની રિકવરી જેવા મુદ્દાઓ ૨૩મી નવેમ્બરની બેઠકમાં ચર્ચાશે.

છેલ્લા કેટલાક સપ્તાહથી ભારત સહિત વિશ્વના અનેક દેશોની નાણાં સંસ્થાઓ પર સાઈબર હુમલામાં વધારો થયો છે, જેને પરિણામે કરોડો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.આ ઉપરાંત વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે સોનાના ભાવમાં જોરદાર કડાકો બોલાઈ ગયો છે, જેને કારણે ઊંચા ભાવની ગોલ્ડ લોન જોખમમાં મુકાઈ જવાની શકયતા વધી ગઈ છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ પાંચ મહિનામાં ગોલ્ડ લોનની નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ)માં વધારો થયાનું રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે.

વિદેશી રોકાણકારો પુન: ભારતીય બજાર તરફ વળ્યા

નવી લિસ્ટેડ કંપનીઓ થકી બીએસઈની માર્કેટ કેપમાં રૂપિયા ૩૧ લાખ કરોડથી વધુનો ઉમેરો

વર્તમાન વર્ષમાં બીએસઈ પર અત્યારસુધી એકંદર 300 નવી કંપનીઓનું લિસ્ટિંગ

(એજન્સી) મુંબઈ | તા.21

બીએસઈ પર લિસ્ટેડ શેરોની માર્કેટ કેપ વધીને વર્તમાન મહિનામાં રૂપિયા ૫૧૨.૨૭ લાખ કરોડની ઓલ ટાઈમ હાઈ સપાટીએ જોવા મળી હતી. વર્તમાન મહિનામાં ભારતીય શેરબજારમાં એકધારી તેજીને પરિણામે માર્કેટ કેપ ઊંચે જવા પામી છે ત્યારે ડિસેમ્બર, ૨૦૨૫થી અત્યારસુધીમાં બીએસઈ પર લિસ્ટેડ થયેલી નવી કંપનીઓએ માર્કેટ કેપમાં રૂપિયા ૩૧.૬૦ લાખ કરોડનો ઉમેરો કર્યો હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. બીએસઈમાં લિસ્ટેડ શેરોની એકંદર માર્કેટ કેપ ૧લી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રૂપિયા ૪૭૪.૫૩ ટ્રિલિયન રહી હતી. વર્તમાન વર્ષમાં જિઓ પ્લેટફોર્મ્સ, એનએસઈ, એસબીઆઈ ફન્ડ સહિતની લિસ્ટેડ થયેલી અંદાજે ૩૦૦ જેટલી કંપનીઓને કારણે માર્કેટ કેપમાં જોરદાર વધારો જોવા મળ્યો છે.૨૦૨૬ના વર્ષના અંતિમ ભાગમાં એટલે કે નવેમ્બરમાં વિદેશી સંસ્થાકીય



રોકાણકારો (એફપીઆઈ) ભારતીય બજારમાં સક્રિય બનતા બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ સેન્સેકસ તથા નિફ્ટી૫૦ તેમની ઓલ ટાઈમ હાઈ નજીક પહોંચી ગયા છે અને રેલી જળવાઈ રહેશે તો વર્ષના અંત સુધીમાં નવી ઊંચી સપાટી જોવા મળવાની બજારના ખેલાડીઓ અપેક્ષા રાખી રહ્યા છે.

ગયા વર્ષના ૧લી ડિસેમ્બરે સેન્સેકસે ૮૬૧૫૯.૦૨ની ઓલ ટાઈમ હાઈ સપાટી દર્શાવી હતી. વર્તમાન સપ્તાહમાં સેન્સેકસ ઈન્ટ્રાડેમાં ૮૪૦૦૦ની ઉપર જોવા મળ્યો હતો. ડિસેમ્બર, ૨૦૨૫થી અત્યારસુધીમાં બીએસઈ પર ૨૯૯ કંપનીઓ લિસ્ટ થઈ છે જેને કારણે માર્કેટ કેપમાં રૂપિયા ૩૧.૫૯ લાખ કરોડનો ઉમેરો થયો છે.૨૦૨૬ની જેમ ૨૦૨૭નું કેલેન્ડર વર્ષ પણ પ્રાઈમરી માર્કેટ માટે સારુ રહેવાની શકયતા જોવા મળી રહી છે. આગામી વર્ષમાં અસંખ્ય કંપનીઓ બજારમાં જાહેર ભરણાં લાવવાની કતારમાં હોવાનું પ્રાપ્ત અહેવાલોમાં જણાવાયુ હતું.વર્તમાન વર્ષમાં સ્મોલ તથા મિડકેપની સરખામણીએ લાર્જકેપ કંપનીઓની કામગીરી સારી રહી હોવાનું જોવા મળી રહ્યુ છે. જો કે વૈશ્વિક સ્તરે ભૌગોલિકરાજકીય અનિશ્ચિતતા દૂર થવા લાગતા તથા ક્રુડ તેલના ભાવ ઘટાડા તરફી રહેતા સેકન્ડરી બજાર માટે આગામી વર્ષ સારુ રહેવાની ધારણાં રાખવામાં આવી રહી છે.અત્રે ઉલ્લેખનિય છે કે ભારતીય બજારમાં વિદેશી રોકાણકારોનું નવેમ્બરમાં પુનરાગમન થયું છે અને ઈક્વિટી કેશમાં તેમની ખરીદી રૂપિયા એક લાખ કરોડને પાર કરી ગઈ છે, તેને કારણે પણ માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો છે.

FCI ઓકશનમાં વધુ માંગને પગલે ઘઉંના ભાવ ઊંચકાયા

મુંબઈ : ગયા સપ્તાહમાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) દ્વારા તેના રિઝર્વમાંથી ઘઉંના વેચાણ માટે કરાયેલા ઈ-ઓકશનમાં ઘઉંના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૯૬થી ૨૬૦નો વધારો જોવા મળ્યો હતો. ખુલ્લા બજારમાં ઘઉંના ઊંચા ભાવને પરિણામે ઓકશનમાં પણ ભાવ ઊંચા કવોટ થયા છે, એમ મિલરો તથા ટ્રેડરો દ્વારા દાવો કરાયો હતો. અલ નિનોની સ્થિતિને કારણે વર્તમાન વર્ષે ઘઉંનો પાક નીચો ઊતરવાની ધારણાંએ ટ્રેડરો ઘઉંનો સ્ટોક કરવાનો વ્યૂહ ધરાવી રહ્યા છે.હરિયાણામાં ઓકશનમાં ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૨૬૪૧થી વધી રૂપિયા ૨૯૦૧ સુધી પહોંચી ગયા હતા જ્યારે મધ્ય પ્રદેશમાં ભાવ રૂપિયા ૨૬૦૫થી વધી રૂપિયા ૨૭૬૧ પહોંચી ગયા હતા. રાજસ્થાન, પંજાબ તથા ઉત્તર પ્રદેશમાં પણ ભાવ ઊંચકાયા હતા.વર્તમાન રવી મોસમમાં ઘઉંનું વાવેતર



નીચું રહ્યું હોવાના અહેવાલે ઓકશનમાં ઘઉંની માગ નીકળી હોવાનું સ્થાનિક ટ્રેડરે જણાવ્યુ હતું.૧લી નવેમ્બરના રોજ એફસીઆઈ પાસે એકંદરે ૪૪૭.૫૮ લાખ ઘઉંનો સ્ટોક જમા પડયો હતો. જે ઓકટોબરની સરખામણીએ સાધારણ નીચો હતો. જો કે ગયા વર્ષની ૧લી નવેમ્બરની સરખામણીએ સ્ટોક ૪૬ ટકા વધુ હતો.

ખાંડના ભાવમાં ભડકો, અનેક શહેરોમાં કિલોનો ભાવ રૂ. 70 સુધી પહોંચ્યો, સરકારનાં પગલાં છતાં ગ્રાહકોને રાહત નહીં

(એજન્સી) મુંબઈ | તા.21

દેશના અલગ અલગ મહાનગરો અને મોટા શહેરોમાં ખાંડના ભાવ સામાન્ય નાગરિકોને પારાવાર પરેશાન કરી રહ્યા છે. આ ભાવવધારામાં સૌથી વધારે આર્થિક માર કોલકાતાના લોકો પર પડ્યો છે, જ્યાં ખાંડનો ભાવ રૂ. 70 પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. દેશની રાજધાની દિલ્હીમાં પણ લોકોને કોઈ રાહત મળી નથી અને ત્યાં ખાંડ રૂ. 64ના સ્તરે વેચાઈ રહી છે. દેશની આર્થિક રાજધાની મુંબઈ અને ઝારખંડની રાજધાની રાંચીમાં એક સરખી સ્થિતિ છે, જ્યાં લોકોએ ખાંડ માટે પ્રતિ કિલો રૂ. 63 ચૂકવવા પડે છે. દેશના આ મોટા શહેરોમાં સૌથી ઓછો ભાવ ચેન્નાઈમાં છે, પરંતુ ત્યાં પણ ખાંડ રૂ. 60 પ્રતિ કિલો પર ટકેલી છે. ખાંડના ભાવમાં થયેલો આ વધારો અચાનક થયો નથી, પરંતુ છેલ્લા એક વર્ષથી તેનો આંકડો સતત વધતો રહ્યો છે. આંકડા પર નજર કરીએ તો છેલ્લા 1 વર્ષમાં ખાંડની કિંમતોમાં 30% સુધીનો ઉછાળો આવી ચૂક્યો છે.લોકોને આશા હતી કે કિંમતો હવે સ્થિર થશે, પરંતુ એવું બન્યું નથી. તાજી સ્થિતિ મુજબ છેલ્લા 1 મહિનામાં જ ભાવમાં આશરે 5% જેટલો વધુ વધારો થયો છે. કિંમતોમાં સતત થતા વધારાએ સામાન્ય પરિવારોના માસિક ખર્ચમાં મોટો વધારો કરી દીધો છે.મોંઘવારી પર અંકુશ મેળવવા અને પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે સરકાર હાથ પર હાથ ધરીને બેસી રહી નથી. સ્થાનિક બજારમાં ખાંડનો પૂરવઠો વધારવા અને કિંમતો નીચે લાવવા માટે સરકારે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. સરકારે અઢી લાખ ટન ખાંડની આયાતનો ક્વોટા ફરીથી જાહેર કર્યો છે, જેથી બજારમાં માલની અછત ન સર્જાય. આ ઉપરાંત ખાંડ મિલોને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે કે તેઓ પોતાનો 90% ક્વોટા આ જ મહિનામાં વેચી દે. આટલું જ નહીં, ખાંડ મિલોએ પણ આ વખતે ઘણું વહેલું અને ઝડપથી ખાંડનું ઉત્પાદન શરૂ કરી દીધું છે. સરકારના આટલા કડક પગલાં છતાં છૂટક બજારમાં ખાંડના ભાવ ઘટવાનું નામ લઈ રહ્યા નથી.

અનિલ અગ્રવાલે ભારતના વિકાસ માટે વડાપ્રધાનના વિઝનને સાકાર કરવા ઉદ્યોગજગત અને સરકારને સાથે મળીને કામ કરવા અપીલ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.21

વેદાંતા ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલે તાજેતરમાં સોશિયલ મીડિયા પર કરેલી એક પોસ્ટમાં ફિક્કી ખાતે ઉદ્યોગજગતને સંબોધિત કરતા વડાપ્રધાનના વિચારો અંગે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. તેમણે ભારતના આર્થિક વિકાસને વેગ આપવા અને મોટા પાયે રોજગારીની તકો ઊભી કરવા માટે સરકાર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે વધુ સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.અનિલ અગ્રવાલે કુદરતી સંસાધનો, ઊર્જા, ઉત્પાદન અને ભારે ઉદ્યોગો સહિતનાં ક્ષેત્રોમાં સરકારી માલિકીની કંપનીઓનું વધુ વ્યાપક ખાનગીકરણ કરવાની દરખાસ્ત રજૂ કરી છે. તેમણે જણાવ્યું હતું કે ખાનગી ક્ષેત્રના મેનેજમેન્ટથી ઉત્પાદકતામાં વધારો થઈ શકે છે, રોજગારીની નવી તકો ઊભી થઈ શકે છે અને એમએસએમઈના વિકાસને પ્રોત્સાહન મળી શકે છે. તેમના મતે, ખાનગીકરણ સાથે બે શરતો જોડાયેલી હોવી જોઈએ. પ્રથમ, કોઈ કર્મચારીને નોકરીમાંથી છૂટો કરવામાં ન આવે અને બીજી, રોજગારીમાં ત્રણ ગણો વધારો કરવામાં આવે. તેમણે કંપનીઓના હસ્તાંતરણના વિકલ્પ તરીકે જાહેર જનતાને કંપનીઓના શેરનું વિતરણ કરવાની વાત પણ કરી છે. ખાનગીકરણથી મળતી રકમનો ઉપયોગ સરકારનું દેવું ઘટાડવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવા માટે થઈ શકે છે.વડાપ્રધાનના વિશ્વાસ અને ભરોસાના અભિગમ પર ભાર મૂકતાં અગ્રવાલે લાંબી અને જટિલ મંજૂરી પ્રક્રિયાના સ્થાને સ્વ-પ્રમાણન અને સરળ નિયમો લાગુ કરવાની અપીલ કરી છે. તેમના મતે, સરકારે સ્પષ્ટ નિયમો બનાવવા જોઈએ અને ઓડિટ દ્વારા તેનું પાલન થાય તેની ખાતરી કરવી જોઈએ. આના પરિણામે ઉદ્યોગો અને નવા વ્યવસાયો ઝડપથી શરૂ કરી શકાશે અને તેમનો વ્યાપ પણ ઝડપથી વધારી શકાશે. અગ્રવાલે ખનિજો, ધાતુઓ અને હાઈડ્રોકાર્બન ક્ષેત્રોમાં સંશોધનને યુવા ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ્સ માટે એક મોટી તક ગણાવી છે. તેમણે એવી વ્યવસ્થા ઊભી કરવાની હિમાયત કરી છે, જેના હેઠળ સંશોધન ક્ષેત્રે કામ કરતા સ્ટાર્ટઅપ્સ પોતાની શોધો ઓએનજીસી અને હિન્દુસ્તાન ઝિંક જેવી સ્થાપિત કંપનીઓને વેચી શકે. આ કંપનીઓ પાસે મોટા પાયે ખાણકામ અને પ્રક્રિયા સંબંધિત રોકાણ કરવાની ક્ષમતા છે. તેમના મતે, આ વ્યવસ્થાથી સેંકડો સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળી શકે છે, યુવાનો માટે ઉદ્યોગસાહસિક બનવાની તકો ઊભી થઈ શકે છે અને દેશની સ્થાનિક સંસાધન વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી શકાય છે. પોતાની પોસ્ટના અંતમાં અગ્રવાલે ઉદ્યોગજગત, સરકાર અને નાગરિકોને ખાનગીકરણ, સેલ્ફ-સર્ટિફિકેશન અને સંશોધનને કેન્દ્રમાં રાખીને એક રાષ્ટ્રીય જનઆંદોલન ઊભું કરવા માટે સાથે આવવાની અપીલ કરી છે. ખાદ્ય ક્ષેત્રે આત્મનિર્ભરતા હાંસલ કરવામાં 'જય જવાન, જય કિસાન' આંદોલનને મળેલી સફળતાનો ઉલ્લેખ કરતાં તેમણે રોજગારી ઊભી કરવા, લોકોની આવક વધારવા અને ભારતીય રૂપિયાને મજબૂત બનાવવા માટે આવા જ સામૂહિક પ્રયાસની હિમાયત કરી છે.

એક્સિસ બેન્કે મહિલા ઉદ્યોગસાહસિકતા દિવસની ઉજવણી કરી, મહિલાઓના નેતૃત્વ હેઠળના એમએસએમઈ અને તેમના વધતા યોગદાનને બિરદાવ્યું

નવી દિલ્હી | ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેન્કોમાંની એક એક્સિસ બેન્કે તેના મુખ્ય એમએસએમઈ જોડાણ પ્લેટફોર્મ 'ઈવોલ્વ'ની સ્પેશિયલ એડિશનનું આયોજન કરીને મહિલા ઉદ્યોગસાહસિકતા દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં દિલ્હી-એનસીઆરનાં મહિલાઓના નેતૃત્વ હેઠળના 110થી વધુ બિઝનેસ એકમો જોડાયાં હતાં. આ ચર્ચામાં મહિલાઓ દ્વારા સંચાલિત બિઝનેસની જરૂરિયાતો તેમજ મૂડીની ઉપલબ્ધતા અને યોગ્ય બેન્કિંગ સોલ્યુશન્સ તેમને વધુ આત્મવિશ્વાસ સાથે બિઝનેસનો વિસ્તાર કરવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. એક્સિસ બેન્કના એસએમઈ ગ્રાહકોમાંથી આશરે 28 ટકા ગ્રાહકોમાં ઓછામાં ઓછા એક મહિલા પ્રમોટર છે. આ આંકડો એસએમઈ ક્ષેત્રમાં મહિલાઓની નોંધપાત્ર ભાગીદારી દર્શાવે છે. જ્યારે એસએમઈ ગ્રાહકોમાંથી આશરે 15 ટકા બિઝનેસ સંપૂર્ણપણે મહિલાઓની માલિકીના છે. એક્સિસ બેન્કના કુલ એસએમઈ પ્રમોટર્સમાં મહિલાઓનો હિસ્સો આશરે 22 ટકા છે, જે બિઝનેસની માલિકી અને ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં મહિલાઓની વધતી હાજરી દર્શાવે છે. મહિલા ઉદ્યોગસાહસિકો ભારતના એમએસએમઈ ક્ષેત્રની વિકાસગાથામાં એક મજબૂત શક્તિ તરીકે ઊભરી રહી છે. તેઓ નવીનતા, રોજગારીની તકો અને સ્થાનિક અર્થતંત્રના વિકાસમાં યોગદાન આપી રહી છે. આર્થિક સર્વેક્ષણ 2025-26 મુજબ, હાલમાં એમએસએમઈનો ભારતના જીડીપીમાં 31.1 ટકા હિસ્સો છે, જે દેશના અર્થતંત્રમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે.

પ્રીમિયમ સ્માર્ટફોન થશે મોંઘા! વર્ષના અંત સુધીમાં 30 ટકા વધી શકે છે ભાવ

અમદાવાદ : જો તમે નવો iPhone કે પ્રીમિયમ સ્માર્ટફોન ખરીદવાનું વિચારી રહ્યા છો તો તમારા માટે મહત્વના સમાચાર છે. આગામી દિવસોમાં સ્માર્ટફોન ખરીદવા માટે વધુ પૈસા ખર્ચવા પડી શકે છે. માર્કેટ રિસર્ચ ફર્મ કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના અહેવાલ મુજબ, વર્ષ 2026ના અંત સુધીમાં પ્રીમિયમ સ્માર્ટફોનની કિંમતોમાં 2025ની સરખામણીમાં 30 ટકાથી વધુનો વધારો થઈ શકે છે. સ્માર્ટફોન મોંઘા થવા પાછળનું સૌથી મોટું કારણ મેમરી ચિપની વધતી કિંમતો છે. આ સ્થિતિમાં અનેક કંપનીઓના ફ્લેગશિપ સ્માર્ટફોનની કિંમત રૂ.1 લાખને પાર કરી શકે છે.સ્માર્ટફોનની કિંમતોમાં સંભવિત વધારા પાછળ મેમરી ચિપની વધતી કિંમત મુખ્ય કારણ છે.કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના અહેવાલ પ્રમાણે વર્ષ 2025ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સ્માર્ટફોન બનાવવાના કુલ ખર્ચમાં મેમરી ચિપનો હિસ્સો માત્ર 13 ટકા હતો.જોકે, 2026ના અંત સુધીમાં આ હિસ્સો વધીને 43 ટકા સુધી પહોંચવાની શક્યતા છે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના ડિરેક્ટર તરુણ પાઠકના જણાવ્યા અનુસાર AI ડેટા સેન્ટર્સની વધતી માંગને કારણે DRAM અને NAND મેમરીની કિંમતોમાં મોટો ઉછાળો આવ્યો છે.તેના કારણે સ્માર્ટફોન કંપનીઓને ફોનનાં ફીચર્સ અને વિવિધ પાર્ટ્સના ઉત્પાદન ખર્ચ અંગે નવી વ્યૂહરચના બનાવવાની ફરજ પડી રહી છે.રિપોર્ટના આંકડા પ્રમાણે, વાર્ષિક ધોરણે Oppoના ફ્લેગશિપ સ્માર્ટફોનની કિંમતોમાં સૌથી વધુ 82થી 87 ટકા સુધીનો વધારો નોંધાયો છે. જ્યારે અલ્ટ્રા-પ્રીમિયમ સેગમેન્ટમાં લોકપ્રિય iPhoneની કિંમતોમાં પણ 20થી 22 ટકા સુધીનો વધારો થયો છે.

યુએસ વ્યાજ દરમાં વધારા | મજબૂત ડોલર અને બોન્ડ યીલ્ડમાં વધારાથી કિંમતી ધાતુઓ પર દબાણ વધ્યું

સોના ચાંદીના ETFએ તેમની ચમક ગુમાવી, ૬ ટકા તૂટી વર્ષના તળિયે

(એજન્સી) અમદાવાદ | તા.21

સોના અને ચાંદીના ભાવમાં સતત ઘટાડાને કારણે એક્સચેન્જ-ટ્રેડ ફંડ્સ (ઈટીએફ) પર પણ નોંધપાત્ર અસર પડી છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ પર ટ્રેડિંગ દરમિયાન ગોલ્ડ ઈટીએફ ૫% સુધી તૂટ્યા હતા, જ્યારે ચાંદીના ઈટીએફ ૬%થી વધુ તૂટ્યા હતા. વેચવાલીના ભારે વચ્ચે, ઘણા ચાંદીના ઈટીએફ ૫૨-અઠવાડિયાના નીચલા સ્તરે ઉતરી આવ્યા હતા.આંતરરાષ્ટ્રીય બજાર પર પણ કિંમતી ધાતુઓમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. સોનાનો વાયદો લગભગ ૪% તૂટીને ૩૫૨૦ ડોલર આસપાસ અને ચાંદીનો વાયદો લગભગ ૬% તૂટીને ૪૧ ડોલર પ્રતિ



ઔંસ થયો હતો. ડિસેમ્બરમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દરમાં વધારાની આશંકાએ તેમજ મજબૂત ડોલર અને બોન્ડ યીલ્ડ્સ કિંમતી ધાતુઓ પર દબાણ વધાર્યું છે. વિશ્લેષકોના મતે, યુએસ ડોલરના મજબૂત થવા અને બોન્ડ યીલ્ડમાં વધારો થવાથી સોના અને ચાંદીના ભાવ નબળા પડ્યા છે. વધતા ફુગાવાના સૂચકાંકો વચ્ચે, બજારને ડર છે કે ફેડરલ રિઝર્વ ડિસેમ્બરમાં વ્યાજ દરમાં વધારો કરી શકે છે. કિંમતી ધાતુઓ માટે બજારનું સેન્ટિમેન્ટ હાલમાં નબળું છે. આગામી સમયગાળામાં તેઓ વધુ અસ્થિરતાનો અનુભવ કરી શકે છે. તેમના મતે, ડિસેમ્બરમાં યુએસ ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિ બેઠક બજારની ભાવિ દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ રહેશે.

ડોલરનું મજબૂત થવું, ફુગાવાની અપેક્ષાઓ અને ફેડરલ રિઝર્વના નીતિ સંકેતો સોના અને ચાંદીના ભાવ કઈ દિશામાં જશે તે નક્કી કરશે.કોમોડિટી એક્સચેન્જના ડેટા અનુસાર, છેલ્લા બે અઠવાડિયામાં સોના અને ચાંદીના ભાવ ૨૫% સુધી તૂટી ગયા છે. આ સમયગાળા દરમિયાન, સોનાના ભાવમાં ૨૫.૩% અને ચાંદીના ભાવમાં ૨૦.૪%નો ઘટાડો થયો છે. ચાંદીના ભાવ જાન્યુઆરી ૨૦૨૬માં ૧૨૧.૭૮૫ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી લગભગ ૬૬% ઘટ્યા છે. સોનામાં પણ તેની રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૩૭.૩% ઘટાડો થયો છે. સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ઈટીએફમાં પણ સતત ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા સતત ત્રણ મહિનામાં ગોલ્ડ ઈટીએફમાં આશરે ૨૧% ઘટાડો થયો છે, અને તે તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૩૩% નીચે છે. આ જ સમયગાળા દરમિયાન ચાંદીના ઈટીએફ માં આશરે ૩૫% ઘટાડો થયો છે, જે તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૬૨% નીચે છે.

Anthropicનો 81.3 અબજ ડોલરનો IPO, SpaceXનો રેકોર્ડ તોડીને સાતેય ફાઉન્ડર રાતોરાત બિલિયોનેર

(એજન્સી) મુંબઈ | તા.21

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની દુનિયામાં ગુરુવાર, 19 નવેમ્બર 2026નો દિવસ સુવર્ણ અક્ષરોમાં લખાઈ ગયો છે. લોકપ્રિય AI ચેટબોટ 'Claude' (ક્લોડ) બનાવનારી કંપની Anthropicએ અમેરિકન શેરબજારમાં એવી ધમાકેદાર એન્ટ્રી કરી છે કે તેણે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. આ એક જ દિવસના ટ્રેડિંગમાં કંપનીના 7 ફાઉન્ડર રાતોરાત બિલિયોનેર થઈ ગયા છે, જેમાં 4 રિસર્ચર 1 પૂર્વ પત્રકાર, 1 પબ્લિક પોલિસી એક્સપર્ટ અને 1 એન

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 13

'વડાપ્રધાન કોંગ્રેસની વાતનું જ પુનરાવર્તન કરે છે'

વડાપ્રધાને એક કાર્યક્રમમાં કરેલી ટીપ્પણીઓ સંદર્ભે કોંગ્રેસના સાંસદ જયરામ રમેશએ કેન્દ્ર સરકાર પર તીખો હુમલો કર્યો છે. જયરામ રમેશનો દાવો છે કે વડાપ્રધાન મોદીએ રોજગાર અને વળતર બાબતે કોંગ્રેસની વાતોની જ નકલ કરી છે. આ જ બાબતે એમણે પહેલા વિરોધપક્ષોની ટીકા કરી હતી. ૨૦૨૪ લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસે બહાર પાડેલા ચૂંટણી ઢંઢેરામાં 'ન્યાયપત્ર'ના નામે જાહેરાત કરી હતી. આ જાહેરાતમાં અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા પડકારો વિશે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ન્યાયપત્રમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૪થી વળતર, રોજગારી અને ખાનગી રોકાણમાં કોઈ વધારો થયો નથી. ૨૦૧૪ પછી અસમાનતા વધી ગઈ છે. વડાપ્રધાનએ એ વખતે ન્યાયપત્રની ટીકા કરી હતી. હવે વડાપ્રધાન કોંગ્રેસના જ ચૂંટણી ઢંઢેરામાંથી મુદ્દા ઉઠાવીને લોકો સમક્ષ રજુ કરી રહ્યા છે.અલ્હાબાદ હાઇકોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસ યશવંત વર્માના ઘરમાંથી કરોડો રૂપિયાની રોકડ મળી આવ્યા પછી એમણે રાજીનામું આપી દેવું પડયું હતું. હવે એમની સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ થઈ છે જેને કારણે એમને હોદ્દા પરથી હટાવવામાં આવશે. જોકે જસ્ટીસ યશવંત વર્માએ આ સંદર્ભે લોકસભાના ચીફ સેક્રેટરી ઉત્પલ કુમાર સિંહને એક પત્ર લખ્યો છે. એમણે મહાભિયોગની પ્રક્રિયાને બંધારણ વિરુદ્ધની ગણાવી છે. આ પત્ર સાંસદો વચ્ચે વહેચવામાં પણ આવ્યો છે. જસ્ટીસ વર્માએ ફરી એક વખત કહ્યું છે કે એમના પર મુકવામાં આવેલા આક્ષેપો ખોટા છે અને તેઓ સંપૂર્ણ રીતે નિર્દોષ છે. એમણે રાજીનામું આપ્યાનો મતલબ એ નથી કે, તેઓ દોષીત છે. પત્રમાં એમણે લખ્યું છે કે, એમને દુર કરવાની કાર્યવાહી આધાર વગરની છે. ૯મી એપ્રિલે એમણે રાજીનામું આપ્યું હતું અને ત્યાર પછી એમની સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી જે ગેરબંધારણીય છે.કર્ણાટકના મુખ્યમંત્રી ડી કે શિવકુમારએ કહ્યું છે કે એમના રાજ્ય પાસે પુરતું પાણી હોતે તો તેઓ તમિલનાડુને કાવેરીનું પાણી જરૂર આપતે. હમણા તો કર્ણાટક પોતાની પાણીની જરૂરિયાત માટે જ સંઘર્ષ કરી રહ્યું છે. સુપ્રિમ કોર્ટે તમિલનાડુ સરકારની બે અરજીઓ ફગાવી દીધા પછી શિવકુમારે આ નિવેદન આપ્યું છે. આ અરજીમાં કર્ણાટકને તમિલનાડુ માટે ૧૧,૦૦૦ મિલિયન ક્યુબીક ફીટ કાવેરી પાણી છોડવાનો હુકમ કરવાની માંગણી કરવામાં આવી હતી. શિવકુમારનું કહેવું છે કે, કર્ણાટક પાસે પીવાનું પાણી પણ નથી. મુખ્યમંત્રી તરીકે એમની ફરજ પોતાના રાજ્યની રક્ષા કરવાની છે. કર્ણાટકના ખેડૂતો જ પાણીની માંગણી કરી રહ્યા છે. તમિલનાડુની અરજી ફગાવી દેવામાં આવી છે એ જ સાચી હકીકત દર્શાવે છે. તમિલનાડુ, કર્ણાટક અને આખી દુનિયાને ખબર છે કે ક્યાં કેટલું પાણી ઉપલબ્ધ છે.કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ કર્યો છે કે ફીક્કીના શતાબ્દિ કાર્યક્રમમાં આપેલું એમનું ભાષણ સરકારની નિષ્ફળતાઓ માટે ઉદ્યોગપતિઓને જવાબદાર ઠેરવે છે. જ્યારે વડાપ્રધાન મોદીએ બેરોજગારી અને પગાર વધારાના દર બાબતે ઉદ્યોગપતિઓને સવાલ કરીને એમને ઠપકાર્યા હતા ત્યારે ખડગેએ કહ્યું હતું કે, વડાપ્રધાન ૧૨ વર્ષ પછી જાગ્યા છે. એમણે કેન્દ્ર સરકાર પર કેટલાક ખાસ ઉદ્યોગપતિઓને મદદ કરતા હોવાનો આરોપ મૂક્યો હતો. સરકારની નીતિને કારણે નાના, અતિ નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગોને ખુબ નુકશાન થયું છે. ખડગેએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, આર્થિક ઉદારીકરણની શરૂઆત કોંગ્રેસ પક્ષે કરી હતી. દેશનો વિકાસ દર કોંગ્રેસ - યુપીએના કાર્યકાળમાં સૌથી વધુ રહ્યો હતો. જોકે પોતાની ટેવથી મજબુર મોદીએ ફીક્કીમાં પોતાની નિષ્ફળતાને ઉદ્યોગપતિઓની નિષ્ફળતા ગણાવી છે.દેશના કેટલાક શહેરોમાં બાઇક ટેક્સી સર્વિસ શરૂ થઈ છે. બાઇક ટેક્સી સર્વિસ એટલે બાઇક પર આવેલો ચાલક કોઈક એક વ્યક્તિને બાઇકની પાછળ બેસાડીને નિર્ધારીત સ્થળે ઉતારે. કોઈક એક વ્યક્તિએ મુસાફરી કરવી હોય તો આ સર્વિસ ટેક્સી કે રીક્ષા કરતા સસ્તી પડે છે. કર્ણાટકમાં પણ બાઇક ટેક્સી સર્વિસ થોડા સમય પહેલા ચાલુ થઈ હતી. જોકે કર્ણાટક સરકારે બાઇક ટેક્સી સર્વિસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો અને ત્યાર પછી આખો કેસ હાઇકોર્ટમાં ગયો હતો. હાઇકોર્ટે બાઇક ટેક્સી સર્વિસ ચાલુ રાખવાનો હુકમ કર્યો હતો. આ હુકમને સરકાર સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સુપ્રિમ કોર્ટે પણ હવે બાઇક ટેક્સી સર્વિસની પરવાનગી ચાલુ રાખવાના હાઇકોર્ટના હુકમને યોગ્ય ઠેરાવ્યો છે અને સરકારની અપીલ ફગાવી દીધી છે.

કારતક માસ શનિવાર-એકાદશી 'તુલસી વિવાહ' નિમિત્તે દાદાને ભવ્ય શણગાર અને વિવિધ મીઠાઈઓનો અન્નકૂટ ધરાવાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

સારંગપુર તા.૨૧. સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પૂ.શાસ્ત્રીસ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણા થી એકાદશી 'તુલસી વિવાહ' નિમિતે તા.21-11-2026ને શનિવાર ના રોજ દાદાને ભવ્ય શણગાર કરાયો હતો. ગર્ભગૃહમાં મોરપીંછની કમાન, વાદળી અને સફેદ રંગના ઓર્કિડ પુષ્પો વડે તોરણો, કમળની આકૃતિ, વાંસળી વગાડતા શ્રીકૃષ્ણની કલાકૃતિ અને લીલા પાંદડાવાળા તુલસીના છોડ ના પ્રતીક સાથે શણગારવામાં આવ્યો હતો. દાદાને લીલા અને લાલ રંગના ભરતકામવાળા વસ્ત્રો, મોતી અને પાઘડી, કમળ તથા લીલા માળાઓથી સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. વિવિધ મીઠાઈઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સવારે મંગળા આરતી 5:30 કલાકે પૂજારી સ્વામી દ્વારા એવં સવારે 7 કલાકે શણગાર આરતી પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી દ્વારા કરવામાં આવી હતી. આ દર્શન અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ધામ સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પરમ પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી એકાદશી અને પવિત્ર 'તુલસી વિવાહ' ના પાવન પર્વ નિમિત્તે તા. ૨૧-૧૧-૨૦૨૬, શનિવારના રોજ દાદાને અત્યંત ભવ્ય અને અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો. તુલસી વિવાહની થીમ પર કરવામાં આવેલા આ વિશેષ શણગારે સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિમય અને આહલાદક વાતાવરણ સર્જ્યું હતું.ગર્ભગૃહમાં ઓર્કિડ પુષ્પો અને શ્રીકૃષ્ણની કલાકૃતિનું અદભુત સુશોભનસાળંગપુર હનુમાનજી તુલસી વિવાહ શણગાર ૨૦૨૬ અંતર્ગત મંદિરના ગર્ભગૃહને વિશેષ રીતે સુશોભિત કરવામાં આવ્યું હતું.

શ્રી સોમનાથ ટ્રસ્ટ આયોજિત શ્રી વિષ્ણુ-વૃંદા તુલસી વિવાહ મહોત્સવ નો પ્રથમ દિવસ પરંપરા અને ભક્તિભાવ સાથે રંગે ચંગે ઉજવાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

પ્રભાસ પાટણ, તા. 21 પ્રભાસ તીર્થની પાવન ધરતી પર શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રી વિષ્ણુ-વૃંદા તુલસી વિવાહ મહોત્સવ નો પ્રથમ દિવસ ભક્તિ, પરંપરા અને લોકસંસ્કૃતિના અનોખા સંગમ સાથે રંગે ચંગે ઉજવાયો હતો. ગોલોકધામ તીર્થ ખાતે આયોજિત આ ધાર્મિક મહોત્સવમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણના સમસ્ત ગ્રામજનો તેમજ દર્શનાર્થે પધારેલા ભક્તોએ સહભાગી બની ભગવાન વિષ્ણુ અને વૃંદાદેવીના પવિત્ર વિવાહની કંકોત્રી લેખનવિધિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ મહોત્સવનું વિશેષ આકર્ષણ એ રહ્યું કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) ના પૂર્વ ચેરમેનશ્રી કે. શિવાન પણ ભગવાન વિષ્ણુ અને વૃંદાદેવીના વિવાહની કંકોત્રી લેખનવિધિમાં જોડાયા હતા. તેમણે તમિલનાડુ સ્થિત ભદ્રકાલી અમ્મન મંદિરમાં પણ આ પવિત્ર પ્રસંગની કંકોત્રી લખી હતી. આ રીતે પ્રભાસ તીર્થથી તમિલનાડુ સુધી ભક્તિ અને પરંપરાના આ પાવન પ્રસંગનો આધ્યાત્મિક સંદેશ પહોંચ્યો હતો. કંકોત્રી લેખનની ધાર્મિક વિધિ સાથે મહોત્સવમાં પારંપરિક વેશભૂષામાં સજ્જ ભાઈઓ અને બહેનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. ગુજરાતી સંસ્કૃતિની આગવી ઓળખ સમાન રાસ-ગરબાના તાલે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બન્યું હતું. પરંપરાગત વેશભૂષા, લોકસંગીત અને સામૂહિક સહભાગિતાએ મહોત્સવને વિશેષ આકર્ષણ પૂરું પાડ્યું હતું. તુલસી વિવાહ એ ભારતીય સનાતન પરંપરામાં ભગવાન વિષ્ણુ અને તુલસીજીના દિવ્ય મિલનનું પ્રતીક છે. આ ઉત્સવ માત્ર ધાર્મિક વિધિ પૂરતો સીમિત ન રહેતાં સમાજના તમામ વર્ગોને એકસાથે જોડતો, પરંપરાઓનું સંવર્ધન કરતો અને નવી પેઢીને સંસ્કૃતિ સાથે સાંકળતો લોકોત્સવ બની રહ્યો છે. શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, પ્રભાસ તીર્થની પવિત્ર ધરતી પર આવા ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવોના આયોજનનો હેતુ આપણી પ્રાચીન પરંપરાઓને જીવંત રાખવાની સાથે સમાજના તમામ વર્ગોની સહભાગિતાથી સામૂહિક સાંસ્કૃતિક વારસાને વધુ સમૃદ્ધ બનાવવાનો છે.

વિકસિત ભારત ચેલેન્જ ટ્રેકમાં વેટરનરી કોલેજ, કામધેનુ યુનિ. જૂનાગઢના વિદ્યાર્થી ધવલ બાવળિયા ની ઝળહળતી સિદ્ધિ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૧. કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢમા અભ્યાસ કરતા પ્રતિભાશાળી વિદ્યાર્થીશ્રી ધવલ બાવળિયાએ સુરેન્દ્રનગર જિલ્લા કક્ષાએ આયોજિત 'વિકસિત ભારત ચેલેન્જ ટ્રેક' (Viksit Bharat Challenge Track) સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની આ નોંધપાત્ર સિદ્ધિથી મહા વિદ્યાલય તથા કામધેનુ યુનિવર્સિટી ના ગૌરવમાં વધારો થયો છે.

વિકસિત ભારતના નિર્માણમાં યુવાનો ની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા, તેમની સર્જનાત્મકતા, નેતૃત્વક્ષમતા, નવીન વિચારો અને રાષ્ટ્રના વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે આવી સ્પર્ધા ઓનું આયોજન કરવામાં આવે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ યુવાનોને પોતાના વિચારો રજૂ કરવા, રાષ્ટ્રીય વિકાસના વિવિધ પાસાઓ અંગે ચિંતન કરવા તથા વર્ષ ૨૦૪૭ સુધી માં વિકસિત ભારતના નિર્માણમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે પ્રેરિત કરે છે.આ સ્પર્ધામાં શ્રી ધવલ બાવળિયાએ પોતાની પ્રતિભા, આત્મવિશ્વાસ, સકારાત્મક અભિગમ અને વિચાર શક્તિનો પરિચય આપી જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.આ સિદ્ધિ મેળવવા બદલ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. એમ.ડી.ઓડેદરાએ શ્રી ધવલ બાવળિયાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અભ્યાસની સાથે રાષ્ટ્રીય સ્તરના અભિયાનો, વ્યક્તિત્વ વિકાસ, સામાજિક જવાબદારી અને નેતૃત્વલક્ષી પ્રવૃત્તિઓમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લેવો જોઈએ. આવી સિદ્ધિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની સાથે સંસ્થાની પ્રતિષ્ઠામાં પણ વધારો કરે છે. તેમણે ધવલ બાવળિયાની સિદ્ધિને બિરદાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.શ્રી ધવલ બાવળિયાને આ સ્પર્ધા માટે માર્ગદર્શક તરીકે મહાવિદ્યાલયના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને સિનિયર આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.એસ.વી. માવદિયાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. ડૉ.માવદિયાએ આ સિદ્ધિ બદલ આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "આજનો યુવાન માત્ર દેશનું ભવિષ્ય જ નથી, પરંતુ વિકસિત ભારતના નિર્માણનો સક્રિય ભાગીદાર પણ છે. વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિ, નેતૃત્વક્ષમતા અને રાષ્ટ્રપ્રેમને યોગ્ય દિશા અને માર્ગદર્શન મળે તો તેઓ રાષ્ટ્રીય વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે."તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી, શિસ્ત, સેવાભાવ, નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણના મૂલ્યો વિકસાવવા માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. ધવલ બાવળિયા ની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓને પણ આવી રચનાત્મક અને રાષ્ટ્રહિતલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરશે.આ પ્રસંગે મહાવિદ્યાલયના શિક્ષકગણ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ પણ શ્રી ધવલ બાવળિયાને અભિનંદન પાઠવી ભવિષ્યમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. શ્રી ધવલ બાવળિયાની આ સિદ્ધિ એ વાતનું ઉત્તમ ઉદાહરણ છે કે યોગ્ય માર્ગદર્શન, દૃઢ સંકલ્પ અને સતત પ્રયત્નોથી યુવાનો વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. 'વિકસિત ભારત માટે વિકસિત યુવા શક્તિ એ જ રાષ્ટ્રની સાચી શક્તિ."

કાર્તિકી પૂર્ણિમા મેળાના પ્રથમ દિવસે 1.53 લાખથી વધુ સહેલાણીઓએ મેળો માણ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

પ્રભાસ પાટણ, તા.21 શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત પાંચ દિવસીય કાર્તિકી પૂર્ણિમા મેળા-2026નો પ્રથમ દિવસ શ્રદ્ધા, સંસ્કૃતિ, લોકસંગીત અને લોક ઉત્સાહના અદભુત સંગમ સાથે સંપન્ન થયો હતો. મેળાના પ્રથમ જ દિવસે 1.53 લાખથી વધુ સહેલાણીઓએ મેળાની મુલાકાત લઈ વિવિધ આકર્ષણોનો આનંદ માણ્યો હતો. સૌરાષ્ટ્ર સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં આવેલા શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓની ઉપસ્થિતિથી સમગ્ર મેળા પરિસર લોકમેળાના રંગે રંગાયું હતું. મેળાના પ્રથમ દિવસની સાંજે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જાણીતા ગાયકો પ્રહર વોરા અને કલ્યાણી કોઠારકરે પોતાના સૌમ્ય અને સુમધુર સંગીતથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. જ્યારે લોકસાહિત્યકાર અને લોકગાયક રાજ ગઢવીએ પોતાના આગવા અંદાજમાં લોકસાહિત્યિક ગીતોની પ્રસ્તુતિ કરીને ઉપસ્થિત જનમેદનીને ડોલાવી હતી. ગુજરાતી લોકસંસ્કૃતિ અને સંગીતની સુમધુર રજૂઆતોને શ્રોતાઓનો ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો હતો. કાર્તિકી પૂર્ણિમાના પાવન અવસરે પ્રભાસ તીર્થમાં યોજાઈ રહેલો આ મેળો ધાર્મિક આસ્થા સાથે લોકસંસ્કૃતિ, પરંપરા, મનોરંજન અને સામાજિક સમન્વય નું વિશિષ્ટ કેન્દ્ર બની રહ્યો છે. મેળામાં વિવિધ હસ્તકલા અને ખાણીપીણીના સ્ટોલ્સ,મનોરંજનના સાધનો તેમજ વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મેળામાં આવતા સહેલાણીઓની સુવિધા, સુરક્ષા, સ્વચ્છતા અને સુવ્યવસ્થિત આયોજન માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ગુરુનાનક જયંતિ નિમિતે જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ચાલતી મટન શોપ અને ફિશ શોપ બંધ રાખવા આદેશ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢતા.૨૧. મહાનગરપાલિકા, જૂનાગઢના સેવા સદનની એક યાદીમાં જણાવ્યુ છે કે, જુનાગઢ મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં ચાલતી મટનમાર્કેટ આગામી તા.૨૪/૧૧/૨૦૨૬ને મંગળવારના રોજ ગુરુનાનક જયંતિ નિમિતે માન. કમિશનરશ્રી દ્વારા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૪૬(૧)(ડી) હેઠળ સ્થાયી હુકમ કરવામાં આવેલ છે. જેથી આ દિવસે નોનવેજની દુકાનો, મટન માર્કેટ, ફિશ માર્કેટ, મીટ શોપ, પોલ્ટ્રીશોપ, ફિશશોપ, લારીગલ્લાઓ ઉપર વેચવામાં આવતી નોનવેજ વસ્તુઓ વેચાણ બંધ રાખવાનો આદેશ કરવામાં આવેલ છે. આ આદેશની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. અન્યથા મહાનગર પાલિકા દ્વારા આદેશના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જેની મીટશોપ ધારકોએ નોંધ લેવી. વધુમાં તા.૨૫/૧૧/૨૦૨૬ને બુધવારના રોજ સાધુ વાસવાણીજી ની જન્મ જયંતિ નિમિતે મીટ શોપ, ફીશ માર્કેટ, નોનવેજ લારીઓ તથા ઈંડાની લારીઓ તા.૨૫/૧૧/૨૦૨૬ ના રોજ બંધ રાખવા અનુરોધ કરવામાં આવેલ છે.

તુલસી વિવાહના પાવન અવસરે જૂનાગઢ મહાનગરપાલિકા ખાતે મહિલા કર્મચારીઓને તુલસીના રોપાનું વિતરણ કરતા માન.સ્થાયી સમિતિ ચેરપર્સનશ્રી પલ્લવીબેન ઠાકર



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૧. શાસ્ત્રોક્ત અને આધ્યાત્મિક દ્રષ્ટિએ તુલસીનું અનન્ય મહત્વ રહેલું છે.આયુર્વેદિક દ્રષ્ટિકોણથી પણ શ્રેષ્ઠતમ ઔષધિય ગુણો ધરાવતો તુલસીનો છોડ અનેક રોગોમાંથી મુક્તિ અપાવે છે. સનાતન પરંપરા અનુસાર ઘર આંગણે તુલસીનો છોડ વાવવો એ આધ્યાત્મિક અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ અત્યંત મહત્વ ની બાબત છે. આ પાવન પરંપરાને આગળ ધપાવતા, આજરોજ તુલસી વિવાહના શુભ અવસરે જૂનાગઢ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરપર્સન શ્રીમતી પલ્લવીબેન ઠાકર દ્વારા તેમની કચેરી ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચેરપર્સન શ્રીમતી પલ્લવીબેન ઠાકરે મનપા.ના જનસંપર્ક અધિકારીશ્રી નીતુબેન વ્યાસ તથા યુ.સી.ડી. વિભાગના મહિલા કર્મચારીઓને તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તુલસીના રોપા અર્પણ કરીને સૌના શ્રેષ્ઠ આરોગ્ય અને દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.આ તકે નાયબ કમિશનરશ્રી કેતન વાઘેલા, ચીફ ઓડિટરશ્રી આર.આર. રાવલીયા તથા મહાનગર પાલિકા,જૂનાગઢના મહિલા કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોતના મુખમાંથી જીવન બચાવ્યું! દયાપર 108ના બે 'જીવનરક્ષક યોદ્ધા'નું રાજ્યસ્તરે સન્માન

110 કિ.મી.ના માર્ગમાં ગંભીર પ્રસૂતિગ્રસ્ત મહિલાને સતત જીવનરક્ષક સારવાર આપી ભુજ પહોંચાડી; EMT શ્યામ ઠક્કર અને પાયલોટ યસ સુથારને એવોર્ડ, મેડલ અને પ્રમાણપત્રથી નવાજાયા

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કટોકટીના સમયે સમયસર મળતી સારવાર કોઈના માટે જીવનદાન બની શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ દયાપર 108 એમ્બ્યુલન્સની ટીમે પૂરું પાડ્યું છે. ગત તા. 24 જુલાઈના રોજ ગંભીર પ્રસૂતિગ્રસ્ત મહિલાને બચાવવા માટે દયાપરથી ભુજ સુધીના આશરે 110 કિ.મી.ના અંતર દરમિયાન સતત જીવનરક્ષક સારવાર આપનાર 108ના EMT શ્યામ ઠક્કર અને પાયલોટ યસ સુથારની સરાહનીય કામગીરીની અમદાવાદ સ્થિત 108 હેડ ઓફિસ દ્વારા નોંધ લેવામાં આવી હતી. સમગ્ર ગુજરાત EMRI Green Health Servicesના મુખ્ય અધિકારીઓના હસ્તે બંને કર્મયોગીઓને એવોર્ડ, મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, તા. 24 જુલાઈના રોજ દયાપર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એકલેમ્પસિયા વિથ હાઈપોટેન્શન એટલે કે પ્રસૂતિ બાદ બ્લડપ્રેશરમાં ઘટાડો અને ખેંચ આવવાની ગંભીર સ્થિતિ ધરાવતી



મહિલાનો કેસ આવ્યો હતો. ભારે વરસાદ અને વીજળીના અભાવ જેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ દયાપર CHCના પ્રસૂતિ વિભાગના સ્ટાફ તથા ડૉ. શક્તિએ ભારે જહેમત બાદ પ્રસૂતિ કરાવી હતી.મહિલાની ગંભીર સ્થિતિને જોતાં વધુ સારવાર માટે ભુજની હાયર સેન્ટર હોસ્પિટલમાં ખસેડવાનું નક્કી કરાયું હતું. 108ને કોલ મળતાં જ EMT શ્યામ ઠક્કર અને પાયલોટ યસ સુથાર સમયનો વ્યય કર્યા વિના દર્દીને લઈને ભુજ તરફ રવાના થયા હતા. મુસાફરી દરમિયાન અમદાવાદ સ્થિત ERCP ડૉ. પંકજ સાહેબના માર્ગદર્શન હેઠળ BVM દ્વારા કૃત્રિમ શ્વાસ, જરૂરી ઈન્જેક્શન અને એરવે મેન્ટેન રાખવા સહિતની જીવનરક્ષક સારવાર આપવામાં આવી હતી. અંતે મહિલાને સલામત રીતે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ પહોંચાડવામાં આવી હતી.આ નોંધપાત્ર કામગીરીનો કેસ અમદાવાદ 108 હેડ ઓફિસ ખાતે નોમિનેટ થતાં EMRI Green Health Servicesના મુખ્ય અધિકારી જસવંત પ્રજાપતિ સાહેબ તથા અન્ય અધિકારીઓના હસ્તે બંને કર્મચારીઓનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત ભુજના પ્રોગ્રામ મેનેજર ભવરલાલ પ્રજાપતિ અને EME રાહુલ ગોરે પણ પોતાની ટીમના આ કર્મયોગીઓની કામગીરીને બિરદાવી હતી.દયાપર 108ના રમેશ ગરવા સહિત સમગ્ર ટીમમાં પણ આ સન્માનને લઈને આનંદની લાગણી પ્રસરી હતી. ટીમના સાથી કર્મચારીઓએ પણ બંને વિરલાઓનું સન્માન કરી તેમની ફરજ નિષ્ઠા અને સેવાભાવને બિરદાવ્યા હતા.*સેવા, સમર્પણ અને સમયસૂચકતાનો ઉત્તમ સમન્વય :* આપત્તિના સમયે પોતાના કર્તવ્યને પ્રાથમિકતા આપી માનવજીવન બચાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતી 108ની ટીમની આ કામગીરી ખરેખર અભિનંદનને પાત્ર છે.

પાલનપુર વિક્ટોરિયા લાઈબ્રેરી કોમર્શિયલ શોપિંગ સેન્ટરના ગેરકાયદેસર બાંધકામ સામે પૂર્વ પાલિકા પ્રમુખ અમૃત જોષીની રજૂઆત

પાલનપુર | પાલનપુર શહેરના હાર્દસમા દિલ્હીગેટ વિસ્તારમાં આવેલી ઐતિહાસિક વિક્ટોરિયા જ્યુબિલી ઈન્સ્ટિટ્યુટ લાઈબ્રેરી ખાતે ચાલી રહેલા નવા બાંધકામમાં મોટાપાયે ગેરરીતિ અને નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પાલનપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અમૃતલાલ ચુનીલાલ જોષીએ આ મામલે નગરપાલિકાના પ્રમુખ અને મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર) ને લેખિતમાં રજૂઆત કરી તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા માંગ ઉઠાવી છે.પૂર્વ પાલિકા પ્રમુખે પોતાની રજૂઆતમાં ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે, લાઈબ્રેરી સંકુલમાં હાલ જે નવું બાંધકામ ચાલી રહ્યું છે, તેમાં નગરપાલિકા દ્વારા આપવામાં આવેલી બાંધકામ પરવાનગી (રજા ચિઠ્ઠી) અને મંજૂર થયેલા નકશાનો ખુલ્લેઆમ ભંગ કરવામાં આવી રહ્યો છે.રજૂઆતમાં કરાયેલા મુખ્ય આક્ષેપો : પાર્કિંગની જગ્યામાં દબાણ: મંજૂર પ્લાન મુજબ વાહનોના પાર્કિંગ માટે અનામત રાખવાની થતી જગ્યામાં પણ બાંધકામ કરી દેવામાં આવ્યું છે. દિલ્હીગેટ જેવા ભરચક વિસ્તારમાં પાર્કિંગની જગ્યા દબાઈ જવાથી ભવિષ્યમાં ટ્રાફિક અને પાર્કિંગની વિકટ સમસ્યા સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. વધારાની દુકાનોનું નિર્માણ: નગરપાલિકાએ જેટલી દુકાનો બનાવવાની મંજૂરી આપી હતી, તેના કરતાં વધુ સંખ્યામાં ગેરકાયદેસર રીતે વધારાની દુકાનો ઊભી કરી દેવામાં આવી છે. શરતોનું ઉલ્લંઘન: પાલિકાએ જે નકશા અને શરતોને આધીન પરમિશન આપી હતી, તેનાથી તદ્દન વિપરીત જઈને બાંધકામ થઈ રહ્યું છે.અમૃતલાલ જોષીએ વધુમાં રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, જ્યારે એક જાહેર સંસ્થા દ્વારા જ કાયદા અને નગરપાલિકાના નિયમોના ધજાગરા ઉડાવવામાં આવે તે અત્યંત ગંભીર બાબત છે. આ ગેરકાયદેસર બાંધકામથી સામાન્

મહીસાગર જિલ્લા ભાજપ દ્વારા 'સંવિધાન ગૌરવ દિવસ - ૨૬ નવેમ્બર' અંતર્ગત લુણાવાડા ખાતે પત્રકાર પરિષદ યોજાઈ.....

જગદીશ ત્રિવેદી | મહીસાગર



ભારતીય જનતા પાર્ટી, મહીસાગર જિલ્લા દ્વારા 'સંવિધાન ગૌરવ દિવસ - ૨૬ નવેમ્બર' અંતર્ગત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દશરથભાઈ બારિયાના અધ્યક્ષસ્થાને વિશ્રામગૃહ હોલ, લુણાવાડા ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ પત્રકાર મિત્રોનું સ્વાગત કરી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. આ પત્રકાર પરિષદમાં જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સી એન બારિયા, હરીશભાઇ પટેલ, કાર્યાલય મંત્રી બાબરભાઈ પટેલ, લુણાવાડા તાલુકા ભાજપ પ્રમુખ અતુલભાઈ પટેલ સહિત પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

પત્રકાર પરિષદને સંબોધતા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દશરથભાઈ બારિયાએ જણાવ્યું હતું કે, ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ સ્વીકાર્યું હતું. આ દિવસ ભારતીય લોકશાહીના ઈતિહાસમાં અત્યંત ગૌરવપૂર્ણ દિવસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સુકાન સંભાળ્યા બાદ ૨૦૧૫માં ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે ૨૬ નવેમ્બરને 'સંવિધાન ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. આપણે સૌ જાણીએ છીએ તેમ દેશની આઝાદી બાદ બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતને એક મજબૂત લોકશાહી વ્યવસ્થા આપવાનું ઐતિહાસિક કાર્ય કર્યું હતું ત્યારે શ્રી મોદીજીના નેતૃત્વમાં બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને બંધારણ પ્રત્યે ગૌરવ અને આદર વ્યક્ત કરવાનો આ નિર્ણય હતો.આ અગાઉ ૨૬ નવેમ્બરના દિવસને ૧૯૭૯થી સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશનની પહેલથી કાનૂન દિવસ તરીકે ઉજવવામાં આવતો હતો.

શ્રી બારિયાએ વધુમાં જણાવ્યું કે, ડૉ. બાબાસાહેબે સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના મૂલ્યોને બંધારણમાં સ્થાન અપાવીને ભારતના દરેક નાગરિકના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કર્યું છે. મહિલાઓના અધિકારો, શ્રમિકોના હિતો, સામાજિક ન્યાય, શિક્ષણ અને વંચિત વર્ગોના ઉત્થાન માટે બાબાસાહેબનું યોગદાન અવિસ્મરણીય છે. ડૉ. બાબાસાહેબનું સમગ્ર જીવન સર્વસમાવેશક વિચારધારા અને સામાજિક સમરસતાની પ્રેરણા આપનારું રહ્યું છે. તેમના વિચારોને કોઈ એક જ્ઞાતિ, સમાજ કે વર્ગ પૂરતા મર્યાદિત કરી શકાય તેમ નથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વારંવાર ડૉ. બાબાસાહેબના વિચારોને દેશની વિકાસયાત્રા સાથે જોડીને સામાજિક ન્યાય અને સમાન તકના સંકલ્પને આગળ ધપાવી રહ્યા છે. બાબાસાહેબના જીવન સાથે જોડાયેલાં પાંચ મહત્ત્વપૂર્ણ સ્થળોને 'પંચતીર્થ તરીકે વિકસાવવાની પહેલ મોદી સરકારે કરી છે જેમાં મધ્યપ્રદેશ સ્થિત જન્મભૂમિ મહૂ, લંડન સ્થિત શિક્ષણભૂમિ, નાગપુરની દીક્ષાભૂમિ, દિલ્હીની મહાપરિનિર્વાણ ભૂમિ અને મુંબઈની ચૈત્યભૂમિનો સમાવેશ થાય છે.દિલ્હીના ૨૬, અલીપુર રોડ ખાતે બાબાસાહેબના મહાપરિનિર્વાણ સ્થળે ભવ્ય રાષ્ટ્રીય સ્મારક વિકસાવવામાં આવ્યું છે. દિલ્હીમાં ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરની સ્થાપના કરીને તેમના વિચારો અને સંશોધનને નવી પેઢી સુધી પહોંચાડવાનું કાર્ય થયું છે. બાબાસાહેબ આંબેડકરજીને સન્માન આપવાના ભાગરૂપે શ્રી મોદીજી દ્વારા ડિજિટલ પેમેન્ટ એપનું નામ'BHIM' રાખવામાં આવ્યું છે.ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બાબાસાહેબના વિચારોને માત્ર સ્મારકો સુધી મર્યાદિત નહીં રાખીને ગરીબ, વંચિત, શોષિત અને પછાત વર્ગોના સશક્તિકરણની નીતિઓમાં સ્થાન આપવાનો પ્રયાસ થયો છે.

કોંગ્રેસ પર નિશાન સાધતા તેમણે જણાવ્યું હતું કે, આજે કોંગ્રેસ બંધારણની નકલ હાથમાં લઈને લોકશાહી અને બંધારણના રક્ષણની વાતો કરે છે, પરંતુ આ જ કોંગ્રેસના રાહુલ ગાંધીના દાદી અને તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી લાદી લોકશાહીની હત્યા કરી હતી. કટોકટીના ૨૧ મહિના દરમિયાન લોકશાહીના મૂળભૂત અધિકારો અને નાગરિક સ્વતંત્રતાઓ સમાપ્ત કરી દેવામાં આવી હતી, અનેક નાગરિકો પર દમન ગુજારવામાં આવ્યું હતું, કોઈ કારણ વગર સેંકડો નાગરિકોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં હતાં. પ્રેસ મીડિયા પર પણ સેન્સરશિપ લગાવી દેવામાં આવી હતી.કોંગ્રેસે વર્ષો સુધી સત્તામાં રહ્યાં છતાં બાબાસાહેબના વિચારો તથા સામાજિક ન્યાયના મુદ્દાઓને જોઈએ તેટલું રાષ્ટ્રીય મહત્ત્વ આપ્યું નહીં.બાબાસાહેબના જીવનકાળમાં જ કોંગ્રેસ સાથે તેમના અનેક રાજકીય અને વૈચારિક મતભેદો રહ્યા હતા. આ ઐતિહાસિક તથ્યને છુપાવીને આજે કોંગ્રેસ બાબાસાહેબની સૌથી મોટી હિતેચ્છુ હોવાનો દેખાવ કરે છે. બંધારણના ઘડવૈયા અને દેશના પ્રથમ કાયદા મંત્રી ડો. બાબા સાહેબને લોકસભામાં પહોંચતા રોકવા માટે કોંગ્રેસે તેમની સામે ઉમેદવાર ઊભા રાખી હરાવવાનું ષડયંત્ર રચ્યું હતું.આજે સત્તા માટે તરફડીયા મારતી એ જ કોંગ્રેસ બાબાસાહેબના નામે સહાનુભૂતિ મેળવવાના પ્રયાસ કરી રહી છે. પણ દેશની જનતા કોંગ્રેસના અસલી ચહેરાને ખૂબ સારી રીતે જાણી ચૂકી છે.

તેમણે જણાવ્યું હતું કે, બાબાસાહેબનું સ્વપ્ન હતું કે દેશના દરેક નાગરિકને સમાન તક, સમાન અધિકાર અને સન્માનપૂર્ણ જીવન મળે.આ જ દિશામાં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સુકાન હેઠળની કેન્દ્ર તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્યની ભાજપા સરકાર આગળ વધી રહી છે. જનધન યોજના દ્વારા કરોડો ગરીબ પરિવારોને બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યા.ઉજ્જવલા યોજના દ્વારા ગરીબ પરિવારોની મહિલાઓને ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. આયુષ્માન ભારત યોજના દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડવામાં આવી છે.પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા ગરીબ પરિવારોને પાકાં મકાનો આપવાનું કાર્ય થયું છે.સ્વચ્છ ભારત અભિયાન દ્વારા શૌચાલયની સુવિધા અને મહિલાઓના ગૌરવ સાથે જોડાયેલા મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉત્થાન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.બાબાસાહેબે શિક્ષણને સામાજિક પરિવર્તનનું સૌથી મોટું સાધન ગણાવ્યું હતું. મોદી સરકારની નવી શિક્ષણ નીતિ અને કૌશલ્ય વિકાસની પહેલ યુવાનોને નવી તકો પૂરી પાડવા જઈ રહી છે.

પછાત વિસ્તારમાં શિક્ષણ નું ઝરણું વહેતું રાખતી સંસ્થા શ્રી જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા

શતાબ્દી પર્વે નવનિર્મિત શાળા ભવન છાત્રાર્પણ લોકાર્પણ ૫ ડીસેમ્બર ૨૦૨૬ ના રોજ યોજવા જઈ રહ્યું છે



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અરબી સમુદ્રના કાંઠે વસેલું જાફરાબાદ શિક્ષણ ક્ષેત્રે અતિશય પછાત ગણાઇ રહ્યું છે. આ પછાત વિસ્તારમાં શિક્ષણ ની જ્યોત જલાવી રાખતી ખારા જળમાં મીઠી વીરડી જેવી સંસ્થા એટલે શ્રી જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ કે જે ની સ્થાપના ૧૯૨૬ થઈ હતી ગુજરાતના સમુદ્ર કિનારે પછાત વિસ્તારમાં આવેલ છેવાડાના નું ગામ જાફરાબાદમાં કેળવણી નું નામ નહોતું ત્યારે જાફરાબાદ ની સ્થાનિક શાળામાં સાત ધોરણ પાસ કર્યા પછી આગળ અભ્યાસ કરવો છે.તો ક્યાં કરવો.? તેવો પ્રશ્ન ત્રણ કિશોરોએ ત્યારના મુરબ્બી, શિક્ષણપ્રેમી તથા સમાજસેવક શ્રી ખુશાલદાસ કુરજી પારેખને કર્યો હતો આ વિચક્ષણ વિધાર્થીઓ હતા શ્રી નાગરદાસ રણછોડદાસ સંઘવી, શ્રી બાબુભાઈ મનજીભાઈ સંઘવી તથા શ્રી પીતાંબરદાસ દુર્લભદાસ વોરા જેઓએ મોટા થઈ શ્રી જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળના દાતા, ટ્રસ્ટી તથા સંચાલન તરીકે મંડળને ઉત્તમ સેવા આપી હતી

શ્રી ખુશાલબાપા એ બાળકોની શિક્ષણ માટેની પ્રબળ ઈચ્છા ને ધ્યાનમાં લઈ શેઠ શ્રી સર મનમોહનદાસ રામજી વોરા (નાઈટ) ના પ્રમુખ પદ નીચે ૧૯૨૬ માં શ્રી જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના કરી અને શેઠ મૂળજી રાઘવજીના ઉચાણીયા સ્થિત વિશાળ મકાનમાં ૮ ધોરણથી ૧૧ માં ધોરણ સુધીની હાઈસ્કૂલ ની શરુઆત કરી

તે વખતે જાફરાબાદ, જંજીરા સ્ટેટનુ રાજ હતું નવાબ સાહેબ સર સીદી મહમદખાન ઉદાર અને શિક્ષણ પ્રેમી હતા તેથી શિક્ષણ ના વિકાસ માટે તેઓએ જાફરાબાદ ગામ બહાર વિશાળ જમીન શ્રી જાફરાબાદ કેળવણી મંડળ ને હાઈસ્કૂલ માટે ભેટમાં આપી હતી આ ઐતિહાસિક સંસ્થા દ્વારા ચલાવવામાં આવેલ શિક્ષણ ની અવીરત જ્યોત આજે અવિરતપણે આગળ વધી રહીં છે.

રાજુલા ના રામપરા-2 સ્થિત વૃંદાવન બાગ ખાતે ભવ્ય અન્નકૂટ મહોત્સવ, તુલસી વિવાહ અને ધ્વજારોહણનું આયોજન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા: રાજુલા તાલુકાના રામપરા-2 ગામે આવેલી સંત શિરોમણી શ્રી રામદાસજી બાપુની તપોભૂમિ સમાન શ્રી વૃંદાવન બાગ ખાતે કારતક સુદ અગિયારસ નિમિત્તે ભવ્ય ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ 21 નવેમ્બર 2026, શનિવારના રોજ અન્નકૂટ મહોત્સવ, તુલસી વિવાહ, ધ્વજારોહણ, મહાઆરતી, મહાપ્રસાદ અને ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર ધાર્મિક ઉત્સવ ભારતભરમાં ખ્યાતનામ સાધુ શ્રી મહંત રાજેન્દ્રદાસ બાપુના નિમંત્રણ અને સાનિધ્યમાં યોજાશે. આ પ્રસંગે પૂજ્ય મોરારી બાપુ, જગતગુરુ શ્રી દિલીપદેવાચાર્યજી મહારાજ સહિતના સંતોના આશીર્વાદ પ્રાપ્ત થશે. તેમજ મહંત શ્રી રાધારમણદાસજી, મહંત શ્રી રામદાસદાસજી, મહંત શ્રી કિશોરદાસજી અને મહંત શ્રી લાલદાસ બાપુ સહિતના સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ધાર્મિક કાર્યક્રમો યોજાશે.કાર્યક્રમની શરૂઆત 20 નવેમ્બર, શુક્રવારના રોજ સવારે 9 કલાકે શ્રી અખંડ રામપારાયણથી થશે. જ્યારે 21 નવેમ્બરના રોજ સવારે 8 કલાકે સુંદરકાંડ પાઠ યોજાશે. ત્યારબાદ સાંજે 5 કલાકે ગોરણી પૂજન, સાંજે 6 કલાકે ધ્વજારોહણ, સાંજે 7 કલાકે મહાઆરતી, જાન આગમન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.રાત્રે 10:30 કલાકે તુલસી વિવાહ પ્રસંગે હસ્તમેળાપની પવિત્ર વિધિ યોજાશે. આ તમામ ધાર્મિક વિધિઓ શાસ્ત્રીશ્રી સાગરભાઈ ભનાભાઈ ઉપાધ્યાયના મંત્રોચ્ચાર સાથે સંપન્ન થશે.ધાર્મિક ઉત્સવના ભાગરૂપે રાત્રે 10 વાગ્યે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભોજાભાઈ ભરવાડ (ભજનીક), ગંભીરભાઈ આહીર, કનુભાઈ આહીર, નીરુભા ગઢવી (લોકસાહિત્યકાર), ઉષાબેન આહીર અને રેખાબેન આહીર સહિતના જાણીતા કલાકારો પોતાની કલાની રમઝટ બોલાવશે. તુલસી વિવાહના પવિત્ર પ્રસંગે સૌ.કા. શ્રી વૃંદાજીની જાન નિંગાળા-1, સમઢિયાળા તથા રાયપુર (તા. બાબરા) ખાતેથી આવશે. આ પ્રસંગે યજમાનો અને ગ્રામજનો દ્વારા ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે.આ ભવ્ય ધાર્મિક ઉત્સવમાં રાજુલા તાલુકા સહિત આસપાસના ગામોના ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને સહપરિવાર ઉપસ્થિત રહેવા શ્રી વૃંદાવન બાગ, રામપરા-2 તથા મહંત રાજેન્દ્રદાસ બાપુ અને સમસ્ત સેવક સમુદાય દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કચ્છ હિંગોરા પ્રીમિયર લીગ સીઝન-7માં રઝા ઈલેવન ખીરસરા વિં. ચેમ્પિયન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



અખિલ કચ્છ હિંગોરા સમાજ દ્વારા આયોજિત કચ્છ હિંગોરા પ્રીમિયર લીગ (KHPL) સીઝન-7 નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની ભવ્ય મેઘા ફાઈનલ મેચ વિંઝાણ ગામના વીર લાખાજી મેદાન ખાતે યોજાઈ હતી. રોમાંચક ફાઈનલ મુકાબલામાં રઝા ઈલેવન ખીરસરા વિં.એ શાનદાર પ્રદર્શન કરી હિંગોરા એસોસિયેટ સાંધવને 8 વિકેટે પરાજય આપી ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.ફાઈનલ મેચના પ્રારંભ પ્રસંગે અબડાસા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પી.એમ. જાડેજા, કચ્છ જિલ્લા પંચાયતના સદસ્ય કમાભાઈ રબારી, સમાજના પ્રમુખ હાજી જુણસભાઈ, સમાજના મહામંત્રી હાજી ખાલેદભાઈ, અબડાસા હિતરક્ષક સમિતિના પ્રમુખ સાલેમામદભાઈ, વિંઝાણ ગામના સરપંચ સજ્જનસિંહ જાડેજા તથા મિયાણા સમાજના માજી પ્રમુખ હનીફભાઈ પઢીયાર સહિત સમાજના આગેવાનો, દાતાશ્રીઓ અને ક્રિકેટપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ટુર્નામેન્ટમાં ફાઈનલ વિજેતા ટીમ માટે સમાજના સખી દાતા અબ્દુલકાદર હિંગોરા (ખીરસરા વિં.) તથા અબડાસા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ હાજી જાકુબ હિંગોરા દ્વારા સ્પ્લેન્ડર હોન્ડા મોટરસાઇકલનું દાન આપવામાં આવ્યું હતું. તમામ ટ્રોફીના દાતા નિવૃત્ત ફૌજી અલીમામદ હિંગોરા (વિંઝાણવાલા), ક્રિકેટ બોલના દાતા ઈબ્રાહિમ હિંગોરા (ખીરસરા વિં.) તથા મેન ઓફ ધ મેચ ટી-શર્ટના દાતા ધ મોબાઈલ પોઈન્ટ, કોઠારાના માલિક રિયાઝ હિંગોરા (ધનાવાડા) રહ્યા હતા.ફાઇનલ મેચમાં રઝા ઈલેવનનો દબદબો ફાઈનલ મેચ હિંગોરા એસોસિયેટ સાંધવ અને રઝા ઈલેવન ખીરસરા વિં. વચ્ચે રમાઈ હતી. જેમાં રઝા ઈલેવને ટોસ જીતી હિંગોરા એસોસિયેટ સાંધવને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. સાંધવની ટીમે નિર્ધારિત 12 ઓવરમાં 3 વિકેટ ગુમાવી 143 રન બનાવી 144 રનનો પડકારજનક લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં મેદાનમાં ઉતરેલી રઝા ઈલેવન ખીરસરા વિં.ની ટીમે આક્રમક બેટિંગનું પ્રદર્શન કરી માત્ર 11.3 ઓવરમાં 2 વિકેટ ગુમાવી લક્ષ્યાંક હાંસલ કરી 8 વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. આ સાથે રઝા ઈલેવન ખીરસરા વિં. સીઝન-7ની ચેમ્પિયન બની હતી.રઝા ઈલેવનના નામે ઐતિહાસિક રેકોર્ડ બ્રેક જીત આ સીઝનમાં રઝા ઈલેવન ખીરસરા વિં.એ માત્ર ચેમ્પિયન બનવાનો જ નહીં, પરંતુ એક ઐતિહાસિક રેકોર્ડ પોતાના નામે કરવાનો પણ ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પણ મેચમાં હારનો સામનો કર્યા વિના સતત વિજયી રહી ચેમ્પિયન બનનારી રઝા ઈલેવન સમાજની પ્રથમ ટીમ બની હતી. આ રીતે કચ્છ હિંગોરા પ્રીમિયર લીગના ઈતિહાસમાં રઝા ઈલેવન ખીરસરા વિં.ના નામે અણનમ ચેમ્પિયન બનવાનો અનોખો રેકોર્ડ નોંધાયો હતો. ટીમના ખેલાડીઓની એકતા, મહેનત, શિસ્ત અને શાનદાર રમતના કારણે આ ઐતિહાસિક સફળતા પ્રાપ્ત થઈ હતી.વ્યક્તિગત પુરસ્કારો અને રોકડ ઇનામોનું વિતરણ ફાઇનલ મેચમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ હાજી સુમાર હિંગોરા (ખીરસરા વિં.)ને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. તેમને સૈયદ શબ્બીર બાપુના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.સમગ્ર ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ તાહિર હિંગોરાને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરી ટ્રોફી સાથે રૂ. 11,000નું રોકડ ઇનામ નાનાવાડાના અલીમામદ હિંગોરા તરફથી આપવામાં આવ્યું હતું. બેસ્ટ બોલર તરીકે હયાન હિંગોરા (ધનાવાડા) અને બેસ્ટ ફિલ્ડર તરીકે અલનુર હિંગોરા (ગઢવાડા) પસંદગી પામ્યા હતા.

આ ઉપરાંત, ફાઈનલ મેચમાં આખરી બોલ સુધી સંઘર્ષ કરી ટીમને વિજય અપાવવામાં મહત્વપૂર્ણ યોગદાન બદલ શરીફ હિંગોરાને જુણસભાઈ હિંગોરા (ખીરસરા વિં.) તરફથી રૂ. 1,100 અને હાજી આમદ હિંગોરા તરફથી રૂ. 500નું રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું.

દેવ ઉઠી એકાદેશી એ સેવાળા ગામે દેસાઇ પરીવાર દ્વારા એકાદશી વ્રતનું. ઉજવણું કરાયું



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના સેવાળા ગામના બાબુભાઈ મેઘરાજભાઈ રબારી (રોઝિયા) પરીવાર દ્વારા દેવઉઠી એકાદશી ના પવિત્ર દિવસે એકાદશી વ્રતનું ઉજવણું કરાયું હતું આ નિમિત્તે પંડીત નિતીનભાઈ શાસ્ત્રી દ્વારા શાસ્ત્રોક્ત વૈદિક મંત્રોચ્ચાર સાથે બાલકિષ્ણ વિષ્ણુ ભગવાન રૂક્ષ્મણીજી લક્ષ્મીજી ની રાજો પચ્ચાર પૂજાવિધિ કરાવાઇ હતી યજમાન પદે બાબુભાઈ દેસાઈ (રોઝીયા) તેમના ધર્મપત્ની કૌશિકભાઈ દેસાઈ રેખાબેન દેસાઈ બિરાજમાન થઈ ધન્યતા અનુભવી હતી. ચાણસ્મા તાલુકાના સેવાળા ગામમાં દેવઉઠી એકાદશીના પવિત્ર દિવસે ધાર્મિક આસ્થા અને ભક્તિભાવ સાથે એકાદશી વ્રતની ઉજવણી કરવામાં આવી હતી. ગામના બાબુભાઈ મેઘરાજભાઈ રબારી (રોઝિયા) પરિવાર દ્વારા આયોજિત આ ધાર્મિક પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન મુજબ વિશેષ પૂજન-અર્ચન યોજાયું હતું.

દશેરામાં આખો દિવસ રમતગમત,ફેશન શો,ક્વિઝ વગેરેનું આયોજન



પંચાત રસ

- રુપાલી દવે

.....જય મંગલ સોસાયટી માં નવરાત્રિના નવ દિવસ ધામધૂમ થી ઉજવી ને નવમા નોરતા ની રાત્રે ફાફડા જલેબી પણ બધાએ ભરપુર ખાઈ ને આનંદ લીધો હોતો.સોસાયટી ના વર્ષોના નિયમ મુજબ દશેરામાં સવારના નાસ્તા સાથે રાત્રિ નું જમણ સોસાયટી તરફથી રહેતું હતું. દશેરામાં આખો દિવસ રમતગમત,ફેશન શો,ક્વિઝ વગેરેનું આયોજન થતું હતું એમાં નાના બાળકો થી લઈને વૃદ્ધો પણ ખુશી થી ભાગ લેતા હતા. દશેરાની રાત્રિએ બધા સદસ્યો હાઉસી રમવા બેસી જતા.

.....લાભુભાઈ જેઠવા એ સોસાયટી ના સૌથી જૂના સદસ્ય ને અબજોપતિ માણસ,હાલાકી એણે એનો c બ્લોકનો ફ્લેટ વર્ષોથી ભાડે આપ્યો છે પણ E blok નો ફ્લેટને ઓફીસ માં ચેન્જ કરીને એમાં એના બે નબર ના ધંધા વર્ષોથી ચાલે છે. હોઉસી માં જીતનાર ને ઓછામાં ઓછા 5000 નું ઈનામ એના તરફથી જાહેર થતું હતું.

સોસાયટી ની ત્રિપુટી ગીતા ત્રિપાઠી ,કમળા બેન અને સોના ઓઝા એ મેચિંગ બ્લેક ટીશર્ટ અને બ્લુ જીન્સ પેન્ટ પહેરવાનું નક્કી કર્યું હતું.

.....પટેલ ભાઈ દુકાનમાં રજા હતી એટલે એ રાત્રીના ભરપુર જલેબી ફાફડા ખાઈને બપોર નાં 11 વાગ્યે મીઠ્ઠી નીંદર માણી રહિયા હતા. કમળા બહેન એ એને જગાડતા કહ્યું કે પી.પી તમને કહું છું જલદી જાગી તૈયાર થઈ જાવ બધા નીચે થી બોલાવે છે. પટેલ ભાઈની આંખ બંધ હતી છતાંય એના વધારે પડતાં મોટા હોઠ નિંદ્રામાં ખુલ્લા થઈ જવાના કારણે માખીઓ અને મછર ની ગુફા જેવા લાગતા હતા.

....કમળા બહેન ના ઘાટા પાડી પાડીને મોટા આવતા અવાજ ને કારણે પટેલ ભાઈની આંખ ખુલતા જ સામે કમળા બેન નું આધુનિક રૂપ નિહાળતા બોલ્યાં ક્યું રે મેરી જાન દૂર ખડે ક્યું મલકી રહી હો? હમરે સામને તનિક દેખ ભી લો. હમ આપકે આશિક હે સદીઓ પુરાને .. કમળા બેન શરમાઈને બોલ્યાં શું પીપી ક્યારના ઊંઘમાં લવારા કર્યા કરો છો કોઈ હુર દેખી લીધી કે શું? પટેલ ભાઈના વધારે પડતાં મોટા હોઠના કારણે કમળા બેન ની નજર આંખ પર જલદી ફોકસ થતી નહતી.

....પટેલ ભાઈ સહેજ ઊભા થઈને બોલ્યાં કે લે કમળા darling તને ઊંઘમાં બોલુ એવું લાગે છે મોર્ડન હુર સામે ઉભી હોઈ તો સ્વપ્ના માં થોડી જોવાઈ છે એમ કહી કમળા બેનનો હાથ પકડવા જતાં હતાં ત્યાં કમળા બેનના મમ્મી ચંપા બાં બેડરૂમમાં એન્ટર થતાં બોલ્યાં અરે!!!રે,જમાઈ આ ઉમર પણ વેવલા વેડા છૂટતા નથી,હેડો જલદી ઊભા થઈને નાવા નું કરો.એલી કમળી તું ય શું આમ આ વેવલા ની સેવામાં લાગી છો? જા મીઠડાં ને કઈક કામ છે એનો ફોન ચાલુ છે.

સવાર સવારે પટેલ ભાઈ બેડ પર માથું ખજવળતા બેઠા થયા ત્યારે સાસુની બકબક સાંભળી ને મનોમન બોલ્યાં કે આ કાળમુખી ડોસી નો ડોસો એની કચકચ થી જ 20વર્ષ પહેલાં પરલોક સિધાવી ગયો.એ તો પુણ્યશાળી થઈ ગયો પણ મારા માંથા પર એની પનોતી બનીને ડોશી એવી તો બેઠી છે ને કે જવાનું નામ લેતી નથી.શું થાય કમળા ના પ્રેમ માં પાગલ છું એ બિચારી પણ શું કરે? ડોશીનું એકનું એક સંતાન ગામડે માડી ને એકલી મુકાઈ નહી એનું ધ્યાન નહિ. કમળા નું દિલ એના એક ના એક પતિ કરતા વધારે મા ની મમતા વધારે ધબકે છે એમાં જ પંચાત સમજો.

સવાર પડતાં જ પાછળ પડી જાય છે ઊઠો પટેલ,બેઠો પટેલ, છાપા માં ઓછું ને નાસ્તામાં ધ્યાન વધારે આપો નહિતર કોળિયો મોઢા ને બદલે બખોલ જેવા નાક માં ઘૂસી જશે.આ અતર ની સુંગધ ક્યાંથી આવે છે નક્કી રંગીન મિજાજ ના જમાઈ ની હરકત લાગે છે.ડોશી ની રોકટોક ના લીધે ઘણીવાર તો રાતે ઘરે જવાનું મન જ નથી થતું પણ કમળા ની યાદ આવતા પગ ઓટોમેટિક ઘર તરફ ચાલવા લાગે છે.શું કરું દુનિયાની મોટા માં મોટી મુસીબત સાસુમા ને ભગવાન એ જ્યારથી જીવન માં આણી ત્યારથી રોમાન્સ એ એક્ઝિટ કરી નાખી છે ને ઉપાધિ કેડો છોડવાનું નામ લેતી નથી.છોડો ઉદાસ દર્દીલા ચહેરે પટેલ ભાઈ એ સાસુ પંચાત ને હોલ્ડ કરતાં કહ્યું કે છોડો ઓઝા સાહેબ અને ત્રિપાઠી ભાઈ ઘરે ઘરે એક જ કહાની તું મેરા બંદર મેં તેરી રાની જેવી.

.....પટેલ ભાઈ પથારીમાં બેઠા બેઠા ઓઝા સાહેબ અને ત્રિપાઠી ભાઈ સાથે રૂટિન લાઇફ ની પોતાની કરમ કહાણી ગાઈ રહ્યા હતા ત્યાં અચાનક કાગડા ની કો કો વચ્ચે કોયલ નો મીઠો મધુર અવાજ સંભળાયો.'જય શ્રી કૃષ્ણ બાં' સાંભળતા જ પટેલ ભાઈ નું દિલ બાગબાન થઈ ગયું પણ બહાર બેઠેલ ડોશી ના ભયે બાથરૂમ તરફ જવા પગ ઉપાડ્યા...કમળા બેન..ઓ. કમળા બહેન રેડી થઈ ગયા.. પટેલ ભાઈ ના સાસુ સોના બેન ને જોતાજ બોલ્યાં કે આજ તો સોના તારો વટ પડે છે તને જોઈને તો ફિલ્મની હિરોઈન પણ શરમાઈ જાય.પટેલ ભાઈ એ ડ્રોઈંગ રૂમ માં ઊભેલ સોના બેન ને સાસુ ની વાત કાપતા પૂછ્યું કે જસ્ટ નોલેજ ...તમે..તમે.. આટલા બધા આ ઉંમરે પણ ફિટ કેવી રીતે રહી શકો છો? સોના બહેન આછું સ્મિત ફરકાવીને કહ્યું કે નાગર છું ને એટલે નાગર ને મરચું સદે નહિ ને ગળ્યું ખવાની આદત. પટેલ ભાઈ જવાબ આપવા જાય ત્યાં જ એના સાસુમા બોલ્યાં એલાં એય!! વેવલી નાં કીધું ને નાવા જા તો જા. ખબરદાર ગામ ગપાટા માં સમય બગાડ્યો છે તો જા જલદી સીધો બાથરૂમમાં...સોના બેન ખડખડાટ હસવા લાગ્યા ત્યારે બાં બોલ્યાં કે જમાઈ ને આમ ઘાટા પાડીને બોલો નહિ તો રાતભર ચોળા જટકિયા કરે.શું કરું દુનિયામાં મારી દીકરીના નસીબમાં નાસમજ અક્કલ વગરનો પતિ ભટકાયો એટલે બિચારી નિભાવી રહી છે.. આમ બોલતાં બોલતા બા એ અચાનક પાકીટ માં રહેલ મેસેજ ટોન આવતા બોલ્યા કે લે આજ તો પુરુષ ડે છે એટલે સજી ધજી ને જમાઈ ઘર માંથી નીકળ્યા છે પણ કોને મળવા ગયા હશે?

પંચાત માં પટેલ ભાઈ ની મસ્ત પંચાત થઈ ગઇ બોલો..



'મારી ટ્રોલિંગથી લોકોને રોજગાર મળે છે'

સલમાન ખાને ટ્રોલ્સની ઝાટકણી કાઢી; 'ઈઠા' સાથે ક્લેશ પર શ્રદ્ધાની માફી માંગી, સુહાના-શાહરુખ વિશે પણ નિવેદન આપ્યું

(એજન્સી) મુંબઈ | તા.21

સલમાન ખાને આગામી ફિલ્મ 'માતૃભૂમિ: મે વૉર રેસ્ટ ઈન પીસ' માટે ટ્રોલ કરનારા લોકોને જવાબ આપ્યો છે. 'દબંગ'નું કહેવું છે કે, જો તેની મજાક ઉડાવવાથી કેટલાક લોકોને વ્યૂઝ અને પ્રસિદ્ધિ મળી રહી હોય, તો તે ખુશ છે. આ ઉપરાંત, ઈવેન્ટમાં સલમાને શ્રદ્ધા કપૂરની ફિલ્મ સાથે ક્લેશ થવા પર અફસોસ વ્યક્ત કરતાં તેની માફી માંગવાની વાત પણ કહી.

શુક્રવારે સલમાન ખાન એબીપીના રાઇઝિંગ સમિટ 2026માં પહોંચ્યો હતો. સલમાને 'બિગ બોસ'માં ગુસ્સામાં શર્ટ ઉતારવાનું કારણ જણાવ્યું. તેણે કહ્યું, 'મારું શર્ટ ઉતારવું એક આવેગજન્ય નિર્ણય હતો. આજકાલ સોશિયલ મીડિયા પર ઘણી નકારાત્મકતા ચાલી રહી છે. આજકાલ નવો ટ્રેન્ડ બની ગયો છે કે નકારાત્મકતા, સકારાત્મકતા કરતાં વધુ આકર્ષિત કરે છે, જે મને લાગે છે કે ચાલો, ઠીક છે. જો પૈસા પણ મળી રહ્યા હોય, ફોલોઅર્સ પણ વધી રહ્યા હોય, તો નકારાત્મક કેમ કરવું? કારણ કે તમે પોતે જ નકારાત્મક છો.' સલમાને આગળ કહ્યું, 'એક ખૂબ જ સારું નેરેટિવ, જે આજકાલ હું જોઈ રહ્યો છું કે, વી વૉન્ટ ભાઈ બૅક (અમે ભાઈનું કમબૅક ઈચ્છીએ છીએ), તેમણે શાનદાર ફિલ્મો કરી છે, પરંતુ છેલ્લી 5-6 ફિલ્મોમાં શું થઈ ગયું ભાઈ? ભાઈની એનર્જી રહી નથી. ભાઈને રસ નથી. ભાઈએ પોતાના મિત્રોની વાત ન સાંભળવી જોઈએ. ભાઈ આ, ભાઈ તે. આ ટ્રેલર જોયા પછી અમને લાગ્યું હતું કે ભાઈ 'માતૃભૂમિ'થી કમબૅક કરી રહ્યા છે, પરંતુ હવે લાગી રહ્યું છે કે આગામી ફિલ્મની રાહ જોવી પડશે.'

સલમાને વાતને આગળ વધારતા કહ્યું, 'તેઓ આવું કહી રહ્યા છે તો સારી વાત છે. ભાઈના કારણે તમે સોશિયલ મીડિયા પર દેખાઈ તો રહ્યા છો. ભાઈની ટીકા કરીને તમારા ફોલોઅર્સ વધી રહ્યા છે. તમને રોજગારી મળી રહી છે. ભાઈને તેનાથી કોઈ સમસ્યા નથી. જે કરવું હોય તે કરો.'

સલમાનની ફિલ્મ 'માતૃભૂમિ' 4 ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે, એ જ દિવસે શ્રદ્ધા કપૂરની 'ઈઠા' પણ આવશે. આ ક્લેશ અંગે સલમાને કહ્યું છે કે, 'મીડિયા માટે રાખવામાં આવેલી સ્ક્રીનિંગમાં તેમને વીએફએક્સની કેટલીક ખામીઓ જોવા મળી હતી, જેના પછી તેને મુલતવી રાખીને 4 ડિસેમ્બરે રિલીઝ કરવામાં આવી રહી છે. 27મીએ સૂરજ બડજાત્યાની ફિલ્મ આવી રહી છે, ત્યારબાદ સનીની. જેના કારણે તેમણે ફિલ્મની રિલીઝ 4 ડિસેમ્બરે રાખી.'

સલમાને આગળ કહ્યું- 'શાહરુખ ખાનની ફિલ્મ 'કિંગ' 24 ડિસેમ્બરે આવી રહી છે, હું શાહરુખ અને તેમની દીકરી સુહાના સાથે ક્લેશ કરવા માંગતો નથી.

જાન્યુઆરીમાં વિકી, રણબીર અને આલિયાની ફિલ્મ (લવ એન્ડ વૉર) આવી રહી છે. તેની સાથે પણ ટકરાવું નથી અને ત્યારબાદ એપ્રિલમાં 'મોન્સ્ટર' આવી રહી છે. હું મારી જ ફિલ્મ સાથે ક્લેશ કરવા માંગતો નથી.' 'ફિલ્મની રિલીઝ ડેટ જાહેર થાય, ત્યાં સુધી મને ખબર નહોતી કે, એ જ દિવસે શ્રદ્ધાની પણ ફિલ્મ આવી રહી છે. મને તેનો ખૂબ અફસોસ છે. જો મને પહેલાં ખબર હોત, તો હું શ્રદ્ધાની સામે ક્યારેય ન આવત. મેં તેને મોટી થતી જોઈ છે. મેં તેને ફોન કરીને માફી માંગી, તો તેણે કહ્યું- 'ના સર, કોઈ વાંધો નહીં', સલમાને ઉમેર્યું.

'કૅબરે ક્વીન'ની કરુણ કહાણી...

ગર્ભવતી માતા સાથે બર્માથી 867 કિમી ચાલીને હેલન ભારત પહોંચ્યાં; પહેલા પતિએ કમાણી લૂંટી, સલમાનના પિતા સાથે બીજા લગ્ન કર્યાં

(એજન્સી) મુંબઈ | તા.21

'પિયા તૂ અબ તો આજા', 'આઓ ના ગલે લગાઓ ના', 'યે મેરા દિલ', 'આ જાને જાં' અને 'મહબૂબા મહબૂબા' જેવા ગીતો પર થિરકીને લાખો લોકોને પોતાના ચાહક બનાવી ચૂકેલી હેલનની જિંદગી પડદા પર જેટલી ચમકદાર હતી, પડદા પાછળ એટલી જ પીડા અને સંઘર્ષથી ભરેલી રહી. હેલનનો જન્મ બર્મામાં થયો હતો અને બાળપણથી જ તેમને સંઘર્ષનો સામનો કરવો પડ્યો. નાની ઉંમરે પિતાનું મૃત્યુ જોયું, યુદ્ધ દરમિયાન બર્મા છોડીને પગપાળા ભારત પહોંચ્યાં, ભૂખ અને બીમારી સામે લડ્યાં, લગ્નમાં છેતરપિંડીનો ભોગ બન્યાં, આર્થિક તંગી સહન કરી અને પ્રેમ માટે પરિવારની નારાજગીનો સામનો કરવો પડ્યો. હેલનના જન્મદિવસના ખાસ અવસર પર વાંચો, તેમની જિંદગીની 5 મોટી કરુણ ઘટનાઓની વાર્તા-



1. ત્રણ વર્ષની ઉંમરે પિતાને ગુમાવ્યાં, યુદ્ધ દરમિયાન બર્માથી ભારત સુધી પગપાળા ભાગ્યાં

- હેલન એને રિચર્ડસનનો જન્મ 21 નવેમ્બર 1938ના રોજ રંગૂન, બ્રિટિશ બર્મા (અત્યારનું મ્યાનમાર)માં થયો હતો. તેમના પિતા ડેસિમિયર જ્યોર્જ ફ્રેન્ચ મૂળના હતા, જ્યારે માતા મર્લિન બર્મી હતાં. થોડા સમય બાદ માતાએ બ્રિટિશ મૂળના રિચર્ડસન સાથે બીજાં લગ્ન કર્યાં. પરિવારમાં ભાઈ રોજર અને દત્તક લીધેલી બહેન જેનિફર પણ હતાં.
- હેલનના બાળપણ પર યુદ્ધનો પડછાયો પડી ગયો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થયેલા બોમ્બમારામાં તેમના સાવકા પિતા રિચર્ડસનનું મોત થયું. જાપાની સેનાએ બર્મા પર કબજો કરી લીધો અને પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે પરિવારને પોતાનું ઘર છોડીને ભારત તરફ ભાગવું પડ્યું.
- 1943માં તેમની ગર્ભવતી માતા પોતાના બાળકોને લઈને પગપાળા ભારત માટે નીકળી પડી. આજે બર્માથી આસામ સુધીનો આ રસ્તો આશરે 867 કિલોમીટરનો હોવાનું કહેવાય છે. તે સમયે તેમની પાસે ન તો પૂરતું ભોજન હતું, ન પૈસા, ન કપડાં અને ન તો કોઈ સુરક્ષિત આશ્રયસ્થાન. ભૂખ્યા-તરસ્યા પરિવારે જંગલો અને ગામોમાંથી પસાર થઈને લાંબી મુસાફરી કરી. બીમારી અને ભૂખમરાને કારણે તેમની હાલત વધુ ખરાબ થઈ ગઈ. રસ્તામાં હેલનની માતાનું ગર્ભપાત થઈ ગયું. તેમના ભાઈની તબિયત પણ સતત બગડતી ગઈ.
- જે લોકો કોઈક રીતે ભારત પહોંચ્યા, તેમને બ્રિટિશ સૈનિકોની મદદ મળી. હેલન, તેમની માતા અને બહેનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. સૌની હાલત ખૂબ જ ખરાબ હતી. શરીર નબળું પડીને હાડપિંજર જેવું થઈ ગયું હતું અને ઘણી ઈજાઓ પણ થઈ હતી. ભાઈએ બીમારી સામે લડતાં લડતાં અંતિમ શ્વાસ લીધા.
- લગભગ બે મહિના સુધી હેલન અને તેમનો પરિવાર હોસ્પિટલમાં રહ્યો. હાલતમાં સુધારો થયા બાદ તેઓ કોલકાતા પહોંચ્યા.

2. પરિવારનું ભરણપોષણ કરવા માટે 13 વર્ષની ઉંમરે અભ્યાસ છોડ્યો

- કોલકાતામાં થોડો સમય રહ્યા બાદ હેલનનો પરિવાર બોમ્બે આવી ગયો. તેમની માતાએ નર્સની નોકરી શરૂ કરી. પરિવારમાં બાળકોની જવાબદારી અને ઘર ચલાવવાનો બોજ માતા પર હતો, પરંતુ તેમની સામાન્ય આવકથી ખાવા-પીવા અને અભ્યાસનો ખર્ચ કાઢવો મુશ્કેલ બની રહ્યો હતો.
- હેલન મોટી હતી. તેમને સમજાયું કે પરિવારને આર્થિક મદદની જરૂર છે. આવી સ્થિતિમાં માત્ર 13 વર્ષની ઉંમરે તેમણે અભ્યાસ છોડી દીધો અને કામ કરવાનો નિર્ણય કર્યો. પરિવારની એક પરિચિત કુકુ હિન્દી ફિલ્મોમાં ડાન્સર હતી. હેલનની માતાએ તેમનાથી પ્રેરાઈને દીકરીને પણ ડાન્સની દુનિયામાં મોકલવાનો નિર્ણય કર્યો.
- કુકુએ હેલેનને ડાન્સની તાલીમ અપાવવામાં અને ફિલ્મોમાં કામ મેળવવામાં મદદ કરી. 1951માં ફિલ્મ 'શાબિસ્તાન' અને 'આવારા'માં તેમને કોરસ ડાન્સર તરીકે કામ મળ્યું. શરૂઆતમાં તેઓ ફિલ્મોમાં ભીડ વચ્ચે ઊભા રહીને ડાન્સ કરતાં હતાં. દર્શકોની નજર તેમના પર પડતી નહોતી, પરંતુ તેઓ સતત મહેનત કરતાં રહ્યાં.
- ફિલ્મ-દર-ફિલ્મ તેમનો અંદાજ નિખરવા લાગ્યો. 'અલિફ-લૈલા' (1954) અને 'હૂર-એ-અરબ' (1955) જેવી ફિલ્મોમાં તેમને સોલો ડાન્સ કરવાની તક મળી. ત્યાર બાદ 1958માં 'હાવડા બ્રિજ'ના ગીત 'મેરા નામ ચિન ચિન ચૂ'એ તેમનું જીવન બદલી નાખ્યું





અનિલ કપૂર ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મળ્યા...

ઈટાલીના પ્રખ્યાત રેસ્ટોરન્ટે પણ તસવીરો શેર કરી

બીજી તરફ, યુરોપ પ્રવાસ દરમિયાન ઈટાલીના ફ્લોરેન્સ સ્થિત પ્રખ્યાત રેસ્ટોરન્ટ 'લા જિઓસ્ટ્રા' (La Giostra)ના હોસ્ટ સોલ્દાનો કુન્ઝ ડી'અસબર્ગો લોરેનાએ પણ ઈન્સ્ટાગ્રામ પર અનિલ કપૂર સાથેની એક તસવીર શેર કરી.

હોસ્ટે લખ્યું કે, જ્યારે બોલિવૂડનો ગ્લેમર ફ્લોરેન્સની આત્મા સાથે મળે છે, ત્યારે ભારતીય સિનેમાના દિગ્ગજોની સાથેની આ સાંજ ખૂબ જ ખાસ બની જાય છે.

(એજન્સી) મુંબઈ | તા.21

બોલિવૂડ એક્ટર અનિલ કપૂરે તાજેતરમાં પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી. અનિલ કપૂરે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર આ મુલાકાતની તસવીરો શેર કરીને માહિતી આપી છે.

અનિલ કપૂરે જણાવ્યું કે, આ દરમિયાન બંનેએ કલા, સંસ્કૃતિ, સિનેમા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઊર્જા અને આર્કિટેક્ચર જેવા વિષયો પર વાતચીત કરી. એક્ટરે રાષ્ટ્રપતિ મેક્રોનના કાર્યાલયમાં આવેલી નેપોલિયનના સમયગાળાની ઐતિહાસિક કલાકૃતિઓ પણ જોઈ.અનિલ કપૂરે પેરિસમાં ઉષ્માભર્યા સ્વાગત માટે મેક્રોનનો આભાર માન્યો અને તેમને ફરીથી ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું. ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં અનિલ કપૂરે રાષ્ટ્રપતિ મેક્રોન સાથેની પોતાની જૂની મુલાકાતને પણ યાદ કરી. તેમણે લખ્યું, 'જ્યારે હું પહેલી વાર ભારતમાં રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મળ્યો હતો, ત્યારે અમારી વાતચીત એટલી સ્વાભાવિક રહી કે એવું લાગ્યું જાણે અમે વર્ષોથી એકબીજાને ઓળખતા હોઈએ. પેરિસમાં તેમને ફરી મળીને એ જ હૂંફનો અનુભવ થયો.'અનિલ કપૂરે આગળ જણાવ્યું કે, 'ઈતિહાસના પાઠથી લઈને આવનારી પેઢીઓના ભવિષ્ય સુધી, આ વાતચીત અત્યંત અર્થપૂર્ણ રહી.'

ગિલને છોડીને સની દેઓલની વહુ બનશે સારા?



નાના દીકરા રાજવીર સાથે લગ્નની ચર્ચા, ભાભી સાનિયાએ 2027માં શરણાઈ વાગવાના સંકેત આપ્યા

(એજન્સી) મુંબઈ | તા.21

ભારતીય ક્રિકેટરના ભગવાન ગણાતા સચિન તેંડુલકરની દીકરી સારા બોલિવૂડના 'ગદર' સ્ટાર સની દેઓલની વહુ બનવા જઈ રહી છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. ક્રિકેટર શુભમન ગિલ સાથે નામ જોડાયા બાદ હવે સારાનું નામ સની દેઓલના લાડલા દીકરા રાજવીર સાથે જોડાયું છે. સોશિયલ મીડિયા અને રેડિટ પર દાવો કરવામાં આવી રહ્યો છે કે, સારાની ભાભી સાનિયાએ પણ 2027માં બંનેના લગ્નના સંકેત આપ્યા છે.

વાસ્તવમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ વાઇરલ થઈ રહી છે. X (અગાઉ ટ્વિટર) પર એક યુઝરે દાવો કર્યો છે કે, રાજવીર દેઓલ સારા તેંડુલકરને મોંઘા ગિફ્ટ્સ મોકલી રહ્યો છે. આ જ પોસ્ટમાં બંનેના 2027માં લગ્ન થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

પોસ્ટ વાયરલ થતાં જ રેડિટ પર બંનેના કથિત સંબંધો અંગે ચર્ચાઓ થવા લાગી. આ દાવાઓમાં સારાની ભાભી એટલે કે ક્રિકેટર અર્જુન તેંડુલકરની પત્ની સાનિયા ચાંડોકનું નામ પણ સામે આવ્યું. પોસ્ટમાં દાવો કર્યો કે, સાનિયાએ આવતા વર્ષે લગ્ન થવાનો સંકેત આપ્યો છે. જોકે, હજુ સુધી આ દાવાઓની કોઈ પુષ્ટિ થઈ નથી.

રાજવીર બોલિવૂડના 'હી-મેન' એટલે કે દિગ્ગજ દિવંગત એક્ટર ધર્મેન્દ્રનો પૌત્ર અને સની દેઓલનો નાનો દીકરો છે. તેણે 2023માં ફિલ્મ 'દોનો'થી એક્ટિંગમાં ડેબ્યૂ કર્યું હતું. તેની સાથે ફિલ્મમાં પૂનમ ઢિલ્લોનની દીકરી પલોમા લીડ રોલમાં હતી.

આ પહેલીવાર નથી જ્યારે સારાનું નામ કોઈની સાથે જોડાયું હોય. સારાની લવ લાઇફને લઈને અગાઉ પણ ઘણીવાર અટકળો લાગી ચૂકી છે. અગાઉ તેનું નામ ભારતીય ક્રિકેટર શુભમન ગિલ સાથે જોડાયું હતું. બંનેની નિકટતા વિશે સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચાઓ થઈ હતી. જોકે, બંનેએ ક્યારેય પોતાના સંબંધની પુષ્ટિ કરી નથી.

'કોફી વિથ કરણ'ના એક એપિસોડમાં કરણ જોહરે સારા અલી ખાનને શુભમન વિશે પ્રશ્ન કર્યો હતો. સારાએ ત્યારે આડ-કતરી રીતે કહ્યું હતું કે, 'તમે ખોટી સારાને સવાલ પૂછી રહ્યા છો.' સારા અલી ખાનના આ જવાબથી ઘણું બધું સ્પષ્ટ થઈ ગયું હતું.

આ ઉપરાંત મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી ભારત અને શ્રીલંકાની વર્લ્ડ કપ મેચમાં પણ સારા તેંડુલકર પહોંચી હતી. શુભમને તે મેચમાં શાનદાર ઈનિંગ્સ રમી હતી. પ્રેક્ષક ગેલેરીમાં બેઠેલી સારાએ તાળીઓ પાડીને તેનો ઉત્સાહ વધાર્યો હતો.

સામન્થા રુથ પ્રભુ પુત્રની માતા બની : દેવ નામ આપ્યું



મુંબઈ : સામન્થા રૂથ પ્રભૂ અને રાજ નિધિમોરુંના ઘરે પારણું બંધાયું છે. એક સોશ્યલ મિડિયા પોસ્ટ દ્વારા સામંથા અને રાજે તેમના ઘેર ગુરૂવારે પુત્ર દેવનો જન્મ થયાના સમાચાર આપ્યા હતા. આ સોશિયલ મીડિયા પોસ્ટ તરત જ વાયરલ થઈ હતી. ત્રિશા કૃષ્ણન તથા રકૂલ પ્રીત સિંહ, નિમરત કૌર સહિત બોલિવુડ તથા સાઉથની અનેક સેલિબ્રિટીઓ તથા હજારો ચાહકોએ આ યુગલ પર અભિનંદનની વર્ષા કરી હતી.

રાજ અને સામંથા પહેલીવાર વેબ સીરિઝ 'ફેમિલીમેન ટુમાં કામ કરતી વખતે સેટ પર મળ્યા હતા. તેમના વ્યવસાયી સંબંધો પ્રેમમાં પરિણમતા બંને જણાંએ પહેલી ડિસેમ્બર ૨૦૨૫માં નજીકના મિત્રો અને પરિવારજનોની હાજરીમાં લગ્ન કરી લીધાં હતા.કોઈમ્બતૂરમાં ઈશા યોગ સેન્ટર ખાતે આ લગ્ન શ્રીવિદ્યા પરંપરાથી કરવામાં આવ્યા હતા. પુત્ર દેવના જન્મ પૂર્વે દંપતીએ પરંપરાગત સિમંત પ્રસંગની બંને પરિવારોના સભ્યોની હાજરીમાં ઉજવણી કરી હતી.

જાણીતી સિંગર ટેલર સ્વિફ્ટને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાશે, ઈન્ટરનેશનલ આર્ટિસ્ટ ઓફ ધ યર જાહેર...

(એજન્સી) મુંબઈ | તા.21 દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (DPIFF) દ્વારા શુક્રવારે વર્ષ 2026ના આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતાઓના નામની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ્સમાં જાણીતી સિંગર ટેલર સ્વિફ્ટને 'ઈન્ટરનેશનલ આર્ટિસ્ટ ઓફ ધ યર' એવોર્ડ માટે પસંદ કરવામાં આવી છે.

ફેસ્ટિવલના આયોજકોના જણાવ્યા મુજબ, ટેલર સ્વિફ્ટની અસાધારણ સંગીત કલા, વૈશ્વિક સાંસ્કૃતિક પ્રભાવ, ગીતલેખન અને લાઇવ કોન્સર્ટના ક્ષેત્રમાં તેના શાનદાર યોગદાનને ધ્યાનમાં રાખીને આ સન્માન આપવામાં આવી રહ્યું છે. જોકે, ટેલર સ્વિફ્ટ મુંબઈમાં યોજાનારા આ ભવ્ય સમારોહમાં હાજરી આપશે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

બીજી તરફ, ટેલર સ્વિફ્ટે બુધવારે 13 વર્ષના લાંબા અંતરાલ બાદ કન્ટ્રી મ્યુઝિક એસોસિએશન (CMA) એવોર્ડ્સના મંચ પર ધમાકેદાર વાપસી કરી હતી. આ સમારોહમાં તેણે પોતાનું લેટેસ્ટ કન્ટ્રી સોંગ 'આઈ ન્યૂ યુ, આઈ ન્યૂ યુ' રજૂ કર્યું હતું, તેમજ કીથ અર્બન સાથે મળીને વર્ષ 2007નું પોતાનું સુપરહિટ ગીત 'અવર સોંગ' ગાઈને દર્શકોના દિલ જીતી લીધા હતા.



ઉલ્લેખનીય છે કે તેનું નવું ગીત 2026 CMA એવોર્ડ્સમાં 'સિંગલ ઓફ ધ યર' કેટેગરીમાં નોમિનેટ થયું હતું, પરંતુ એલા લેંગલીના ગીત 'ચૂઝિન ટેક્સાસ' સામે તેની હાર થઈ હતી.

DPIFF દ્વારા ફિલ્મ જગતના અન્ય દિગ્ગજોના સન્માનની પણ જાહેરાત કરવામાં આવી છે. હોલિવૂડના જાણીતા દિગ્દર્શક જેમ્સ કેમરૂનને ફિલ્મ નિર્માણમાં ટેકનિકલ પ્રયોગો દ્વારા આપેલા અમૂલ્ય યોગદાન બદલ 'ગ્લોબલ સિનેમા ઓનર' એવોર્ડથી નવાજવામાં આવશે. ફેસ્ટિવલના નિવેદન મુજબ, 'ધ એબીસ' ફિલ્મ દ્વારા મુખ્યધારાના સિનેમામાં કમ્પ્યુટર-જનરેટેડ ઈમેજરી (CGI)ની શક્યતાઓ રજૂ કરવા બદલ અને 'ટર્મિનેટર 2: જજમેન્ટ ડે' તથા 'અવતાર' જેવી ફિલ્મોમાં વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને પર્ફોર્મન્સ-કેપ્ચર ટેકનિકના સંગમથી 'પેન્ડોરા' જેવી કાલ્પનિક દુનિયા ઊભી કરવા બદલ તેમને આ સન્માન અપાઈ રહ્યું છે.

વેલિંગ્ટન ટેસ્ટમાં ભારતના ટોપ-5 બેટર્સે રચ્યો ઈતિહાસ

ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે ભારતે 4 વિકેટે 486 રન બનાવી 118 રનની લીડ મેળવી. 94 વર્ષના ભારતીય ટેસ્ટ ઇતિહાસમાં પ્રથમ વખત ટોચના 5 બેટર્સ (કેએલ રાહુલ 136, યશસ્વી જાયસ્વાલ 85, દેવદત્ત પડિક્કલ 80, શુભમન ગિલ 98, ઋષભ પંત 55*) એ એક જ ઇનિંગમાં 50થી વધુ રન બનાવવાનો અનોખો રેકોર્ડ નોંધાવ્યો છે, જેથી ક્રિકેટ ચાહકો ખુશ છે.



(એજન્સી) ન્યૂઝીલેન્ડ | તા.21

ન્યૂઝીલેન્ડના ઘરમાં ટીમ ઈન્ડિયાના બેટર્સએ કંઈક એવું કરી બતાવ્યું છે કે, ભારતીય ક્રિકેટ ચાહકો હરખમાં સમાતા નથી. ભારતીય બેટર્સએ કિવિ બોલરોને વેલિંગ્ટનના બેસિન રિઝર્વમાં ચાલી રહેલી 2 મેચની ટેસ્ટ શ્રેણીના પહેલા મુકાબલામાં જબરદસ્ત ધોઈ કાઢ્યા છે. શનિવારે ત્રીજા દિવસે રમત પૂરી થાય ત્યાં સુધીમાં ભારતે પહેલી ઈનિંગમાં 4 વિકેટના નુકસાને 486 રન ફટકારી લીધા હતા, પરંતુ આ સ્કોર કરતાં પણ વધુ ભારતના 94 વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં પહેલી વખત ટીમ ઈન્ડિયાના બેટર્સએ બનાવેલો રેકોર્ડ ચર્ચામાં રહ્યો. ભારતે પોતાની પહેલી ટેસ્ટ મેચ વર્ષ 1932માં રમી હતી, પરંતુ છેલ્લા 94 વર્ષમાં ટીમ ઈન્ડિયાના તમામ ટોચના 5 બેટર્સએ વિદેશની ધરતી પર રમાયેલી કોઈ પણ ટેસ્ટ મેચમાં એક જ ઈનિંગમાં 50થી વધુ રનનો સ્કોર બનાવ્યો ન હતો; જોકે હવે ટીમ ઈન્ડિયાના બેટર્સએ ઇતિહાસ બદલી નાખ્યો છે. ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી પહેલી ટેસ્ટ મેચની પહેલી જ ઇનિંગમાં ટોચના 5 બેટર્સ (કેએલ રાહુલ, યશસ્વી જાયસ્વાલ, દેવદત્ત પડિક્કલ, શુભમન ગિલ અને ઋષભ પંત)એ 50+ સ્કોર બનાવ્યો છે. ભારતીય ટેસ્ટ ક્રિકેટના 94 વર્ષના ઇતિહાસમાં આવું પહેલી વખત બન્યું છે.

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પહેલી ટેસ્ટમાં ભારતના ટોપ 5 બેટર્સનું પ્રદર્શન

1. યશસ્વી જાયસ્વાલ - 85 રન
2. કેએલ રાહુલ - 136 રન
3. દેવદત્ત પડિક્કલ - 80 રન
4. શુભમન ગિલ - 98 રન
5. ઋષભ પંત - 55 રન પર અણનમ

ન્યૂઝીલેન્ડની ધરતી પર KL રાહુલનો જલવો,એક સદી અને છ મોટા રેકોર્ડ

વેલિંગ્ટન ટેસ્ટના ત્રીજા દિવસે KL રાહુલે 136 રનની સદી ફટકારી અનેક રેકોર્ડ બનાવ્યા. ભારતે 486/4નો સ્કોર કર્યો, જ્યારે શુભમન ગિલ 98 રને આઉટ થયો



(એજન્સી) નવી દિલ્હી | તા.21

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટન ટેસ્ટના ત્રીજા દિવસે એક પછી એક અનેક રેકોર્ડ તૂટતા રહ્યા. કોઈએ મહાન બેટ્સમેનોની યાદીમાં સ્થાન મેળવ્યું, તો શુભમન ગિલ ભારતીય કેપ્ટનોની એક અનિચ્છનીય યાદીમાં સામેલ થઈ ગયા. ત્રીજા દિવસની રમત પૂરી થતાં ભારતે 4 વિકેટના નુકસાન પર 486 રન બનાવી લીધા હતા અને તેની કુલ લીડ 118 રનની થઈ હતી.મેચના ત્રીજા દિવસે ભારત તરફથી KL રાહુલે શાનદાર સદી ફટકારી હતી. તેણે 136 રનની ઈનિંગ રમી હતી. આ સાથે રાહુલ સક્રિય ટેસ્ટ ક્રિકેટરોમાં સૌથી વધુ સદી ફટકારનાર ભારતીય બેટ્સમેન બની ગયો છે. બીજી તરફ ઋષભ પંત (55 રન), શુભમન ગિલ (98 રન) અને દેવદત્ત પડિકલ (80 રન)એ પણ અડધી સદી ફટકારી હતી. વેલિંગ્ટન ટેસ્ટના ત્રીજા દિવસે બનેલા તમામ રેકોર્ડ્સ પર નજર કરીએ.KL રાહુલે પોતાની ટેસ્ટ કારકિર્દીની 13મી સદી ફટકારી હતી. આ સાથે તે સક્રિય ભારતીય ક્રિકેટરોમાં સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. 11 સદી સાથે શુભમન ગિલ બીજા સ્થાને છે. શુભમન ગિલની ઈનિંગ 98 રન પર સમાપ્ત થઈ હતી. આ સાથે તે ટેસ્ટ ઈનિંગમાં 90ના આંકડામાં આઉટ થનારા 11મા ભારતીય કેપ્ટન બન્યા છે. મહેન્દ્ર સિંહ ધોની સાથે સૌથી વધુ 4 વખત આવું બન્યું હતું. KL રાહુલે 136 રનની ઈનિંગ રમી હતી. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં રાહુલ એકમાત્ર ભારતીય ઓપનર છે, જેણે તમામ SENA દેશોમાં (દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા) ટેસ્ટ સદી ફટકારી છે.ભારતીય ટીમ પ્રથમ ઈનિંગમાં 486 રન બનાવી ચૂકી હતી. બેસિન રિઝર્વ મેદાન પર ભારતનો આ સૌથી મોટો ટેસ્ટ સ્કોર છે. અગાઉ ભારતે 2014માં ન્યૂઝીલેન્ડ સામે આ મેદાન પર 438 રન બનાવ્યા હતા.ઓપનર તરીકે KL રાહુલે ન્યૂઝીલેન્ડની ધરતી પર ટેસ્ટમાં ભારત માટે ત્રીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો છે. આ યાદીમાં પ્રથમ બે સ્થાન ગૌતમ ગંભીરના નામે છે.

ભારતે ટ્રોફી સેરેમનીનો કર્યો બહિષ્કાર, પાકિસ્તાન ફાઇનલ રમ્યા વિના ચેમ્પિયન જાહેર

(એજન્સી) નવી દિલ્હી | તા.21

ક્રિકેટ એસોસિએશન ફોર ધ બ્લાઇન્ડ ઇન ઇન્ડિયા (CABI)ના સચિવ શૈલેન્દ્ર યાદવે 'ઇન્ડિયા ટુડે' સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ વિવાદનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી ભારતીય ટીમ ભવિષ્યમાં પાકિસ્તાન સામે રમશે નહીં. બાંગ્લાદેશના ઢાકામાં રમાયેલા મેન્સ બ્લાઇન્ડ ક્રિકેટ એશિયા કપ 2026માં ભારત અને પાકિસ્તાન વચ્ચેનો ફાઇનલ મુકાબલો વરસાદને કારણે રદ થયો હતો.જોકે, ફાઇનલમાં ટોસ પણ થઈ શક્યો ન હોવા છતાં ટુર્નામેન્ટના આયોજકોએ વધુ સારા નેટ રન રેટના આધારે પાકિસ્તાનને ચેમ્પિયન જાહેર કર્યું હતું.આ નિર્ણયથી નારાજ ભારતીય ટીમે ટ્રોફી સેરેમનીનો બહિષ્કાર કર્યો હતો.ભારતીય ક્રિકેટ એસોસિએશને ભવિષ્યમાં પાકિસ્તાન સામે મેચ નહીં રમવાની ચીમકી પણ આપી છે. શુક્રવારે ઢાકામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેન્સ બ્લાઇન્ડ ક્રિકેટ એશિયા કપ 2026ની ફાઇનલ રમાવાની હતી.સતત વરસાદને કારણે મેદાન પર મેચ શરૂ થવી તો દૂર, ટોસ પણ થઈ શક્યો નહોતો. આ સ્થિતિમાં ટુર્નામેન્ટના આયોજકોએ પાકિસ્તાનનો નેટ રન રેટ ભારત કરતાં સારો હોવાના આધારે તેને વિજેતા જાહેર કર્યું હતું. જ્યારે ભારતીય ટીમને રનર અપ જાહેર કરવામાં આવી હતી. આ નિર્ણય સામે ભારતીય ખેલાડીઓ અને અધિકારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. ભારતીય ટીમનું કહેવું છે કે નેટ રન રેટના આધારે લીગ કે ક્વોલિફાઇંગ રાઉન્ડમાં ટીમોની રેન્કિંગ નક્કી કરી શકાય,પરંતુ વરસાદને કારણે રદ થયેલી ફાઇનલમાં ચેમ્પિયન નક્કી કરવા માટે આ માપદંડનો ઉપયોગ કરી શકાય નહીં. ક્રિકેટ એસોસિએશન ફોર ધ બ્લાઇન્ડ ઇન ઇન્ડિયા (CABI)ના સચિવ શૈલેન્દ્ર યાદવે 'ઇન્ડિયા ટુડે' સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ વિવાદનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી ભારતીય ટીમ ભવિષ્યમાં પાકિસ્તાન સામે રમશે નહીં.વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે વર્લ્ડ બ્લાઇન્ડ ક્રિકેટ કાઉન્સિલ (WBCC)ના પ્રમુખ અને પાકિસ્તાન બ્લાઇન્ડ ક્રિકેટ કાઉન્સિલના વડા સુલતાન શાહે કથિત રીતે WBCCની ટેકનિકલ કમિટીના નિર્ણયને બદલી નાખ્યો હતો. ટેકનિકલ કમિટીએ ભારત અને પાકિસ્તાનને સંયુક્ત વિજેતા જાહેર કરવા સહમતિ દર્શાવી હતી.




ભારતીય ખેલાડીઓએ પણ નિર્ણય સામે નોંધાવ્યો વિરોધ

ભારતીય ખેલાડીઓના જણાવ્યા પ્રમાણે,ફાઇનલ દરમિયાન જ તેમને જાણ કરવામાં આવી હતી કે પાકિસ્તાનને વધુ સારા નેટ રન રેટના આધારે ચેમ્પિયન જાહેર કરવામાં આવશે અને ભારતને બીજા સ્થાને રાખવામાં આવશે.આ નિર્ણયની જાણ થતાં જ ભારતીય ટીમે વાંધો ઉઠાવ્યો હતો.ખેલાડીઓનું કહેવું હતું કે તેઓ ઇચ્છતા હતા કે ખિતાબનો નિર્ણય મેદાન પર રમાયેલી મેચના આધારે થાય.

બેન્ક્રોફ્ટના ખુલાસા બાદ માઇકલ ક્લાર્કનો ધડાકો

(એજન્સી) નવી દિલ્હી | તા.21

ઓસ્ટ્રેલિયન ક્રિકેટનો સૌથી શરમજનક વિવાદ ગણાતા 'સેન્ડપેપરગેટ'ની ચર્ચા ફરી શરૂ થઈ છે. આઠ વર્ષ જૂના આ કાંડમાં હવે પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઇકલ ક્લાર્કે પોતાનો અભિપ્રાય આપ્યો છે. તેમના મતે, બોલ સાથે ચેડાંની ઘટના માટે માત્ર ત્રણ ખેલાડીઓને જવાબદાર ઠેરવવાને બદલે આખી ટીમે જવાબદારી સ્વીકારવી જોઈતી હતી. ક્લાર્કે આ અભિગમને 'વન ઈન, ઑલ ઈન' ગણાવ્યો છે. પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઇકલ ક્લાર્કે 'બિયોન્ડ23 ક્રિકેટ પોડકાસ્ટ'માં વાત કરતાં કહ્યું કે 2018ના સેન્ડપેપર કાંડ વખતે ઓસ્ટ્રેલિયન ટીમે સામૂહિક રીતે જવાબદારી સ્વીકારવી જોઈતી હતી. ક્લાર્કના મતે, જો તેઓ તે સમયે ટીમના કેપ્ટન હોત, તો તેઓ એકલા જ મીડિયા સામે આવીને જવાબ આપત. તેમણે કહ્યું કે કેપ્ટન તરીકે ટીમની જવાબદારી પોતાની હોય છે. જો ટીમના અન્ય સભ્યોને ઘટનાની જાણ હતી, તો બધાએ સાથે મળીને જવાબદારી સ્વીકારવી જોઈતી હતી. ક્લાર્કે આ માટે 'વન ઈન, ઑલ ઈન' એટલે કે એકની ભૂલ હોય તો આખી ટીમે સાથે ઊભા રહેવું જોઈએ એવો અભિગમ રજૂ કર્યો. 2018માં દક્ષિણ આફ્રિકા સામે કેપટાઉન ટેસ્ટ દરમિયાન કેમેરોન બેન્ક્રોફ્ટ બોલ પર સેન્ડપેપર ઘસતા કેમેરામાં ઝડપાયો હતો. ત્યારબાદ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તપાસ કરી હતી. આ મામલે તત્કાલીન કેપ્ટન સ્ટીવ સ્મિથ અને ઉપકપ્તાન ડેવિડ વોર્નર પર એક-એક વર્ષનો પ્રતિબંધ મૂકાયો હતો, જ્યારે બેન્ક્રોફ્ટને નવ મહિનાનો પ્રતિબંધ મળ્યો હતો. ક્લાર્કે આ સજાને પણ વધારે પડતી ગણાવી હતી. તેમના મતે, ત્રણેય ખેલાડીઓએ પરિણામ ભોગવવું જરૂરી હતું, પરંતુ તેમને અપાયેલી સજા ખૂબ કડક હતી. તેમણે સ્મિથની પણ પ્રશંસા કરી કે તે સમયે સ્મિથ કોચ સાથે મીડિયા સામે આવ્યો હતો અને જવાબદારી સ્વીકારી હતી. આ વિવાદ ફરી ચર્ચામાં આવવાનું કારણ કેમેરોન બેન્ક્રોફ્ટનું તાજેતરનું નિવેદન છે. બેન્ક્રોફ્ટે દાવો કર્યો છે કે 2018માં દક્ષિણ આફ્રિકા પ્રવાસ દરમિયાન બોલ પર સેન્ડપેપર વપરાતું હોવાની જાણ આખી ઓસ્ટ્રેલિયન ટીમને હતી. તેણે પોતાના નિવેદનમાં દાવો કર્યો કે બોલની સ્થિતિ અંગે બોલરો સાથે વાતચીત થતી હતી અને તેને પ્રતિસાદ પણ મળતો હતો. જોકે, ઓસ્ટ્રેલિયાના વર્તમાન ટેસ્ટ કેપ્ટન પેટ કમિન્સે આ દાવાને નકારી કાઢ્યો છે. કમિન્સે કહ્યું છે કે મેદાન પર સેન્ડપેપર લઈ જવામાં આવી રહ્યું હતું તેની તેમને જાણ નહોતી. આથી આઠ વર્ષ જૂની ઘટનાને લઈને ખેલાડીઓનાં નિવેદનોમાં વિરોધાભાસ જોવા મળી રહ્યો છે.વિવાદ ફરી ઊભો થતાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ 2018ના પ્રવાસ સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્ટાફને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવા માટે એક ફોરમ બનાવવાની જાહેરાત કરી છે.





FBIના ગુનાહિત રેકોર્ડ ડેટાબેઝને હેક કરવામાં આવ્યો છે. જે થોડા જ મહિનાઓમાં થયેલો બીજો મોટો સાયબર હુમલો છે

હેકર્સે FBIને ફરી નિશાન બનાવ્યું, નેશનલ ક્રાઇમ ડેટાબેઝ હેક, વોરંટ અને બેકગ્રાઉન્ડ ચેક ડેટા જોખમમાં

(એજન્સી) અમેરિકા । તા. 21

FBIની કમ્પ્યુટર સિસ્ટમ્સ ફરી એકવાર સાયબર હુમલાનો ભોગ બની છે. આ વખતે હેકર્સે દેશભરના ગુના સંબંધિત રેકોર્ડ્સ ધરાવતા ડેટાબેઝને નિશાન બનાવ્યો છે. થોડા જ મહિનાઓમાં FBIની સિસ્ટમ્સ પર થયેલો આ બીજો મોટો સાયબર હુમલો છે. એક અહેવાલ મુજબ, FBI હાલમાં આ ઘટનાની તપાસ કરી રહ્યું છે. તપાસ સાથે સંકળાયેલા બે વ્યક્તિઓએ આ વાતની પુષ્ટિ કરી છે. જોકે, ચોક્કસ કઈ માહિતી ચોરાઈ છે અથવા હેકર્સે કેટલા ડેટા સુધી પહોંચ મેળવી છે, તે હજુ સ્પષ્ટ નથી. જે ડેટાબેઝ સાથે ચેડાં થયાં છે તેને 'નેશનલ ક્રાઈમ ઈન્ફોર્મેશન સેન્ટર' (NCIC) તરીકે ઓળખવામાં આવે છે. તે સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં ફેડરલ, રાજ્ય અને સ્થાનિક કાયદા અમલીકરણ એજન્સીઓને જોડે છે, જેનાથી તેઓ ગુના સંબંધિત માહિતી મેળવી શકે છે અને એકબીજા સાથે શેર કરી શકે છે. આ ડેટાબેઝમાં ધરપકડ વોરંટ અને વ્યક્તિઓની પૃષ્ઠભૂમિ (બેકગ્રાઉન્ડ) જેવી વિગતો સંગ્રહિત હોય છે. પોલીસ અને તપાસ એજન્સીઓ તેનો ઉપયોગ ગુનેગારોની ઓળખ કરવા, ધરપકડ વોરંટની ચકાસણી કરવા અને ચાલી રહેલી તપાસ માટે જરૂરી રેકોર્ડ્સ મેળવવા માટે કરે છે.



સપ્ટેમ્બરમાં FBIની વેબસાઈટ થઈ હતી હેક

આ પહેલાં, સપ્ટેમ્બર મહિનામાં 'શાઈનીહન્ટર્સ' નામના હેકર જૂથે FBIની ભરતી (રિક્રૂટમેન્ટ) વેબસાઈટને નિશાન બનાવી હતી. તે હુમલામાં એજન્સીના કર્મચારીઓની વ્યક્તિગત અને સંવેદનશીલ માહિતી ચોરાઈ ગઈ હતી. આમ, થોડા જ મહિનાઓમાં FBIની સિસ્ટમ્સ પર થયેલો આ બીજો સાયબર હુમલો છે. જ્યાં પ્રથમ હુમલામાં કર્મચારીઓના વ્યક્તિગત ડેટાને નિશાન બનાવાયા હતા, ત્યાં આ તાજેતરની ઘટનામાં દેશભરની કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા ગુનાહિત રેકોર્ડ્સના ડેટાબેઝ સાથે ચેડાં થયાં છે.



NCIC ડેટાબેઝ શું છે?

NCIC, એટલે કે 'નેશનલ ક્રાઈમ ઈન્ફોર્મેશન સેન્ટર', એક એવી ડિજિટલ સિસ્ટમ છે જેનો ઉપયોગ યુનાઈટેડ સ્ટેટ્સમાં ફેડરલ, રાજ્ય અને સ્થાનિક કાયદા અમલીકરણ એજન્સીઓ મહત્વપૂર્ણ માહિતી મેળવવા માટે કરે છે. તેમાં ધરપકડ વોરંટ અને વ્યક્તિઓની પૃષ્ઠભૂમિ સંબંધિત રેકોર્ડ્સ હોય છે. આ સિસ્ટમની મદદથી, વિવિધ વિસ્તારોની પોલીસ ગુના સંબંધિત માહિતી એક જ જગ્યાએથી મેળવી શકે છે.

અમેરિકાએ 5 દેશોમાં AI ચિપની નિકાસ પર લગાવ્યાં નિયંત્રણો

(એજન્સી) અમેરિકા । તા. 21

અમેરિકાએ 5 દેશોમાં એઆઈ ચિપની નિકાસ પર નિયંત્રણો લગાવ્યાં. Nvidiaના શેર 11.5% તૂટ્યા અને ચીનના સેમિકન્ડક્ટર ક્ષેત્ર પર ચર્ચા તેજ બની. અમેરિકા અને ચીન વચ્ચે ચાલતું ટેકનોલોજી યુદ્ધ વધુ તેજ બન્યું છે. અમેરિકાએ વિદેશી ડેટા સેન્ટરો મારફતે ચીનની એઆઈ ટેકનોલોજી સુધીની પહોંચ અટકાવવા પાંચ દેશોમાં અદ્યતન ચિપ નિકાસ પર કડક નિયંત્રણો લાદ્યા છે. આ આકરા પગલાં વચ્ચે નિયમનકારી દબાણ વધતાં એનવીડિયાના શેરમાં તીવ્ર કડાકો નોંધાયો છે, જેનાથી વૈશ્વિક સ્તરે મોટો પ્રભાવ પડશે. યુએસ બ્યુરો ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ સિક્યોરિટીએ મલેશિયા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, સિંગાપોર અને બ્રાઝિલ ખાતે અદ્યતન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચિપ્સ મોકલવા માટે નિકાસ લાઈસન્સિંગ પ્રક્રિયા ફરજિયાત બનાવી છે. ચીની કંપનીઓ અમેરિકન ચિપ્સ સીધી ખરીદી શકતી ન હોવા છતાં વિદેશી ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટર દ્વારા ક્ષમતા મેળવી રહી હતી. પ્રતિબંધો અમલમાં આવ્યા પછી પણ અંદાજે 2,40,000 જેટલી એનવીડિયા એઆઈ ચિપ્સ ચીન પહોંચી હોવાનું મનાય છે. આ ઉપરાંત સિંગાપોરની મેગાસ્પીડ કંપની અલીબાબા સહિતના અન્ય ચીની ગ્રાહકોને આશરે 86,000 ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ ભાડે આપી રહી હોવાનું સામે આવ્યું છે. આ પ્રકારના પરોક્ષ ઉપયોગને રોકવા માટે વોશિંગ્ટને નવી જોગવાઈઓ લાગુ કરી છે. આવા નવા નિયંત્રણો વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનને નવો આકાર આપી શકે છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રોકાણની ટકાઉક્ષમતા સામે પણ ગંભીર પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. બીજી તરફ, અમેરિકન સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા સંભવિત એકાઉન્ટિંગ મુદ્દાઓની તપાસના અહેવાલો વચ્ચે એનવીડિયા કંપની પર ભારે નિયમનકારી દબાણ ઊભું થયું છે. આ અહેવાલો બહાર આવ્યા પછી 20 નવેમ્બરે કંપનીના શેર 11.5% ગગડી ગયા હતા. એઆઈ ઇકોસિસ્ટમમાં કંપનીનું 61 અબજ ડોલરનું ઇક્વિટી રોકાણ તથા 164.5 અબજ ડોલરની લીઝ ગેરંટી અને ક્લાઉડ કેપેસિટી બેકસ્ટોપ સંકળાયેલા છે. નિકાસ નિયંત્રણોથી દક્ષિણ-પૂર્વ એશિયામાં એઆઈ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણમાં મોટો અવરોધ આવી શકે છે. ચિપ્સ પર નિર્ભર નાની ક્લાઉડ પ્રોવાઇડર કંપનીઓ મુશ્કેલીમાં મુકાઈ છે. એઆઈ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની કોરવીવના શેરના ભાવમાં અગાઉથી 25% ઘટાડો નોંધાયો છે અને તેની બોન્ડ યીલ્ડ વધીને 15.7% થઈ છે.



ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય અર્થતંત્રના વખાણ કર્યા

અમેરિકા | અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય અર્થતંત્રના વખાણ કર્યા છે, જ્યારે તે જ સમયે તેમણે પોતાના દેશની મધ્યસ્થ બેંક, 'ફેડરલ રિઝર્વ'ની ટીકા પણ કરી છે. ભારતના નીચા વ્યાજ દરો અને ૭ ટકાના આર્થિક વિકાસ દરનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે સૂચવ્યું કે, જો અમેરિકા પણ આવી જ નીતિ અપનાવે, તો તેનો જીડીપી વિકાસ દર ૧૪, ૧૫ કે ૨૦ ટકા સુધી પહોંચી શકે છે. તેમણે અમેરિકાની ફેડરલ રિઝર્વ પર વ્યાજ દરો અંગે રાજકીય પ્રેરિત અભિગમ અપનાવવાનો આરોપ લગાવ્યો. નોંધનીય છે કે, થોડા દિવસો પહેલા જ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરતા તેમને એક 'મજબૂત વ્યક્તિ' ગણાવ્યા હતા.ટ્રમ્પે આક્ષેપ કર્યો કે જ્યારે પણ અમેરિકાના મજબૂત આર્થિક આંકડા સામે આવે છે, ત્યારે ફેડરલ રિઝર્વ વ્યાજ દરો વધારીને પ્રતિક્રિયા આપે છે. તેમના મતે, મધ્યસ્થ બેંકે તેના બદલે વ્યાજ દરો ઘટાડવા જોઈએ. તેમણે દલીલ કરી કે જ્યારે કોઈ દેશની આર્થિક સ્થિતિ સુધરી રહી હોય, ત્યારે વ્યાજ દરો ઘટાડવા જોઈએ, કારણ કે તેનાથી દેશની દેવું ચૂકવવાની ક્ષમતામાં પણ વધારો થાય છે.

ટ્રેન સાથે ભટકાતા જ અગનગોળો બની મિની બસ

ચાલકનું મોત, 264 મુસાફરોનો ચમત્કારિક બચાવ

(એજન્સી) ઈન્ડોનેશિયા। તા. 21

ઈન્ડોનેશિયાના ઉત્તરી સુમાત્રા પ્રાંતમાં શુક્રવારે તે સમયે એક મોટી રેલ દુર્ઘટના ઘટી, જ્યારે મેડાન-પેમાતાંગ સિયાંતાર રૂટ પર ચાલતી સિયાંતાર એક્સપ્રેસ ટ્રેનની ટક્કર એક મિનીબસ સાથે થઈ ગઈ. આ દુર્ઘટના સુરક્ષા ગેટ વિનાના રેલવે ક્રોસિંગ પર થઈ. ટક્કર બાદ ટ્રેનના એન્જિનમાંથી તણખા નીકળ્યા અને આગ લાગી ગઈ. જોકે રાહતની વાત એ રહી કે ટ્રેનમાં સવાર તમામ 264 મુસાફરો સુરક્ષિત રહ્યા. આ દુર્ઘટનામાં મિનીબસ ચાલકનું મોત થયું છે, જ્યારે ટ્રેનના બે ડ્રાઇવર અને એક કર્મચારી ઘાયલ થઈ ગયા છે. એક રિપોર્ટ પ્રમાણે કેરેટા આપ્પી ઈન્ડોનેશિયાના ઉત્તરી સુમાત્રા રિજનલ ડિવિઝન-1 ના પબ્લિક રિલેશન મેનેજર અનવર યુલી પ્રાસ્ત્યોએ જણાવ્યું કે, સિયાંતાર એક્સપ્રેસ મેડાન જઈ રહી હતી. મુસાફરી દરમિયાન સિયાંતાર સ્ટેશન અને ડોલોક મેરંગિર સ્ટેશન વચ્ચે કિલોમીટર 38+7/6 પર એક મિનીબસ અચાનક સુરક્ષા વિનાના રેલવે ક્રોસિંગ પરથી પસાર થવા લાગી. આ દરમિયાન ટ્રેન તેની સાથે અથડાઈ ગઈ. ટક્કર એટલી જોરદાર હતી કે મિનીબસ અનેક મીટર સુધી ઢસડાતી ગઈ. અકસ્માત દરમિયાન ટ્રેનના એન્જિનમાંથી નીકળેલા તણખાએ મિનીબસ અને લોકોમોટિવ બંનેમાં આગ લગાવી દીધી. ઘટના બાદ ટ્રેનને વચ્ચેના રસ્તે રોકવી પડી અને તાત્કાલિક બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું. દુર્ઘટનામાં ટ્રેનના બે ચાલક અને એક અન્ય કર્મચારી ઘાયલ થઈ ગયા. તમામ ઘાયલોને ઘટનાસ્થળેથી કાઢીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે, તેમની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. રેલવે અધિકારીઓ અનુસાર ટ્રેનમાં સવાર તમામ 264 મુસાફરોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા. અનવર પ્રાસ્ત્યોએ કહ્યું કે, 'સિયાંતાર સ્ટેશનથી મુસાફરી શરૂ કરનારા તમામ મુસાફરો સુરક્ષિત છે અને કોઈ મુસાફરને કોઈ નુકસાન પહોંચ્યું નથી.' મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા હેઠળ સુરક્ષિત સ્થાનો પર પહોંચાડવામાં આવ્યા. અકસ્માત બાદ લાગેલી આગે ટ્રેનના એન્જિનને પોતાની ઝપેટમાં લઈ લીધું, પરંતુ ફાયર કર્મચારીઓએ સમયસર આગ પર કાબૂ મેળવી લીધો. અધિકારીઓ અનુસાર આગ મુસાફર ડબ્બાઓ સુધી પહોંચી નહીં, જેનાથી મોટું નુકસાન ટળી ગયું. શુક્રવાર મોડી રાત સુધી ફાયરની ટીમો કૂલિંગ ઓપરેશનમાં જોડાયેલી રહી.

ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા વ્યવસ્થા સઘન કરાઈ



(એજન્સી) બાંગ્લાદેશ । તા. 21

બાંગ્લાદેશમાં નવી સરકારની રચના થઈ છે, જેમાં તારિક રહેમાન વડાપ્રધાન તરીકે સેવા આપી રહ્યા છે. જોકે, શેખ હસીના હજુ પણ વહીવટીતંત્ર માટે ચિંતાનો વિષય બની રહ્યા છે. બાંગ્લાદેશ સતત ભારત પાસે શેખ હસીનાને સોંપવાની માંગ કરી રહ્યું છે, ત્યારે શેખ હસીનાએ પોતે આવતા મહિને બાંગ્લાદેશ પરત ફરવાની જાહેરાત કરી છે, જેનાથી ત્યાંની સરકાર ચિંતિત છે. દેશની અંદર તેમજ ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. સુરક્ષા અધિકારીઓને આશંકા છે કે હાલમાં ભારતમાં રહેતા અવામી લીગના કેટલાક નેતાઓ અને કાર્યકરો શેખ હસીનાના આગમન પહેલાં અથવા તે સમયગાળા દરમિયાન બાંગ્લાદેશમાં પ્રવેશવાનો પ્રયાસ કરી શકે છે, જેનાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ બગડી શકે છે.



સ્થાનિક સ્તરે સતર્કતામાં વધારો

જેસોર સરહદી વિસ્તારમાં, BGB એ ગેરકાયદેસર સરહદ પાર કરવાની ઘટનાઓને રોકવા માટે સ્થાનિક રહેવાસીઓ અને રાજકીય નેતાઓની મદદ લીધી છે. જેસોરમાં BGB ની 49મી બટાલિયનના કમાન્ડર લેફ્ટનન્ટ કર્નલ ગુલામ મોહમ્મદ સૈફુલ આલમ ખાને જણાવ્યું હતું કે, જે સ્થાનિક લોકો ગેરકાયદેસર પ્રવેશ અંગે માહિતી આપશે તેમને પુરસ્કાર આપવામાં આવશે અને તેમની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક રહેવાસીઓ અને રાજકીય પ્રતિનિધિઓની બનેલી ટીમો રાત્રિના સમયે કાંટાળા તારની સરહદી વાડ પર આવેલા દરવાજાઓ પર નજર રાખી રહી છે, જ્યારે સશસ્ત્ર BGB (બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ) જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા છે. આ બટાલિયન સરહદના 70 કિલોમીટરના વિસ્તારની દેખરેખ રાખે છે, જેમાં લગભગ દર ત્રણ કિલોમીટરે એક 'બોર્ડર આઉટપોસ્ટ' (BOP) આવેલી છે. સાતખીરામાં, BGBની 33મી બટાલિયને સરહદના તેમના 54 કિલોમીટરના હિસ્સા પર 'હાઇ એલર્ટ' જાહેર કર્યું છે.

પેરુમાં 6.9 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ, રાજધાની લીમામાં સંસદ ભવન ખાલી કરાવાયું

(એજન્સી) પેરુ । તા. 21

દક્ષિણ અમેરિકન દેશ પેરુમાં 6.8 થી 6.9 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપના તીવ્ર આંચકા રાજધાની લીમા સહિત દેશના અનેક વિસ્તારોમાં અનુભવાયા હતા, જેના કારણે ગભરાયેલા રહેવાસીઓ પોતાના ઘરો છોડીને સુરક્ષિત સ્થળો તરફ અને શેરીઓમાં દોડી આવ્યા હતા. સાવચેતીના ભાગરૂપે લીમામાં આવેલું સંસદ ભવન પણ તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યું હતું. રાહતની વાત એ છે કે સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિ કે ગંભીર ઈજાના અહેવાલ પ્રાપ્ત થયા નથી. જર્મનીના ભૂસ્તરશાસ્ત્રીય સંશોધન કેન્દ્ર દ્વારા આ ભૂકંપની તીવ્રતા 6.8 નોંધવામાં આવી છે, જ્યારે યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે (USGS) એ તેની તીવ્રતા 6.9 હોવાનું જણાવ્યું છે. પેરુની ભૂસ્તરશાસ્ત્રીય સંસ્થાના અહેવાલ મુજબ, ભૂકંપ દેશના મધ્ય ભાગમાં આવેલી એન્ડીઝ પર્વતમાળાના જુનિન પ્રદેશમાં આવ્યો હતો. USGS ના ડેટા અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ જુનિનથી આશરે 34 કિલોમીટર ઉત્તરમાં અને જમીનની સપાટીથી 108 કિલોમીટર (પેરુ સંસ્થા મુજબ ૧૨૯ કિમી) ની ઊંડાઈએ નોંધાયું હતું. ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે રાજધાની લીમા સુધી તેની અસર વર્તાઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં લોકો ડરના માર્યા પોતાના ઘરોમાંથી બહાર ભાગતા જોવા મળ્યા હતા.

ખાનગી ચેટ વાયરલ થતાં 48 દિવસમાં જ મિસ યુનિવર્સ વિયેતનામનો ખિતાબ છીનવાયો

(એજન્સી) વિયેતનામ। તા. 21

મિસ યુનિવર્સ વિયેતનામ 2026ની વિજેતા ક્વિન્હ એન ગુયેન પાસેથી તેનો ખિતાબ પરત લઈ લેવામાં આવ્યો છે.આયોજક કંપનીએ 18 નવેમ્બરે સત્તાવાર રીતે આ નિર્ણય લીધો હતો. ખાનગી ચેટના સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થવા અને સસ્પેન્શનના નિયમોનું પાલન ન કરવાના આરોપોને કારણે તેમની પાસેથી આ ખિતાબ છીનવી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.ક્વિન્હ એન ગુયેને 2 ઓક્ટોબરે હાઈ ફોંગમાં આયોજિત મિસ યુનિવર્સ વિયેતનામ 2026 સ્પર્ધાનો ખિતાબ જીત્યો હતો. જોકે, તેમની જીતના થોડા દિવસોમાં જ તેઓ વિવાદમાં સપડાઈ ગયાં હતાં.ઓક્ટોબર મહિનામાં ક્વિન્હ અને સ્પર્ધામાં પ્રથમ રનર-અપ રહેલી ટ્રિન્હ માઈ એન વચ્ચેની ખાનગી વાતચીતના સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. આ સ્ક્રીનશોટમાં અન્ય સ્પર્ધકો અને સ્પર્ધા સાથે સંકળાયેલા કેટલાક લોકો વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.આ વિવાદ બાદ સ્પર્ધાની આયોજક કંપની ફાઇવ૬ એન્ટરટેઇનમેન્ટે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. તપાસ બાદ 25 ઓક્ટોબરે ક્વિન્હને છ મહિના માટે સ્પર્ધા સાથે જોડાયેલી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, વિવાદ સામે આવ્યા બાદ વર્તન બદલ માફી પણ માગી હતી. ફાઇવ૬ એન્ટરટેઇનમેન્ટના જણાવ્યા અનુસાર, છ મહિનાના સસ્પેન્શન છતાં ક્વિન્હે કંપનીની મંજૂરી વિના અનેક કાર્યક્રમોમાં હાજરી આપી હતી અને વ્યાવસાયિક આમંત્રણો પણ સ્વીકાર્યાં હતાં.કંપનીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ક્વિન્હે અન્ય એક મેનેજમેન્ટ કંપનીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, આયોજકો સાથે અગાઉથી ચર્ચા કર્યા વિના એક વિશેષ કરારની જાહેરાત પણ કરી હતી.આયોજક કંપનીનું કહેવું છે કે ક્વિન્હની આવી



ઓક્ટોબર મહિનામાં ક્વિન્હ અને સ્પર્ધામાં પ્રથમ રનર-અપ રહેલી ટ્રિન્હ માઈ એન વચ્ચેની ખાનગી વાતચીતના સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા

પ્રવૃત્તિઓને કારણે અનેક પ્રકારની ગેરસમજ ઊભી થઈ હતી અને સ્પર્ધાની છબીને પણ નુકસાન પહોંચ્યું હતું. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને 18 નવેમ્બરે તેમનો ખિતાબ પાછો લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.બીજી તરફ, ક્વિન્હે સંગઠનને જણાવ્યું હતું કે તેમને આરામ કરવાની અને માનસિક સ્વાસ્થ્ય માટે સારવાર લેવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે અગાઉથી નક્કી કરાયેલા કાર્યક્રમો મુજબ કરારની જવાબદારીઓ નિભાવવા માટે તેઓ હાલ સક્ષમ નથી.આમ, મિસ યુનિવર્સ વિયેતનામ 2026નો ખિતાબ જીત્યાના થોડા જ અઠવાડિયામાં ખાનગી ચેટના વિવાદ અને આયોજકો સાથેના મતભેદોને કારણે ક્વિન્હ એન ગુયેન પાસેથી આ પ્રતિષ્ઠિત ખિતાબ છીનવાઈ ગયો છે.

પ્રથમ અશ્વેત સ્પીકર બનવાની રેસમાં સૌથી આગળ હકીમ જેફ્રીસ

સાઉદી અરેબિયા પર હુથીનો મોટો હુમલો

(એજન્સી) રિયાધ । તા. 21

યમનના હુથી આતંકવાદી જૂથ અને સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના ગઠબંધન વચ્ચેનો સંઘર્ષ વકર્યો છે. શનિવારે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ પર હવાઈ હુમલાનો ખતરો તોળાઈ રહ્યો હતો. સાઉદી ગઠબંધને જણાવ્યું હતું કે રિયાધ તરફ છોડવામાં આવેલી ત્રણ બેલેસ્ટિક મિસાઈલોને હવામાં જ અટકાવીને નષ્ટ કરી દેવામાં આવી છે. દરમિયાન, હુથી જૂથે સાઉદી અરેબિયાના વિવિધ વિસ્તારોમાં વળતા હુમલા કરવાનો દાવો કર્યો છે, જેનાથી બંને પક્ષો વચ્ચે તણાવ વધુ વધી ગયો છે. હુમલા પહેલાં, સાઉદી સત્તાવાળાઓએ રિયાધના રહેવાસીઓને સતર્ક રહેવાની સલાહ આપી હતી અને શહેરમાં હવાઈ હુમલાની ચેતવણી (એર-રેડ એલર્ટ) જારી કરવામાં આવી હતી. ત્યારબાદ તરત જ બે વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા, જે પછી ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી. સાઉદી ગઠબંધને બાદમાં પુષ્ટિ કરી કે રાજધાની તરફ આવતી ત્રણ બેલેસ્ટિક મિસાઈલોને હવામાં જ અટકાવીને નષ્ટ કરી દેવામાં આવી છે.



રિયાધમાં હવાઈ હુમલાની ચેતવણી

હુમલા પહેલાં, સાઉદી સત્તાવાળાઓએ રિયાધના રહેવાસીઓને સતર્ક રહેવાની સલાહ આપી હતી. શહેર માટે હવાઈ હુમલાના ખતરા અંગે એક ચેતવણી જારી કરવામાં આવી હતી. તે પછી તરત જ બે વિસ્ફોટો સંભળાયા, જે બાદ ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી. દરમિયાન, હુથી જૂથે દાવો કર્યો છે કે તેમણે રિયાધ સહિત સાઉદી અરેબિયાના અનેક સ્થળોને નિશાન બનાવ્યા છે.

જેદ્દાહ અને લાલ સમુદ્રના બંદરોને નિશાન બનાવવાની ધમકી

હુથીઓએ ચેતવણી આપી હતી કે જો હોદૈદાહ બંદર પર હુમલો કરવામાં આવશે, તો તેઓ સાઉદી અરેબિયાના જેદ્દાહ શહેર અને લાલ સમુદ્ર પર આવેલા અન્ય બંદરોને નિશાન બનાવશે. આ જૂથે રિયાધના નાણાકીય જિલ્લા અને અલ-શુકાઈક સ્થિત પાવર સ્ટેશન પર હુમલો કરવાની પણ ધમકી આપી હતી. હુથીઓના 'માનવીય કામગીરી સંકલન કેન્દ્ર' એ જેદ્દાહ બંદરનો ઉપયોગ કરતી શિપિંગ કંપનીઓ અને અન્ય સંસ્થાઓને ઈમેલ મોકલીને તે વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપી હતી. સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના ગઠબંધનના પ્રવક્તા તુર્કી અલ-માલિકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, હોદૈદાહ બંદર પરના લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા છે; આ બંદરનો ઉપયોગ હથિયારો અને બેલેસ્ટિક મિસાઈલોની દાણચોરી તથા હેરફેર માટે કરવામાં આવતો હતો. ગઠબંધને નાગરિકોને હોદૈદાહ બંદર ખાલી કરી દેવાની ચેતવણી પણ આપી હતી. આ ઘટના બાદ, હુથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયાના બંદરોને નિશાન બનાવવાની પોતાની ધમકીનું પુનરાવર્તન કર્યું હતું.

બ્રેકઅપથી નારાજ પ્રેમીએ પ્રેમિકાનું ઘર સળગાવ્યું

(એજન્સી) મુંબઈ | તા.21

ડોંબિવલીમાં બ્રેકઅપથી નારાજ યુવકે પ્રેમિકાના ઘરમાં આગ લગાવી. યુવતી અને તેના માતા-પિતા બચી ગયા, આરોપી દીપેશ રસ્તોગીની ધરપકડ. મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ડોંબિવલી વિસ્તારમાં બ્રેકઅપથી નારાજ થયેલા એક પ્રેમીએ પ્રેમિકાના ઘરમાં અચાનક આગ લગાવી દીધી હતી. આગ લાગવાની આ ઘટના વખતે યુવતી પોતાના માતાપિતા સાથે ઘરમાં જ હાજર હતી. ઘરની અંદર આગ ફેલાતાં ત્રણેય સભ્યોનો જીવ ગંભીર જોખમમાં મુકાઈ ગયો હતો, પરંતુ તેઓ સમયસર બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. પો આ મતભેદોને કારણે યુવતીએ આ સંબંધનો અંત લાવવાનો નિર્ણય કર્યો હતો. યુવતીએ પોતાના પ્રેમી દીપેશ રસ્તોગીને સ્પષ્ટ જણાવી દીધું હતું કે તે હવે આ સંબંધને આગળ વધારવા માંગતી નથી. પરંતુ પ્રેમિકાનો આ નિર્ણય દીપેશને મંજૂર નહોતો અને તે ભારે નારાજ હતો. આ નારાજગીમાં દીપેશે પ્રેમિકાના ઘરને નિશાન બનાવી તેમાં આગ લગાવી દીધી હતી. ઘરમાં અચાનક આગ ફેલાઈ જતાં અંદર હાજર પરિવારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. તે સમયે યુવતી અને તેના માતાપિતા ઘરમાં જ હાજર હતા અને અચાનક લાગેલી આગથી ત્રણેયનો જીવ જોખમમાં મુકાઈ ગયો હતો. જો


પ્રતીકાત્મક તસ્વીર

માનપાડા પોલીસે કાર્યવાહી કરીને આરોપી દીપેશ રસ્તોગીની ધરપકડ કરી લીધી છે. હવે પોલીસ એ દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે કે શું આરોપી દીપેશનો ઈરાદો માત્ર ઘરમાં આગ લગાવવાનો જ હતો કે પછી તે યુવતી અને તેના માતાપિતા સહિત સમગ્ર પરિવારને જાનમાલનું મોટું નુકસાન પહોંચાડવા માંગતો હતો. માનપાડા પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક સંદીપન શિંદેએ જણાવ્યું

માતાપિતા સહિત ત્રણેયનો ચમત્કારિક બચાવ

હતું કે પોલીસ આ તમામ પાસાઓની ગંભીરતાથી તપાસ કરી રહી છે અને આ સમગ્ર મામલે કાયદેસરની આગળની તપાસ હાલ ચાલુ છે. કે, યુવતી અને તેના માતાપિતા કોઈ રીતે સમયસર ઘરની બહાર નીકળી આવ્યા હતા. ત્રણેય લોકો સુરક્ષિત રીતે બહાર નીકળી જતાં મોટો અકસ્માત ટળી ગયો હતો અને કોઈ જાનહાનિ થઈ નહોતી. આ ઘટનાના પગલે સમગ્ર વિસ્તારમાં પણ ભારે ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતાં જ માનપાડા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. લીસ તપાસમાં સામે આવેલી પ્રાથમિક વિગતો અનુસાર, યુવતી અને આરોપી દીપેશ રસ્તોગી વચ્ચે છેલ્લા 7 થી 8 વર્ષના લાંબા સમયથી પ્રેમ સંબંધ ચાલતો હતો. જોકે, છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે સતત અણબનાવ ચાલી રહ્યો હતો અને વિવાદ વધતો જતો હતો.

વિસાવદર રાજગોર બ્રાહ્મણ સમાજમાં દુઃખદ અવસાન

કિશોર આર. સોલંકી જાફરાબાદ

દુઃખદ અવસાન વિસાવદર નિવાસી જ્યોત્સનાબેન (જીતુબેન) વિઠ્ઠલભાઈ વરડાંગર ઉંમર વર્ષ ૬૬ તે વિઠ્ઠલભાઈ વરડાંગર ના મોટી દીકરી અને શૈલેષભાઈ (ભાણો) ફુટ વાળા અને હીનાબેન બાબરા વાળા ના માતુશ્રી ભીખુભાઈ અને મુકેશભાઈ ફુટ વાળા વિસાવદર દિલીપભાઈ રાણપુર વાળા ના મોટા બેન નુ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ ને શનિવાર નારોજ દુઃખદ અવસાન થયુ છે સદ્ગત નુ બેસણુ તારીખ ૨૩/૧૧/૨૦૨૬ ને સોમવાર નારોજ સાંજે ૩ થી ૬ હનુમાન પરા મારૂતિ નગર સત્તાધાર રોડ વિસાવદર તેમના નિવાસ સ્થાને રાખેલ છે.



વોટ્સએપ પર APK ફાઇલ મોકલી 22000 મોબાઇલમાં ઘૂસણખોરી

નવી દિલ્હી | દિલ્હી પોલીસના વેસ્ટ જિલ્લાની સાયબર ટીમે વોટ્સએપ પર એપીકે ફાઇલ મોકલીને લોકોના ફોનમાં ઘૂસણખોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ચાર રાજ્યોના આઠ જિલ્લામાં 17 સ્થળોએ દરોડા પાડીને 22 આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહી દરમિયાન આરોપીઓના વિવિધ બેન્ક ખાતાઓમાં જમા રહેલા આશરે રૂ. 20 કરોડ જેટલી રકમ પણ ફ્રીઝ કરવામાં આવી છે. દિલ્હી પોલીસના વેસ્ટ જિલ્લાની સાયબર ટીમને છેલ્લા કેટલાક સમયથી સાયબર ઠગાઈ અંગેની સતત ફરિયાદો મળી રહી હતી. આ તમામ મામલાઓની ઊંડાણપૂર્વક તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે એક હજારથી પણ વધુ ફરિયાદોમાં છેતરપિંડીની પદ્ધતિ એકસરખી હતી. ભોગ બનનાર તમામ લોકોને વોટ્સએપના માધ્યમથી એપીકે ફાઇલ મોકલવામાં આવી રહી હતી. આ સમાનતા સામે આવ્યા બાદ પોલીસે તમામ ફરિયાદોનું પરસ્પર ચકાસણી કરી હતી. અને સાયબર આરોપીઓ સુધી પહોંચવા માટે વિશેષ તપાસ શરૂ કરી હતી.

મુંબઈમાં પણ હોબાળો

મેટાની હૈદરાબાદ ઓફિસમાં કોંગ્રેસ કાર્યકરોની તોડફોડ! 7 દિવસનું અલ્ટીમેટમ

(એજન્સી) નવી દિલ્હી | તા.21

ઈન્ડિયન યુથ કોંગ્રેસ (IYC)ના બે મુખ્ય હોદ્દેદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવતા શુક્રવારે તેલંગાણા યુથ કોંગ્રેસના કાર્યકરોએ હૈદરાબાદ સ્થિત મેટા (Meta)ના ઓફિસ પરિસરમાં ભારે હોબાળો મચાવ્યો હતો. પ્રદેશ અધ્યક્ષ જક્કીડી શિવચરણ રેડ્ડીની આગેવાનીમાં કાર્યકરોએ ફૂલના કૂંડા ફેંકીને તોડફોડ કરી હતી અને કેટલીક પોસ્ટ ફરી શરૂ કરવાની માંગ સાથે મેટા તથા કેન્દ્રની ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.વાઇરલ થયેલા વીડિયોમાં વિરોધકર્તાઓ ઓફિસના કોરિડોર અને કેફેટેરિયા વિસ્તારમાં દોડતા તેમજ કૂંડા તોડતા જોવા મળ્યા હતા. અહેવાલો મુજબ, યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચિબ અને રાષ્ટ્રીય પ્રભારી મનીષ શર્માના એકાઉન્ટ પર આ પ્રતિબંધો મૂકવામાં આવ્યા છે.યુથ કોંગ્રેસે 'X' પર એક પોસ્ટ કરીને મેટાને પ્રતિબંધિત એકાઉન્ટ્સ અને પોસ્ટ પુનઃસ્થાપિત કરવા માટે 7 દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. વિરોધકર્તાઓએ મેટા સમક્ષ 4 મુખ્ય માંગણીઓ મૂકી છે

1) છેલ્લા 6 મહિનામાં સરકારના આદેશથી કેટલા ભારતીય એકાઉન્ટ્સ બંધ કરાયા અને કેટલા હજુ બ્લોક છે તે જાહેર કરવું.

2) રાહુલ ગાંધીનો ઉલ્લેખ કરતી કે પીએમ મોદી અને ભાજપની ટીકા કરતી પોસ્ટ ઓટોમેટિક બ્લોક થવાનું કારણ સમજાવવું.

3) વિપક્ષી નેતાઓ, પત્રકારો અને ક્રિએટર્સ પરના ગેરકાયદેસર પ્રતિબંધો હટાવવા.4) ભાજપની સંસ્થાઓને બદલે ભારતના બંધારણનું સન્માન કરવું. જો આ માંગણીઓ નહીં સંતોષાય તો કોર્ટ, રસ્તા અને ઓફિસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.હૈદરાબાદની સાથે જ મુંબઈ યુથ કોંગ્રેસ દ્વારા પણ BKC સ્થિત મેટાની ઓફિસ બહાર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. મુંબઈ યુથ કોંગ્રેસના પ્રમુખ ઝીનત શબરીનના નેતૃત્વમાં કાર્યકરોએ ભાજપ અને આરએસએસ વિરોધી અવાજોને દબાવવાનો આરોપ લગાવ્યો હતો અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવના પોસ્ટર પણ બાળ્યા હતા.બીજી તરફ, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે 'X' પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'વિદેશી કંપનીઓએ આપણા દેશમાં વેપાર કરવો જોઈએ, રાજનીતિ નહીં. દરેક સાથે સમાન વ્યવહાર કરવો એ સારી કંપનીની ઓળખ છે અને સરકારે પણ બિનજરૂરી દબાણ કરીને વિદેશી કંપનીઓના વેપારનું રાજકીયકરણ ન કરવું જોઈએ.'મેટાની ઓફિસમાં થયેલી તોડફોડ બાદ ભાજપ અને તેલંગાણાના વિપક્ષ BRSએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કોંગ્રેસને 'ગુંડાઓની પાર્ટી' ગણાવતા કહ્યું કે, 'આ જ કોંગ્રેસ મોડેલ છે જેમાં ખાનગી કંપનીઓની ઓફિસોમાં તોડફોડ કરીને સોશિયલ મીડિયા પર તેનું પ્રદર્શન કરવામાં આવે છે, જેના કારણે કોંગ્રેસના શાસનમાં ભારત નબળી અર્થવ્યવસ્થા ધરાવતું હતું.'જ્યારે BRS નેતા કે.ટી. રામા રાવે (KTR) પણ કોંગ્રેસના કાર્યકરોને 'ગુંડા' ગણાવતા રાહુલ ગાંધીને સવાલ કર્યો કે, 'શું ભારતમાં કંપનીઓ લાવવાની આ જ રીત છે? દાયકાઓની મહેનતથી બનેલી 'બ્રાન્ડ હૈદરાબાદ' લાખો પરિવારોનું ગુજરાન ચલાવે છે અને મેટાએ સુરક્ષિત વાતાવરણના ભરોસે અહીં ભારતનું સૌથી મોટું કેમ્પસ બનાવ્યું છે.

રામાપીરની ભક્તિ સાથે સેવાકાર્યની સુવાસ : નખત્રાણાના 350 ભૂલકાઓને નાસ્તાનું વિતરણ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે તેરમી પાટકોરીના પાવન અવસરે ધડમવાળા રામદેવપીરના મંદિરના સાનિધ્યમાં યુવાનો દ્વારા સેવાકાર્ય કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ સંકલ્પને સાકાર કરતાં નખત્રાણાનાં 16 આંગણવાડી કેન્દ્રોના આશરે 350 નાના ભૂલકાઓને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્યમાં સજોડિયા ભગત શ્રી શિવજીભાઈ બુધાભાઈ બુચિયા તથા શ્રીમતી સરોજબેન શિવજીભાઈ બુચિયાના હસ્તે નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રખીયા શ્રી ખીમજીભાઈ બુચિયા, કોટવાલ શ્રી નારણભાઈ ઓઢાણા તથા શ્રી ખેતાભાઈ મેરિયાએ નિઃસ્વાર્થ ભાવે સેવા આપી યુવાનોને અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સૌના સહયોગ, માર્ગદર્શન



અને સેવાભાવનાથી આ સેવાકાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. ધાર્મિક આસ્થા સાથે બાળભૂલકાઓના ચહેરા પર ખુશી લાવવાના આ પ્રયાસને સૌએ બિરદાવ્યો હતો.

રામાપીરની ભક્તિ સાથે માનવસેવાનો સંદેશ આપતા યુવાનોનો આ સેવાયજ્ઞ સમાજ માટે પ્રેરણારૂપ બન્યો છે.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ પાલનપુર સ્થિત કલેક્ટર કચેરીના મિટિંગ હોલ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા વિવિધ વિભાગોને પૂછવામાં આવેલા પ્રશ્નો અને તેના સંદર્ભે સંબંધિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા જવાબોની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ રજૂઆતોના અનુસંધાને સંબંધિત વિભાગોના અધિકારીઓ પાસેથી કામગીરીની પ્રગતિનો અહેવાલ મેળવી તેની સમીક્ષા કરવામાં આવી હતી તથા જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે નાગરિકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા માટે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબંધિત વિભાગો વચ્ચે યોગ્ય સંકલન જાળવી કામગીરી સત્વરે પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. બેઠકમાં રોડ-રસ્તા, પાણી પુરવઠો, ચૂંટણી વિભાગ સહિતના વિવિધ વિષયો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સંબંધિત વિભાગોના અધિકારીઓને પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનો ત્વરિત ઉકેલ લાવવા તેમજ વિકાસના કામોમાં જરૂરી કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા ભારપૂર્વક સૂચના આપવામાં આવી હતી.આ બેઠકમાં કાંકરેજના ધારાસભ્યશ્રી અમૃતજી ઠાકોર, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.પી. પટેલ સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

NFR ના RPF દ્વારા આઠ બાળકોને બચાવાયા

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે (NFR) ના રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) મુસાફરોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત સક્રિય છે. 16 થી 18 નવેમ્બર, 2026 દરમિયાન, RPF જવાનોએ કટિહાર, ન્યૂ જલપાઈગુડી અને ગુવાહાટી રેલવે સ્ટેશનો પરથી કુલ આઠ સગીરોને (એક છોકરો અને સાત છોકરીઓ) બચાવ્યા હતા. આ જ સમયગાળા દરમિયાન, RPF ટીમોએ NFR નેટવર્કના વિવિધ રેલવે સ્ટેશનો પરથી અંદાજે 54 લાખની કિંમતનો પ્રતિબંધિત સામાન પણ જપ્ત કર્યો હતો.17 નવેમ્બર, 2026ના રોજ, ગુવાહાટી ખાતેના RPF એ ગુવાહાટી રેલવે સ્ટેશન પરથી ત્રણ સગીર છોકરીઓને બચાવી હતી અને તેમની સુરક્ષિત કસ્ટડી તથા યોગ્ય સંભાળ માટે તેમને 'ગુવાહાટી ચાઈલ્ડલાઈન'ને સોંપી દીધી હતી. તેવી જ રીતે, 16 અને 17 નવેમ્બરના રોજ, કટિહાર RPF એ અલગ-અલગ કાર્યવાહી દ્વારા કટિહાર રેલવે સ્ટેશન પરથી ત્રણ સગીર છોકરીઓ અને એક સગીર છોકરાને બચાવ્યા હતા, અને બાદમાં તેમને 'કટિહાર ચાઈલ્ડલાઈન'ને સોંપ્યા હતા. 18 નવેમ્બરની અન્ય એક ઘટનામાં, ન્યૂ જલપાઈગુડી ખાતેના RPF એ ત્યાંના રેલવે સ્ટેશન પરથી એક સગીર છોકરીને બચાવી હતી અને તેને સુરક્ષિત કસ્ટડી તથા આગળની



જરૂરી કાર્યવાહી માટે 'જલપાઈગુડી ચાઈલ્ડ વેલ્ફેર કમિટી'ને સોંપી હતી.રેલવે નેટવર્ક દ્વારા પ્રતિબંધિત સામાનની હેરફેર રોકવા માટેના એક અલગ અભિયાનમાં, RPF ટીમોએ અગરતલા, લુમડિંગ, ન્યૂ જલપાઈગુડી, દીમાપુર, કામાખ્યા અને કટિહાર રેલવે સ્ટેશનો પર તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન, બે વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી અને 108.9 કિલોગ્રામ ગાંજો તથા દારૂની 423 બોટલો (યુનિટ્સ) જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરાયેલા પ્રતિબંધિત સામાનની કુલ અંદાજિત કિંમત લગભગ 54 લાખ છે. આ પ્રકારની કાર્યવાહી રેલવે પરિસરના દુરુપયોગને રોકવા અને રેલવે નેટવર્ક દ્વારા પ્રતિબંધિત પદાર્થોની હેરફેરને ડામવા માટે RPF ની સતત સતર્કતા દર્શાવે છે. આ સંકલિત કામગીરી સુરક્ષિત રેલ્વે વાતાવરણ સુનિશ્ચિત કરવામાં RPF ની બહુપક્ષીય ભૂમિકા પર ભાર મૂકે છે. બાળ સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં સમયસર હસ્તક્ષેપો કરવાથી સંવેદનશીલ બાળકોનું રક્ષણ કરવામાં મદદ મળે છે, જ્યારે ચાલુ અમલીકરણ પ્રવૃત્તિઓ રેલ્વે પરિસરમાં ગેરકાયદેસર કૃત્યોને રોકવા માટે સેવા આપે છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે મુસાફરોની સલામતીને મજબૂત બનાવવા, સંવેદનશીલ વ્યક્તિઓનું રક્ષણ કરવા અને સ્થાનિક પોલીસ, ચાઈલ્ડલાઈન, બાળ કલ્યાણ સમિતિઓ અને અન્ય સંબંધિત એજન્સીઓ સાથે ગાઢ સંકલન દ્વારા સતત તકેદારી જાળવવા માટે પ્રતિબદ્ધ છે.

માતાને કાંધ આપતી વખતે ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યા CM યોગી



(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.21

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ માટે આજનો દિવસ અત્યંત ભાવુક અને દુઃખદ રહ્યો. શનિવાર, 21 નવેમ્બર 2026ના રોજ હરિદ્વારના ચંડીઘાટ સ્થિત મોક્ષ ધામમાં તેમના માતા સાવિત્રી દેવીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના માતા સાવિત્રી દેવીનો મૃત દેહ હરિદ્વારના ચંડીઘાટ સ્થિત મોક્ષ ધામ ખાતે પંચમહાભૂતમાં વિલીન થયો હતો. શાસ્ત્રોક્ત વિધિ મુજબ તેમના સૌથી નાના દીકરા મહેન્દ્ર સિંહ બિષ્ટે તેમને મુખાગ્નિ આપી હતી. સમગ્ર અંતિમ વિધિ અત્યંત સાદગી અને પારિવારિક પરંપરા મુજબ સંપન્ન કરવામાં આવી હતી. હરિદ્વાર લાવતા પહેલા શનિવારે પૈતૃક ગામ પંચૂર ખાતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતાના માતાને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સમયે તેઓ અત્યંત ભાવુક જોવા મળ્યા હતા અને તેમની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. ત્યારબાદ સીએમ યોગીએ પોતે પોતાના માતાની અર્થીને કાંધ આપી હતી અને અંતિમ યાત્રા હરિદ્વારના ચંડીઘાટ માટે રવાના થઈ હતી. માતાના અંતિમ દિવસો વિશે વાત કરતા નાના ભાઈ મહેન્દ્ર સિંહ બિષ્ટે જણાવ્યું હતું કે સાવિત્રી દેવી છેલ્લા આશરે 1 વર્ષથી બોલી શકતા ન હતા. અવાજ બંધ થઈ જવાને કારણે પરિવારના સભ્યો તેમની સાથે ફોન પર વધુ વાતચીત કરી શકતા ન હતા. આ જ કારણસર પરિવારના સભ્યો હંમેશા તેમની આસપાસ જ રહેતા હતા અને તેમની સતત દેખરેખ રાખતા હતા.

ઉત્તર પશ્ચિમ રેલવેમાં ડબલિંગના કાર્યના કમિશનિંગને કારણે ટ્રેન નંબર 20486 અને 20485 પરિવર્તિત માર્ગે ચાલશે

પશ્ચિમ રેલવે

23 નવેમ્બર થી 20 ડિસેમ્બર 2026 સુધી બંને ટ્રેનોના માર્ગમાં ફેરફાર રહેશે.ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા લૂણી-સમદડી-ભીલડી રેલખંડ પર સતલાણા, ડૂડિયા અને ડુંડારા સ્ટેશનો વચ્ચે ડબલિંગના કાર્યના કમિશનિંગને કારણે નિર્ધારિત સમયગાળા દરમિયાન કેટલીક ટ્રેનોના માર્ગમાં ફેરફાર કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 20486/20485 (સાબરમતી-જેસલમેર-સાબરમતી): તારીખ 23 નવેમ્બર 2026 થી 20 ડિસેમ્બર 2026 સુધી આ ટ્રેનો તેમના નિર્ધારિત માર્ગ વાયા મહેસાણા-ભીલડી-લૂણી માર્ગને બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-પાલનપુર-મારવાડ જંક્શન-લૂણી થઈને ચાલશે.ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચની સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

ઓપરેશન હેલ્થ' હેઠળ હાઈ-વે હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સમાં ફૂડ સેફ્ટી વિભાગની વિશેષ તપાસ ઝુંબેશ

પાલનપુર | રાજ્ય આરોગ્ય મંત્રીશ્રીની સૂચના અનુસાર જાહેર જનતાના સ્વાસ્થ્યની સુરક્ષા અને ખાદ્યપદાર્થોની ગુણવત્તા જાળવવાના હેતુથી રાજ્યવ્યાપી 'ઓપરેશન હેલ્થ' અંતર્ગત તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૬થી હાઈ-વે કોરિડોર પર આવેલી હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સમાં વિશેષ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફૂડ સેફ્ટી વિભાગ, પાલનપુરની ટીમ દ્વારા સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસરો, ફૂડ સેફ્ટી ઓફિસરો તેમજ 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ' વાનની મદદથી સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ વિશેષ ઝુંબેશ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં હાઈ-વે કોરિડોર પર આવેલી કુલ ૪૯ હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને ડેરી પાર્લર સહિતના એકમોની તપાસ અને ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ૨૬ હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સની રૂબરૂ તપાસ કરવામાં આવી હતી, જ્યારે ફૂડ સેફ્ટી વાન મારફતે પણ વિવિધ એકમોમાં ખાદ્યપદાર્થોનું સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ગંદકી અને બિનઆરોગ્યપ્રદ પરિસ્થિતિમાં સંગ્રહિત શંકાસ્પદ જણાયેલા કુલ ૩૧ કિલોગ્રામ ખાદ્યપદાર્થોના જથ્થાનો જાહેર આરોગ્યના હિતમાં સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

ઝુંબેશના ભાગરૂપે તમામ હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને ડેરી પાર્લર સંચાલકોને વેચાણ માટે રાખવામાં આવતા 'આઈસ્ક્રીમ' અને 'ફ્રોઝન ડેઝર્ટ' વચ્ચેનો તફાવત ગ્રાહકો સરળતાથી જાણી શકે તે માટે સરકારશ્રી દ્વારા નિર્ધારિત માહિતીપ્રદ બોર્ડ/પોસ્ટર ફરજિયાત લગાવવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત તમામ ખાદ્યપદાર્થોના વિક્રેતાઓને સ્વચ્છતા જાળવવા, ખાદ્યપદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા તથા ફૂડ સેફ્ટીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવી છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ચાણસ્મા (ધરમોડા) ખાતે તાલીમાર્થીઓ માટે પાંચમો દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો

નિતીન ઠાકર ચાણસ્મા

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ચાણસ્મા (ધરમોડા) ખાતે તાલીમાર્થીઓ માટે પાંચમો દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી જી જી મોદી (નાયબ ઈજનેર, યુજીવીસીએલ, ચાણસ્મા) , શ્રી કુલવિંદર સિંગ (એચ આર હેડ, ઈસ્કોન બાલાજી), યોગેશભાઈ મોદી હાજર રહ્યા હતા. આમંત્રિત મહેમાનો તથા સંસ્થાના પ્રિન્સિપાલ શ્રી પી સી પટેલ સાહેબ દ્વારા પાસ આઉટ તાલીમાર્થીઓ પૈકી પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આવેલ તાલીમાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટ આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા. આમંત્રિત મહેમાનો દ્વારા તાલીમાર્થીઓના



ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવામાં આવેલ હતી.

શ્રમિકોનું કલ્યાણ અને ઔદ્યોગિક વિકાસ રાષ્ટ્રીય પ્રગતિના રથના બે પૈડાં છે

'વિકસિત ભારત' તરફની ભારતની યાત્રામાં શ્રમ સંહિતાઓ (Labour Codes)નો અમલ એક સીમાચિહ્નરૂપ છે: કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયા





(એજન્સી) અમદાવાદ | તા.21

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ અને રોજગાર મંત્રીઓની બે દિવસીય ચિંતન શિબિર આજે ગુજરાતના ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે શરૂ થઈ છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય (MoLE) દ્વારા 21-22 નવેમ્બર 2026ના રોજ આયોજિત આ ચિંતન શિબિર 21 નવેમ્બર 2025ના રોજ લેબર કોડ્સ અમલમાં આવ્યાને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાઈ રહી છે.આ સંમેલનના ઉદ્ઘાટન સત્રની સહ-અધ્યક્ષતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કરી હતી, જેમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (MSME) રાજ્ય મંત્રી સુશ્રી શોભા કરંદલાજે, ઉપરાંત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ, રોજગાર અને ઉદ્યોગ મંત્રીઓ તથા વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા. ઉદ્ઘાટન સંબોધન આપતા, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ શ્રમિકોના કલ્યાણ અને ઔદ્યોગિક વિકાસને રાષ્ટ્રીય પ્રગતિ રથનાં પૈડાં ગણાવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના વિકાસ અને આર્થિક વૃદ્ધિ માટે શ્રમિકોના હિતોનું રક્ષણ કરવાની સાથે ઉદ્યોગોને મજબૂત બનાવવા આવશ્યક છે.વિકસિત ભારત તરફની ભારતની સફરમાં લેબર કોડ્સના અમલીકરણને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવતા કેન્દ્રીય મંત્રીએ નોંધ્યું હતું કે આ કોડ્સ ઉદ્યોગો પર અનુપાલનનો બોજ ઘટાડવાની અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની સાથે લઘુત્તમ વેતન, સામાજિક સુરક્ષાના વિસ્તરણ અને નિશ્ચિત-મુદતની રોજગારી સહિતની અન્ય જોગવાઈઓ સુનિશ્ચિત કરે છે. તેમણે 2014માં 25 કરોડથી વધીને 2026માં 101 કરોડ થયેલા ભારતના સામાજિક સુરક્ષા કવરેજના નોંધપાત્ર વિસ્તરણ તરફ પણ ધ્યાન દોર્યું હતું, જે શ્રમિકોના કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ભારતના કુશળ શ્રમબળની વધતી વૈશ્વિક માંગ અને દેશના વસ્તી વિષયક લાભનો ઉલ્લેખ કરતા, તેમણે યુવાનો માટે આંતરરાષ્ટ્રીય રોજગારીની તકો અને સરહદો પાર ભારતીય શ્રમિકોની ગતિશીલતા પર ચર્ચા-વિચારણા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે તમામ હિતધારકોને દેશના સાત કરોડ શ્રમિકોના કલ્યાણ માટે ટીમ ઇન્ડિયાની ભાવનાથી સામૂહિક રીતે કામ કરવા આહ્વાન કર્યું હતું.

સિટી
એક્સપ્રેસ
SUNDAY 22 NOVEMBER-2026
AHMEDABAD

ડિસમિસ પોલીસકર્મીએ છરીની અણીએ ₹50 લાખની ખંડણી વસૂલી

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર-21 સ્થિત એમએલએ ક્વાર્ટર્સ નજીક સેવાભાવીના સ્વાંગમાં આવેલા શખસે છરીની અણીએ વેપારીનું ક્રેટા કારમાં અપહરણ કરી અમદાવાદની આંગડિયા પેઢીમાંથી 50 લાખની ખંડણી વસૂલી હોવાની ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સસ્પેન્ડેડ પોલીસકર્મી આકાશ લલીતભાઈ પટેલ ઉર્ફે સંજય તરીકે ઓળખ આપનાર અને તેના સાગરીત સંજીવ નામના શખસ વિરુદ્ધ સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

સેક્શન ઓફિસરની બદલી-બઢતીનો આદેશ


ગાંધીનગર | ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સચિવાલયના સેક્શન ઓફિસર વર્ગ-2 સંવર્ગમાં વહીવટી ફેરફાર કરવામાં આવ્યો છે. 21 નવેમ્બર, 2026ના રોજ બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર બે સેક્શન ઓફિસરોની બદલી કરવામાં આવી છે, જ્યારે 64 નાયબ સેક્શન ઓફિસરોને સેક્શન ઓફિસર તરીકે ઈન-સીટુ બઢતી આપવામાં આવી છે.આ આદેશ મુજબ આદિજાતિ વિકાસ વિભાગમાં ફરજ બજાવતા સેક્શન ઓફિસર જિગ્નેશકુમાર ડાહ્યાભાઈ ડામોરની ગુજરાત તકેદારી આયોગમાં બદલી કરવામાં આવી છે.

અમદાવાદના પોશ વિસ્તારમાં 3.30 લાખમાં 1 BHK ફ્લેટ મળશે : 434 મકાન માટે 3 જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકશો, પ્રાઈવેટ જેવી આ સુવિધાઓ

(એજન્સી) અમદાવાદ | તા. 21

દિન પ્રતિદિન શહેરમાં હાઈરાઈઝ બિલ્ડીંગો બની રહી છે અને મકાનો મળવા હવે ખૂબ મોંઘા થઈ રહ્યા છે ત્યારે આર્થિક રીતે નબળા લોકોને ઘરનું ઘર મળી રહે તેના માટે સરકાર દ્વારા આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવી રહ્યા છે. પાંચ વર્ષ પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત બનાવેલા ફ્લેટમાંથી 434 જેટલા ખાલી રહેલા ફ્લેટનો ફરીથી ડ્રો કરી ફાળવવા માટે અરજીઓ મંગાવવામાં આવી છે.

થલતેજ, સોલા, નિકોલ, ઓઢવ, ગોતા, અસલાલી, ચાંદખેડા અને મકરબામાં ઓછી આવક ધરાવનારા લોકો માટે EWS આવાસ યોજનાના ફ્લેટોને મેન્ટેનન્સ સાથે રૂ. 3.30 લાખમાં આપવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકાશે. પ્રાઈવેટ ફ્લેટોની કિંમત કરતા અડધી કિંમતમાં ખાનગી ફ્લેટ જેવી સુવિધાઓ સાથેના EWS પ્રકારના 1 BHK ફ્લેટો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકાન બનાવાયા હતા. શહેરના અલગ અલગ વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવેલા 13,243 મકાનોમાંથી અલગ અલગ 18 જેટલી આવાસ યોજનામાં જે વ્યક્તિને મકાન ફાળવાયું હતું



અને તે લોકો નિયત સમય મર્યાદામાં પૈસા ન ભરનારા અને વેઈટિંગ લિસ્ટ બાદ પણ કોઈ કારણોસર મકાનની ફાળવણી ન કરવામાં આવી હોય એવા કુલ 434 મકાનો ખાલી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વિવિધ વિસ્તારોમાં બનાવેલા મકાનો 28 ચોરસ મીટર કાર્પેટ એરિયા અને બિલ્ટઅપ એરિયા 33થી 35 ચોરસ મીટરનો છે. એક ડ્રોઈંગ રૂમ, બેડરૂમ, કિચન, કોમન ટોઈલેટની સુવિધા છે. દરેક બ્લોકમાં લિફ્ટ બનાવાઈ છે. આંગણવાડી, ગ્રીન એરિયા, બાળકોના રમતગમત માટેનો ગાર્ડન વધારે જ્યાં મકાનો હશે ત્યાં આપવામાં આવશે. વિશાળ પાર્કિંગ તેમજ ફાયર સેફ્ટીની સુવિધા સાથેનાં મકાનો છે. મોટાભાગની આવાસ યોજનાની બહાર દુકાનો આવેલી છે જેથી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પણ લોકોને ઘરની બહાર જ મળી રહેશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બંધ પડેલા ફરીથી ડ્રો કરી ફાળવવામાં આવનાર છે જેમાં વાર્ષિક રૂ. 3, 00,000 સુધીની કુટુંબની સંયુક્ત વાર્ષિક આવક ધરાવનારા લોકો આ મકાનો મેળવી શકશે. નાગરિકો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ https://housingapplicationform.ahmedabadcity.gov.in/ પર ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. માટે 20 નવેમ્બરથી અરજી મંગાવવામાં આવી છે. 3 જાન્યુઆરી 2027 સુધી અરજીઓ કરી શકાશે. મકાન મેળવવા માટે સોગંદનામુ અને ફ્લેટો વિશેની માહિતી માટે બ્રોશર પણ આપવામાં આવ્યું છે. આર્થિક રીતે નબળા વર્ગના લોકો જેઓ ત્રણ લાખથી ઓછી આવક ધરાવે છે તેમણે મકાન મેળવવા માટે વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ફરવાનું રહેશે. અરજદારે અરજી ફોર્મ સાથે ડિપોઝિટની રકમ રૂ. 7500 ભરવાના રહેશે. મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા 20 ટકા રકમ (અરજી સાથે ભરપાઇ કરેલ ડિપોઝીટ બાદ કરતાં બાકીની રકમ) 'ડ્રો'માં સફળ થયા બાદ AMC જણાવે ત્યારે અરજદારે ત્રણ માસમાં અચૂકપણે ભરવાની રહેશે.

ત્યારબાદ બાકી રહેતી 80 ટકા રકમના એકસરખા 10 હપ્તા (અંદાજે એક વર્ષમાં તમામ 80 રકમ થાય તે રીતે) સમયાંતરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમાં કરાવવાના રહેશે. છેલ્લા હપ્તા સાથે મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઇ કરવાના રહેશે. અરજદાર દ્વારા 20 ટકા રકમ જે બેંકમાં ભરેલ હોય તે જ બેંકમાં બાકીના 80 ટકા રકમ ભરવાની રહેશે. મકાનની નક્કી થયેલ પૂરેપૂરી કિંમત ભરપાઇ થયા બાદ જ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ થયેથી અરજદારને તેમને ફાળવવામાં આવેલ મકાનનો કબજો સોંપવામાં આવશે.

કુટુંબના તમામ સભ્યોની મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ. 3 લાખથી ઓછી હોવી જોઇએ. આ યોજના માટે જ્યાં જ્યાં કુટુંબનો ઉલ્લેખ કરાયેલ છે. ત્યાં કુટુંબ એટલે પોતે, પોતાની પત્ની/પતિ, તથા તેમના અપરણીત બાળકો કુટુંબનો પુખ્ત વયનો સભ્ય ભારતદેશમાં પાકુ મકાન કે જમીનનો પ્લોટ ન ધરાવતો હોય તો તેનો વૈવાહિક દરજ્જો ધ્યાને લીધા વગર મકાન મેળવવા હકદાર છે.

PMAY(પ્રધાનમંત્રી આવાસ યોજના)ના ચાર ઘટક જેવા કે AHP (એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ), BLC(બેનીફીશીયરી લીડ કન્સ્ટ્રકશન), CLSS(ક્રેડીટ લીન્ક સબ સીડી), ISSR (ઈન સીટુ સ્લમ રીહેબીલીટેશન)માંથી કોઈપણ એક જ ઘટકમાં સહાય મળવાપાત્ર છે. આ ચાર ઘટક પૈકી કોઈપણ ઘટકમાં તથા મુખ્યમંત્રી ગૃહ યોજના(MMGY)માં લાભ મેળવેલ ન હોય તે જ લોકો મેળવી શકશે. જો આ ચાર ઘટક મારફતે ક્યાંય પણ મકાન મેળવ્યું હોવાનું ધ્યાને આવશે તો મકાનની ફાળવણી કોર્પોરેશન દ્વારા રદ કરવામાં આવશે.

લાભાર્થીને મકાનનું પઝેશન સોંપી દીધા બાદ, મહત્તમ 6 (છ) માસમાં વપરાશ શરૂ કરવાનો રહેશે તથા વપરાશ શરૂ કરવામાં વિલંબ બાબતે આગોતરી જાણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવાની રહેશે. જે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. લાભાર્થીને સોંપણી કરેલા આવાસનો વપરાશ અન્ય ત્રાહિત વ્યક્તિને આપેલ હોવાનું સ્થળ તપાસ દરમ્યાન માલુમ પડશે તો સ્થળે પંચનામું કરી તાત્કાલિક ધોરણે આવાસનો વપરાશ અટકાવી શકશે અને પઝેશન પરત મેળવવાની કાર્યવાહી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે.

'મહેતા પેટ્રોકેમ' કંપનીના માલિક નિર્મલ મહેતાએ બે મહિલાકર્મીની છેડતી કરી...

ઓફિસમાં એકલી પડેલી યુવતીને મકાન-પૈસાની લાલચ આપી દબાણ કર્યું, અન્ય સાથે કારમાં અડપલા કર્યા

(એજન્સી) અમદાવાદ | તા. 21

અમદાવાદ | અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલા 4D મોલમાં 'મહેતા પેટ્રોકેમ' નામની ઓફિસ ધરાવતા નિર્મલ મહેતાએ પોતાની જ કંપનીમાં કામ કરતી મહિલા કર્મચારીની છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ઓફિસમાં યુવતી એકલી હોવાનો લાભ ઉઠાવી આરોપીએ જબરજસ્તી હાથ પકડી બીભત્સ માંગણી કરી હતી. તેમજ પૈસા અને મકાનની લાલચ આપી સંબંધ રાખવા દબાણ કર્યું હતું. આ મામલે મોટેરા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોટેરા સ્થિત 4D મોલમાં આવેલી 'મહેતા પેટ્રોકેમ' ઓફિસમાં યુવતી તેની મિત્ર સાથે નોકરી કરે છે. ગત 18 નવેમ્બરના રોજ બપોરે ચાર વાગ્યાના અરસામાં તેની સહકર્મી બેંકના કામે બહાર ગઈ હતી અને હાઉસકીપિંગ સ્ટાફ રજા પર હતો. આ તકનો લાભ લઈ ઓફિસ માલિક નિર્મલ મહેતાએ ફાઈલ ગોઠવવાના બહાને યુવતી પાસે આવી તેનો હાથ પકડી મિત્રતા રાખવા દબાણ કર્યું હતું. યુવતીએ હાથ છોડાવી લેવા છતાં આરોપીએ ફરીથી જબરજસ્તી હાથ પકડી હગ અને કિસ કરવાની બીભત્સ માંગણી કરી હતી. તેમજ પતિ સાથે છૂટાછેડા લઈ અલગ મકાન અને પૈસાની લાલચ આપી સંબંધ રાખવા દબાણ કર્યું હતું. આ ઘટનાથી ડરી ગયેલી યુવતીએ બીજા દિવસે પોતાની સહકર્મીને સમગ્ર હકીકત જણાવતા ચોંકાવનારો ખુલાસો થયો હતો. સહકર્મી યુવતીએ જણાવ્યું કે, દિવાળીના થોડા દિવસ પહેલાં ઓફિસના કામે ગાંધીનગર કોર્ટ જતી વખતે નિર્મલ મહેતાએ ચાલુ કારમાં તેને પણ પૈસાની લાલચ આપી અડપલાં કર્યા હતા. સમાજમાં બદનામીના ડરથી બંને યુવતી અત્યાર સુધી ચૂપ રહી હતી, પરંતુ આરોપી દ્વારા ફરીથી દબાણ કરાતા આખરે બંનેએ પરિવારજનોને જાણ કરી મોટેરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધ્યો, તાપમાન સામાન્ય કરતાં 4-5° નીચું : અમરેલી 11.4 ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર, માઉન્ટ આબુમાં તાપમાન શૂન્ય ડિગ્રી સેલ્સિયસ

(એજન્સી) ગુજરાત | તા. 21

ગુજરાતમાં ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાવાના કારણે છેલ્લા બે દિવસથી શિયાળાની ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં 5 ડિગ્રી સુધી નીચું ગગડ્યું છે. સમગ્ર રાજ્યમાં અમરેલી 11.4 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડું શહેર નોંધાયું છે, જ્યાં પારો સામાન્ય કરતાં 5 ડિગ્રી નીચો રહ્યો છે. ત્યારબાદ કચ્છના નલિયામાં 11.8 ડિગ્રી (સામાન્ય કરતાં 3.6 ડિગ્રી નીચું) અને પાટનગર ગાંધીનગરમાં 12 ડિગ્રી (સામાન્ય કરતાં 4.3 ડિગ્રી નીચું) તાપમાન નોંધાતા વહેલી સવારે અને મોડી રાત્રે કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

સૌરાષ્ટ્ર અને મધ્ય-દક્ષિણ ગુજરાતના અન્ય શહેરોમાં પણ ઠંડીનું જોર વધ્યું છે. રાજકોટમાં 13.2 ડિગ્રી (સામાન્ય કરતાં 4.7 ડિગ્રી નીચું), વડોદરામાં 13.4 ડિગ્રી (સામાન્ય કરતાં 4.3



ડિગ્રી નીચું) અને પોરબંદરમાં 14 ડિગ્રી (સામાન્ય કરતાં 5 ડિગ્રી નીચું) લઘુત્તમ તાપમાન નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદમાં 16 ડિગ્રી (સામાન્ય કરતાં 0.7 ડિગ્રી નીચું) અને સુરતમાં 16.6 ડિગ્રી (સામાન્ય કરતાં 2.9 ડિગ્રી નીચું) લઘુત્તમ તાપમાન રહેતા શહેરીજનો ગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

ગુજરાતના પાસેના પ્રવાશન સ્થળ હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં આજે લઘુત્તમ તાપમાન હિમબિંદુ એટલે કે શૂન્ય ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું. આ કારણે આજે ઠંડીમાં વધારો થયો છે. ઠંડી હવાના કારણે સવાર-સાંજ ઠંડીમાં વધારો થયો છે. લોકો હવે ઘરની બહાર ગરમ કપડાં પહેરીને નીકળવા લાગ્યા છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી એક સપ્તાહ સુધી આકાશ સ્વચ્છ રહેવા અને આવી જ ઠંડી રહેવાની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, ઉત્તર-પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. લઘુત્તમ તાપમાનની આગાહી મુજબ, આગામી 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદ સમગ્ર પ્રદેશમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ વધારો થવાની શક્યતા છે. અમદાવાદ શહેર માટે આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની શક્યતા છે અને લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી રહેવાની સંભાવના છે.

રાજ્યમાં શિયાળાની સિઝન દરમિયાન ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં સરેરાશ લઘુતમ તાપમાન 12 ડિગ્રી રહે છે. સરકારના ક્લાઈમેટ ટ્રેકર ડેટા મુજબ, 2030 સુધીમાં આ સરેરાશ લઘુતમ તાપમાન 1થી 2 ડિગ્રી વધવાનુ અનુમાન છે અને ઠંડીના દિવસો પણ ઘટવાનું અનુમાન કરાયું છે. આ અસર 21મી સદીના અંત સુધીમાં શિયાળાનું સરેરાશ લઘુતમ તાપમાન 20 ડિગ્રીએ પહોંચવાનું અનુમાન કરાયું છે.


ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો: હાલમાં ગુજરાત તરફ નીચલા સ્તરે ઉત્તર-પૂર્વ દિશામાંથી સૂકા અને ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે.

સોલામાં મેડિકલની વિદ્યાર્થિનીને પતિના મિત્રએ જ બાથમાં ભીડી લીધી
ઈન્સ્ટાગ્રામ પર બીભત્સ ફોટો-વીડિયો મોકલ્યા, પાકીટ લેવાના બહાને ઘરમાં ઘૂસી કપડા ફાડી જબરજસ્તી કરી

(એજન્સી) અમદાવાદ | તા. 20

અમદાવાદ | અમદાવાદના સોલા વિસ્તારમાં રહેતી અને મેડિકલનો અભ્યાસ કરતી 21 વર્ષીય પરિણીતાની તેના જ પતિના મિત્રએ છેડતી કરી હોવાની ઘટના સામે આવી છે. આરોપીએ પહેલા ઈન્સ્ટાગ્રામ પર પોતાના બીભત્સ વીડિયો મોકલ્યા હતા અને ત્યારબાદ પાકીટ ભૂલી જવાના બહાને ઘરે જઈ યુવતીના કપડાં ફાડી જબરજસ્તી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે યુવતીએ સોલા પોલીસ સ્ટેશનમાં છેડતી અને આઈટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

શહેરના સોલા વિસ્તારમાં રહેતી યુવતી સાસરીમાં રહે છે અને મેડિકલનો અભ્યાસ કરે છે. યુવતીનો પતિ તેમના મિત્ર સાથે બહાર ગયો હતો અને બાદમાં મિત્રએ લઈને ઘરે આવ્યો



હતો. આ દરમિયાન યુવતી સૂઈ ગઈ હતી. યુવતી ઉઠી ત્યારે યુવતીના ફોનમાં પતિના મિત્રના મેસેજ હતા. પહેલા આરોપીએ મેસેજ કર્યો કે, હું તમારા ઘરે આવ્યો છે, જે બાદ ઘરના ફોટો મોકલ્યા હતા. આરોપીએ બાથરૂમમાં જઈને પોતાના બીભત્સ ફોટો-વીડિયો લઈને પરિણીતાને મોકલ્યા હતા. યુવતીએ ગભરાઈને આ મેસેજ તરત જ ડિલીટ કરી દીધા હતા.

ત્યારબાદ આરોપીએ યુવતીને મેસેજ કરી પોતાનું પાકીટ ઘરે ભૂલી ગયો હોવાનું જણાવ્યું હતું. યુવતીએ પાકીટમાં રહેલા પૈસા ઓનલાઈન ટ્રાન્સફર કરી આપવાની વાત કરી હતી, પરંતુ આરોપીએ ના પાડી ઘરે આવવાનું કહ્યું હતું. આરોપી ઘરે પહોંચતા યુવતીએ દરવાજો ખોલ્યો કે તરત જ તેણે યુવતીને બાથમાં ભીડી લીધી હતી અને ટી-શર્ટ ફાડી જબરજસ્તી કરી હતી. યુવતીએ બૂમાબૂમ કરી મૂકતા આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો, જે અંગે સોલા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદના 14 બ્રિજનું 'સ્વાસ્થ્ય' ચકાસવા 13 પ્રકારના સેન્સર લગાવાશે, 50 કરોડનો ખર્ચ કરાશે

(એજન્સી) અમદાવાદ | તા. 21

સુભાષ બ્રિજમાં તિરાડો પડવાની ગંભીર ઘટના બાદ અમદાવાદ શહેરના વર્ષો જૂના અને જર્જરિત બ્રિજની સુરક્ષા સામે અનેક સવાલો ઊભા થયા હતા. આ ઘટનાના એક વર્ષ બાદ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સફાળું જાગ્યું છે અને 'બ્રિજ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમ' વિકસાવવાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત રૂ. 50 કરોડના ખર્ચે આશરે 14 જેટલા બ્રિજ પર હવા, પાણી, ભેજ, ભૂકંપના આંચકા, વાઈબ્રેશન વગેરે માપવા સેન્સર લગાવવામાં આવશે.

અમદાવાદમાં બ્રિજની નિયમિત ચકાસણીમાં પોલમપોલ ચાલતી હોવાની ફરિયાદો વારંવાર ઊઠતી રહી છે. સુભાષ બ્રિજ તોડી પાડવાની નોબત આવી ત્યાં સુધી તંત્રને તેની જર્જરિત હાલત વિશે કોઈ અંદાજ સુદ્ધાં નહોતો. આ મુદ્દે ભારે વિવાદ સર્જાયા બાદ મ્યુનિસિપલ તંત્રએ હવે પરંપરાગત મેન્યુઅલ ઈન્સ્પેક્શનને બદલે સેન્સર આધારિત મોનિટરિંગ સિસ્ટમ અપનાવવાનો નિર્ણય લીધો છે.

મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદથી બરૌની વચ્ચે સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

(એજન્સી) અમદાવાદ | તા. 21

મુસાફરોની સુવિધા માટે ટ્રેનોમાં થતી વધારાની ભીડને ઓછી કરવાના હેતુથી ટ્રેન નંબર 05225/05226 બરૌની-અમદાવાદ-બરૌની સ્પેશિયલ ટ્રેનનું સંચાલન કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર 05225 બરૌની-અમદાવાદ સ્પેશિયલ તારીખ 22 નવેમ્બર 2026 (રવિવાર) ના રોજ બરૌનીથી રાત્રે 23:00 વાગ્યે ઉપડશે અને 24 નવેમ્બર 2026 (મંગળવાર) ના રોજ સવારે 10:00 વાગ્યે અમદાવાદ પહોંચશે.

તેવી જ રીતે, ટ્રેન નંબર 05226 અમદાવાદ-બરૌની સ્પેશિયલ તારીખ 24 નવેમ્બર 2026 (મંગળવાર) ના રોજ અમદાવાદ થી બપોરે 13:00 વાગ્યે ઉપડશે અને 26 નવેમ્બર 2026 (ગુરુવાર) ના રોજ રાત્રે 03:00 વાગ્યે બરૌની પહોંચશે.

આ સ્પેશિયલ ટ્રેનને બંને દિશામાં સમસ્તીપુર, મુઝફ્ફરપુર, હાજીપુર, સોનપુર, પાટલીપુત્ર, દાનાપુર, આરા, બક્સર, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, પ્રયાગરાજ છિક્કી, માણિકપુર, સતના, કટની મુડવારા, દમોહ, બીના, વિદિશા, સંત હિરદારામ નગર, ઉજ્જૈન, નાગદા, રતલામ, દાહોદ, ગોધરા, છાયાપુરી અને આણંદ સ્ટેશનો પર સ્ટોપેજ આપવામાં આવશે.

આ સ્પેશિયલ ટ્રેનમાં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન નંબર 05226 માટેનું રિઝર્વેશન 22 નવેમ્બર 2026 ના રોજ સવારે 08:00 વાગ્યાથી તમામ મુસાફર આરક્ષણ કેન્દ્રો પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચની સંરચના અંગેની વિસ્તૃત માહિતી માટે મુસાફરો ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

શહેરના રિલીફ રોડ પરથી એમડી-ચરસ સાથે શખસ ઝડપાયો
કારંજ અને ફતેવાડીના બે સપ્લાયર વોન્ટેડ, છૂટક વેચાણ માટે લાવ્યો હોવાની આરોપીની કબૂલાત

(એજન્સી) અમદાવાદ | તા. 20

અમદાવાદ | અમદાવાદ શહેરના રિલીફ રોડ પર રતનપોળ સામે મૂર્તિમંત કોમ્પલેક્ષની બાજુમાં જાહેર રોડ પરથી SOG ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને શખને 4.30 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ અને 2.720 ગ્રામ ચરસ સાથે ઝડપી પાડ્યો. આરોપી આ નશીલો પદાર્થ છૂટકમાં વેચાણ કરવા લાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી.

SOG ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે, દરિયાપુર પ્રેમ દરવાજા અંદર રહેતો નાસીરખાન પઠાણ રિલીફ રોડ પર રતનપોળ સામે મૂર્તિમંત કોમ્પલેક્ષની આજુબાજુ ગેરકાયદે નશીલા પદાર્થનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી શંકાસ્પદ હિલચાલ ધરાવતા નાસીરખાન પઠાણને કોર્ડન કરી લીધો હતો.

તેની તલાશી લેતા ખિસ્સામાંથી મેફેડ્રોન અને એક બેગમાં ચરસનો જથ્થો મળી આવ્યો હતો. જેથી 680નું ચરસ અને 13 હજારનું એમડી ડ્રગ્સ સાથે મળીને પોલીસે 33,580નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ જથ્થો કારંજના ઈબ્રાહિમ પાપા પાસેથી



તથા ફતેવાડીના મહમદ પાસે ખરીદીને છૂટકમાં વેચાણ કરવાનો હોવાનું આરોપીએ જણાવ્યું હતું.

બ્રિજની કામગીરીને લઈ RTO સર્કલ પાસેનું BRTS બસ સ્ટેન્ડ દૂર કરાયું, બસો સુભાષબ્રિજ સર્કલ ફરીને આવશે
હવે મુસાફરોને નવા RTO બિલ્ડિંગ પાસે ઊભું રહેવું પડશે

(એજન્સી) અમદાવાદ । તા. 21

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી સ્થિત ચીમનભાઈ પટેલ બ્રિજને પહોળો કરવા અને સુભાષબ્રિજ તરફ નવી પાંખ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આરટીઓ સર્કલથી પ્રબોધ રાવલ બ્રિજ સુધી બ્રિજની કામગીરી થવાની હોવાથી RTO સર્કલ પાસેનું BRTS બસ સ્ટેન્ડ દૂર કરવામાં આવ્યું છે. આગામી છ મહિના સુધી આ કામગીરી ચાલવાની હોવાથી મુસાફરોની સુવિધા માટે નવી RTO બિલ્ડિંગના ગેટ નજીક કેબિન બસ સ્ટેન્ડ ઊભું કરવામાં આવ્યું છે.

BRTS વિભાગનો હવાલો સંભાળતા રાહુલ શર્માએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, બ્રિજ પ્રોજેક્ટ વિભાગની જાણ બાદ RTO સર્કલનું બસ સ્ટેન્ડ દૂર કરાયું છે. હવે ચાંદખેડા-ઝુંડાલ તરફથી આવતી BRTS બસો ચીમનભાઈ પટેલ બ્રિજ ઉતરી, સુભાષબ્રિજ સર્કલ વળીને નવી RTO બિલ્ડિંગના ગેટ નજીક બનાવેલા કેબિન બસ સ્ટેન્ડ પાસે ઊભી રહેશે.

જોકે, કાયમી બસ સ્ટેન્ડ ન હોવાથી આગામી છ મહિના મુસાફરોએ તડકામાં રોડ પર ઊભા રહેવાની



ફરજ પડશે. બ્રિજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, હાલમાં સ્થળ પર યુટિલિટી તપાસવાની કામગીરી ચાલી રહી છે અને બ્રિજને કારણે RTO સર્કલ નાનું કરવામાં આવશે. નવો બ્રિજ તૈયાર થયા બાદ અખબારનગર તરફ જનારા વાહનચાલકો સીધા જઈ શકશે, જ્યારે સુભાષબ્રિજ અને RTO તરફ જનારા વાહનચાલકો માટે અલગથી પાંખ બનાવવામાં આવી રહી હોવાથી ટ્રાફિકની સમસ્યા હળવી થશે. નવો બ્રિજ તૈયાર થઈ ગયા બાદ મુસાફરોને BRTS અને AMTS બસોની સુવિધા મળી રહે તે માટે ખાસ આયોજન કરાયું છે. બસો સીધી અખબારનગર તરફ જવાને બદલે બ્રિજ પરથી સુભાષબ્રિજ તરફ જઈ સર્કલ વળશે.

તંત્ર દ્વારા સુભાષબ્રિજ પાસે નવું બસ સ્ટેન્ડ બનાવવાની વિચારણા હાથ ધરાઈ છે, તેમજ RTO સર્કલ પાસે બ્રિજની નીચે નવું BRTS બસ સ્ટેન્ડ તૈયાર કરવામાં આવશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...